પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૩૧ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# आधारचक्रं प्रबन्धम् ।




नमः सिद्धंतस्साणिद्धे
चउदलिआहार चक्कक(ॐ) मज्झठिओ ।
पणवो परमिट्ठिमओ
पणतत्तगुओ सुहं देउ ॥

: અર્થ :

મૂળાધાર ચક્રનાં ચાર પત્રો છે, તે
'નમઃ સિદ્ધમ્'ના ચાર અક્ષરોથી સમૃદ્ધ છે અને
કર્ણિકામાં પ્રણવ (ૐકાર),
જે પરમેષ્ઠિના પાંચ વર્ણ (પ્રથમાક્ષર)થી બનેલ છે,
તેનું ધ્યાન સુખ આપનારું થાય છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૩૧ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 31**

May 2020
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust

Mumbai / Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156

☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# પરમાત્માના સાન્નિધ્યની ઑરામાં પ્રવેશનો આનંદ



પૂજ્ય સાહેબજી એટલે ૨૦મી સદીના મહાન અધ્યાત્મયોગી પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય! એમનું હૃદય આત્મદ્રવ્યની વિચારણાથી કેવું તો એકરસ બન્યું હશે કે જ્યારે જ્યારે પરમાત્માના સાન્નિધ્યમાં - તેઓની ઑરામાં પ્રવેશ કરવાનો થયો, ત્યારે ત્યારે તેમને જીવ પ્રત્યે સ્નેહપરિણામની અનુભૂતિ થઈ.

એક દિવસ સાહેબજી પાટણમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથપ્રભુના સાન્નિધ્યમાં હતાં, ત્યાં એમને એક મહાન વસ્તુ મળી, જે હતી સર્વ જીવરાશિ પ્રત્યેનો સ્નેહપરિણામ. જે સ્નેહપરિણામથી દ્વેષપરિણામ અને દ્વેષપરિણામને પેદા કરનાર, પોતાના એકલાના જ સુખ પ્રત્યેનો રાગપરિણામ તથા બંનેના મૂળરૂપ અજ્ઞાન અને મોહના પરિણામ સમૂલા નાશ પામે છે, તેવી અનુભૂતિ થઈ. અજ્ઞાનના પરિણામ, સ્વ ને પરની સાચી ઓળખાણ થવા દેતા નથી અને મોહના પરિણામ વિપરીત ઓળખાણ કરાવે છે.

સર્વના સુખમાં જ સ્વનું સુખ છુપાયેલું છે અને સર્વ નિરપેક્ષ એવા સ્વસુખના વિચારમાં કેવલ દુઃખ છુપાયેલું છે, આ એક પ્રકારનો મોહપરિણામ છે. તેના કારણે ઉત્પન્ન થતો કેવળ સ્વસુખના જ એક રાગનો પરિણામ અને તેમાંથી ઉત્પન્ન થતો બીજા જીવો પ્રત્યેનો દ્વેષનો પરિણામ સર્વ જીવરાશિ પ્રત્યેના સ્નેહપરિણામથી વિલય પામીને, આત્મા રાગ-દ્વેષ-મોહથી વિમુકત બનીને, સર્વજ્ઞ-સર્વદર્શી-અનંત શક્તિમાન શુદ્ધ-બુદ્ધ-મુકત-સિદ્ધપરિણામ પામે છે.

સ્નેહ એ આત્મસમદર્શિત્વરૂપ, પરમાત્મસમદર્શિત્વરૂપ અને સર્વાત્મસમદર્શિત્વરૂપ છે.

આવા ભાવો આત્મચિંતનસ્વરૂપે અનુભવરૂપ વારંવાર બનતા રહે, તે વખતે પૂજ્યશ્રીના અધ્યવસાયોની શુદ્ધિ કેટલી ઉચ્ચ હશે! તે અધ્યવસાયો સ્વ-પરને આજે ય કેવી અસર કરે છે, તેનો એક અદ્‌ભૂત અનુભવ, બહુમાન ઉપજાવે તેવા એક પત્રના ભાવો થકી જાણવામાં આવ્યો છેઃ

'...અમારા સાધક મહાત્માએ આટલી મોટી ઉંમરે સેવા-ભક્તિ કરવાની સાથે સાથે પ્રસન્નતાપૂર્વક જે આટલો જાપ કર્યો, એ બધો જ પ્રભાવ પૂજ્યપાદ્‌ સાહેબજી શ્રી ભદ્રંકરવિજયજી - પૂજ્ય પંન્યાસજી મહારાજનો છે. એ મહાપુરૂષે એમની સાધના દ્વારા આ વર્તમાન જગત ઉપર અસીમ ઉપકાર કર્યો છે. જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ અને પ્રભુઆજ્ઞા પ્રત્યે અતિશય બહુમાનવાન હતા તેઓ. જગતના જીવમાત્રને મૈત્રી-પ્રમોદ-કરૂણા-માધ્યસ્થભાવથી નિહાળનારા મહાપુરૂષના એ આત્માને અનંત વંદના. 'પારસમણિ' અને 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' અહીં મારી પાસે જ છે, જે આ જગતના ઉત્તમ જવાહીર છે.'

આવા આત્મોપકારી ચિંતનોની ડાયરીઓના જીર્ણ-શીર્ણ પાનાંઓ જ્યારે વિશેષ સ્વરૂપને ધારણ કરીને આરાધકો - સાધકોના કરકમલો સુધી પહોંચી રહ્યા છે, તેમાં આ ગ્રંથશ્રેણીના દર અંકે જેમના ગુણો તથા કાર્યોની ઉપબૃંહણા કરતા રહી ન શકાય, તેવા અમારા પરમ ગુરુભક્ત **સી.કે.મહેતા**ની અજબની આર્થિક ઉદારતા દેશ-પરદેશ એમ ચોમેર અત્યંત પ્રશસ્ય બની છે.

ઉપરાંત રાજકોટ નિવાસી તથા નમસ્કાર મહામંત્રના ઉપાસક શ્રી શશીકાંતભાઈના પુત્રવધુ એવં દેવ-ગુરુ પ્રત્યેની અનન્ય નિષ્ઠા સાથે ધર્મ પ્રત્યે સમર્પિત આત્મા એવા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની આ ગુરુભક્તિસ્વરૂપ સાહિત્યની ઉપાસનાનું સુફળ એટલે આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર', જે ૩૧મા ભાગ સ્વરૂપે આજે આપણા સૌના હાથમાં રમી રહ્યું છે, એનો હર્ષ છે.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

મે, ૨૦૨૦









શારદાસુપ્રસાદેન, કાવ્યં કુર્વન્તિ માનવાઃ ।
તસ્માન્નિશ્ચલભાવેન, પૂજનીયા સરસ્વતી ॥
સરસ્વતી મયા દૃષ્ટા, દેવી કમલલોચના ।
હંસયાનસમારૂઢા, વીણાપુસ્તકધારિણી ॥

# 'નમો' ભાવની મહત્તા

'નમો' વડે હું પરમાત્માનું સ્મરણ કરું છું,
કીર્તન કરું છું, વંદન કરું છું, પૂજન કરું છું,
પ્રીતિ કરું છું, ભક્તિ કરું છું, આજ્ઞાને શિરોધાર્ય કરું છું,
આસંગભાવે તેમની સાથે મળી જાઉં છું.
સ્મરણ - કીર્તનાદિ દ્રવ્યસંકોચરૂપ છે,
આજ્ઞાપાલન અને શરણાગતિ તે ભાવસંકોચ છે.
'નમો' વડે ઉભય પ્રકારના સંકોચ અનુભવાય છે.
'નમો' વડે કેવળ આત્મતત્ત્વના વિકાસને ઇચ્છાય છે.
'નમો' પ્રીતિરૂપ-ભક્તિરૂપ-વચનરૂપ-અસંગરૂપ છે.
'નમો' એ ઇચ્છારૂપ-પ્રવૃત્તિરૂપ-સ્થૈર્યરૂપ-સિદ્ધિરૂપ છે.
નમોમાં ભક્તિના સર્વ પ્રકાર અંતર્ગત થઈ જાય છે.
દ્રવ્યપૂજા અને ભાવપૂજાના સર્વ પ્રકારો પણ
આ 'નમો' મંત્રમાં સમાઈ જાય છે.

અરિહંતને નમસ્કાર, સિદ્ધને નમસ્કાર, આચાર્યને નમસ્કાર, ઉપાધ્યાયને નમસ્કાર તથા સર્વ સાધુને નમસ્કાર એ આત્માની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓને નમસ્કાર છે. સાધુ નમસ્કાર એ છઠ્ઠા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધીની અવસ્થાને નમન છે,

અરિહંત નમસ્કાર તેરમા ગુણસ્થાનકને નમન છે
અને સિદ્ધ નમસ્કાર ચૌદમા ગુણસ્થાનકને નમન છે.
તત્ત્વથી તે તે અવસ્થાઓમાં આત્માનુભવથી પરિણમન
થાય છે. આત્માની તે વિશુદ્ધ અવસ્થાઓનું પરિણમન
બાહ્યભાવોની સાથેની અહંતા - મમતાનો નાશ કરે તથા
આંતરભાવો સાથે મમતા - સમતા ભાવને પેદા કરે છે.
સંક્ષેપમાં જોઈએ તો...

નમસ્કાર એ અહંતા - મમતાનો નાશક છે તથા
નિર્મળતા અને સમતાનો ઉત્પાદક છે.

સમતા સમાધિસ્વરૂપ છે અને મમતા સંક્લેશરૂપ છે.
સંક્લેશને ટાળીને સમાધિને સાધી આપનાર નમસ્કાર
સર્વ અવસ્થાઓમાં કર્તવ્ય છે.

પ્રથમ ગુણસ્થાનકે કરેલ નમસ્કાર મિથ્યાત્વનો નાશ કરે,
ચોથે ગુણસ્થાનકે કરેલો અવિરતિનો નાશ કરે છે,
છઠ્ઠે ગુણસ્થાનકે કરેલો નમસ્કાર પ્રમાદનાશક બને છે.
ઉપરના ગુણસ્થાનકોએ તે તે નમસ્કાર સ્વભાવના
પરિણમનરૂપ બની જાય છે, તેથી તે અસંગસ્વરૂપ છે.

જેહ ધ્યાન અરિહંત કો, તેહી જ આતમધ્યાન,
ફેર કછુ ઈણમેં નહીં, એહી જ પરમ નિધાન. ...(૨)

ષડ્જીવનિકાયનું ભેદનયથી શ્રદ્ધાન એ જ સમ્યક્ત્વ છે,
તેમ અભેદનયથી ચૈતન્યસ્વરૂપે
અસ્તિત્વનું શ્રદ્ધાન પણ સમ્યક્ત્વ છે.

સર્વ જીવોને પરસ્પર સામાન્યથી અભેદ સંબંધ છે, માટે જ પરસ્પર ગુરૂ-શિષ્યાદિના વિશેષ સંબંધમાં આવવાથી અનુગ્રહ આદિ અનુભવાય છે. સામાન્ય-વિશેષ ઉભય સંબંધથી જીવતત્ત્વનું પરસ્પર અનુગ્રહ અને નિગ્રહાત્મક સ્વરૂપ જાણવામાં આવે છે, ત્યારે જ ભાવથી અહિંસાદિ ધર્મોની ઉત્પત્તિ થાય છે. એ જ અહિંસા તેમ ભક્તિ પણ આ સંબંધના જ્ઞાન ઉપર જ આધારિત-નિર્ભર છે.

પર્યાયમાં અનુસ્યૂત દ્રવ્ય છે, દ્રવ્યમાં અનુસ્યૂત ગુણ છે,
ગુણમાં અનુસ્યૂત જ્ઞાન છે અને
જ્ઞાનમાં અનુસ્યૂત આનંદ છે.

દ્રવ્ય સામાન્ય વૃદ્ધિકારક છે, ગુણ સામાન્ય અસ્તિત્વકર
અને પર્યાય સામાન્ય ઉત્કટતાકૃત છે.

એ રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાયથી પરમાત્માનું ધ્યાન એ આત્માનું જ ધ્યાન છે અને એ રીતે થતું આત્મધ્યાન વૃદ્ધિકારક, અસ્તિત્વકર, ઉત્કટતાકૃત હોવાથી
અનંત સમતાને અર્પનારું થાય છે.

સમતા, સમભાવ, સમાનબુદ્ધિ વગેરે એકાર્થક છે.
મોક્ષનું અનંતર કારણ સમતા છે. તે મોક્ષનું ભાવલિંગ છે.
તે સમતા આત્મધ્યાનથી પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે:

न साम्येन विना ध्यानं न ध्यानेन विना च तत् ।
निष्कंपं जायते यस्मात् द्वयमन्योन्यकारणं तत् ॥१॥

સમતા વિના આત્મધ્યાન નહિ અને
આત્મધ્યાન વિના નિષ્કંપ સમતા નહિ.

અહિં સમતાભાવમાં નિશ્ચલતા પ્રાપ્ત થતી નહિ, તેથી 'ધ્યાનનું કારણ સમતા અને સમતાનું કારણ ધ્યાન છે'
એમ પરસ્પર કાર્ય-કારણભાવ પામીને
ધ્યાનની અને સમતાની વૃદ્ધિ થાય છે.

આત્મધ્યાન દ્રવ્યથી ઘણું વૃદ્ધિકર છે (ભાવવૃદ્ધિ કરે છે),
ગુણથી ઘણું (ભાવનું) એકત્વકર છે અને
પર્યાયથી ઘણું (ભાવથી) ઉત્કટતાકર છે.

ઉત્કટતા, એકતા અને વૃદ્ધિ જ્યારે સમકાળે મળે છે, ત્યારે સમતા સ્થિર બને છે. સ્થિર સમતા દ્રવ્યોની અનંતતા, ગુણોની એકતા અને પર્યાયોની ઉત્કટતાના ભાન ઉપર અવલંબે છે, તેથી સમતાના અર્થી જીવોએ પરમેષ્ઠિ નમસ્કાર દ્વારા અનુક્રમે થતી વૃદ્ધિ, એકતા અને ઉત્કટતાનો ધ્યાનમાં અનુભવ લેવો જોઈએ.

ધ્યાનમાં પરમેષ્ઠિઓના શુદ્ધ આત્મદ્રવ્ય સાથે
પોતાનું આત્મદ્રવ્ય મળે છે, ત્યારે દ્રષ્ટિ અનુભવાય છે.
તેમના ગુણો સાથે પોતાના ગુણો મળે છે, ત્યારે
એકતા અનુભવાય છે અને તેમના પર્યાયો સાથે
પોતાના પર્યાયો મળે છે, ત્યારે તન્મયતા અનુભવાય છે.
આમ તન્મયતા, એકતા અને દ્રષ્ટિનો અનુભવ
વિષમતાનો નાશ અને સમતાનો પ્રાદુર્ભાવ કરે છે,
તેથી પરમેષ્ઠિ નમસ્કારમાં નિત્ય એકતાન થવાનો
અભ્યાસ મુમુક્ષુઓએ વધારવો જોઈએ.
દ્રષ્ટિ પામેલો તે અભ્યાસ અનુક્રમે
પ્રકર્ષને પામીને ધ્યાતાને ધ્યેયરૂપ બનાવનારો થાય છે
અર્થાત્ આત્મા પરમાત્મસ્વરૂપ બને છે અને
વ્યષ્ટિ સમષ્ટિરૂપ ધારણ કરીને અંતે
પરમેષ્ઠિસ્વરૂપ બની જાય છે.
સારાંશ કે: આત્મધ્યાનનું ફળ સમતા છે અને
સમતાનું ફળ નિર્વિકલ્પ ઉપયોગ - નિર્વિકલ્પ સમાધિ છે.
તે સમાધિને નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ પણ કહેવાય છે
તેમાં રાગ-દ્વેષ અને સુખ-દુઃખથી પર એવો
એક ચિન્માત્ર ઉપયોગ રહે છે, તેને
શાસ્ત્રોમાં રત્નત્રયીના તરીકે ઓળખાવેલ છે.

તે ભાવજિનના વીતરાગ અને સર્વજ્ઞ છે, તેથી
તેમાં કેવળ નિરુપાધિક સુખનો જ અનુભવ થાય છે.
તે સુખમાં દ્વન્દ્વ નથી, તેથી તે દ્વન્દ્વાતીત પણ કહેવાય છે.
નમસ્કાર મહામંત્રના પ્રથમ પદમાં જ આ નિર્વિકલ્પ
ચિન્માત્ર સમાધિને અનુભવવાનો એક અનોખો પ્રયોગ છે.

ગુરુમુખેથી નમસ્કાર મંત્રની પ્રાપ્તિ થતાં જ
નમો દ્વારા દેવતત્ત્વની સન્મુખ થવાય છે, કેમકે
નમો પદની સાથે જ 'અરિહં' શબ્દ જોડાયેલો છે,
તે દેવતત્ત્વનો વાચક છે. ભવાત્માનું ફળ પરમાત્મા છે.

તે પરમાત્મતત્ત્વનો અનુભવ કરવા માટે
'તાણં' શબ્દ જોડવામાં આવ્યો છે.
આ 'તાણં' શબ્દ ત્રાણ અર્થમાં છે,
જે આજ્ઞા શબ્દ સાથે સંબંધ ધરાવે છે.

જ્યાં અને જ્યારે અરિહંતોની આજ્ઞાનું પાલન મુખ્ય
બને છે, ત્યાં અને ત્યારે મન, પવન અને આત્મા
પરમાત્મામાં એકાકાર બને છે.

એ રીતે 'નમો અરિહંતાણં' મંત્ર અનુક્રમે
ગુરુ - મંત્ર - દેવતા - આત્મા - મન - પવનની એકતા
કરાવી અંતરાત્મભાવ જગાડે છે તથા અંતરાત્મભાવમાં

શિખર જીવોને પરમાત્મભાવની ભાવના કરાવે છે.
એ ભવના અંતમાં પરમાત્મભાવ પ્રકટાવી
અવ્યાબાધ સુખના ભોક્તા બનાવે છે.
'નમો' એ વિસ્મય, પુલક, પ્રમોદસ્વરૂપ છે.
ભવભયનો સૂચક પણ નમો પદાર્થ છે.
નમો પદ ઉત્તરોત્તર ભાવવૃદ્ધિને સૂચવનારો પણ છે
અને તેનું પરિણામ તદ્ગત ચિત્તમાં આવે છે અર્થાત્
ચિત્તમાં એકાગ્રતા લાવવા નમો પરમસાધન બને છે.
ભવનો સાચો ભય તો જ ગણાય કે જ્યારે
ઊંઘતા મનુષ્યને એમ લાગે કે મારું ઘર બળી રહ્યું છે
અને એકદમ ઝબકીને ઊઠે, ત્યારે
તેને જેવો ભય સ્પર્શે છે, તેવો ભય
સંસાર રૂપી દાવાનળમાંથી છૂટવા માટે ઉત્પન્ન થાય.
As if a man who is awakened
that his house is in fire.
પોતાનું ઘર સળગી રહ્યું છે અને મનુષ્ય ઝબકીને ઊઠે,
તેમ મોહનિદ્રામાં સૂતેલો જીવ
કર્મદાવાનળના દાહમાંથી ઉગરી જવા માટે
ધર્મજાગૃતિને અનુભવે, તે સાચો ભવભય છે.

નમો પદ એ નમસ્કાર કરનારના અંતરમાં જાગેલા ભવભયનો સૂચક છે. જ્યાં ભય હોય, ત્યાં પ્રતિપક્ષી વસ્તુ ઉપર ભાવ યા પ્રેમ ઉત્પન્ન થાય છે, તેમ ભવથી ભય પામેલા જીવને તત્ત્વ ઉપર પ્રેમ થાય છે અને તે પ્રેમનો સૂચક પણ નમો પદ જ બને છે. સાચો પ્રેમ પ્રિય વસ્તુના ધ્યાનમાં એકાગ્રતા લાવે અને તેને સાધવાના વિધિ-વિધાનમાં સાવધાન બનાવે જ છે.

નમો પદની સાથે તે સાવધાનતા અને એકાગ્રતા પણ જોડાયેલા જ છે, તેથી નમો એ સાવધાનતા તથા તન્મયતાનું પણ પ્રતીક બની જાય છે. એ રીતે અમૃતક્રિયાને સૂચવનારાં જેટલાં પણ લક્ષણો શાસ્ત્રમાં કહ્યાં છે, તે બધાં નમો પદના આરાધકની અંદર આવવા લાગે છે અને ત્યારે જ નમો પદ સાર્થક બને છે. અમૃતક્રિયાનાં લક્ષણોને વર્ણવતાં

ઉપા. યશોવિજયજી કહે છે કે:

'તદ્ગત ચિત્તને સમયવિધાન
ભાવની વૃદ્ધિ ભવભય અતિ ઘણો,
વિસ્મય પુલક પ્રમોદપ્રધાન...
લક્ષણ એ છે અમૃતક્રિયા તણો.'

વિસ્મય, પુલક અને પ્રમોદ
એ સદ્વસ્તુની પ્રાપ્તિના હર્ષના સૂચક છે.
એ હર્ષને ઉત્પન્ન કરનાર ભવભ્રમણનો ભય છે.
ભવનો ભય જેટલો તીવ્ર, તેટલી ભક્તિની વૃદ્ધિ અધિક
અને ભક્તિની વૃદ્ધિ જેટલી અધિક,
તેટલી આરાધનામાં સાવધાનતા અને સફળતા અધિક.
એ રીતે ધર્મક્રિયાનાં બધાં લક્ષણો
'નમો' પદની આરાધનામાં ઘટી જાય છે.
નમો પદનો આરાધક નમસ્કારની વિધિ સાચવવાર્થે
એટલા માટે સાવધાન હોય છે કે તેના હૃદયમાં ભવનો
ભય છે, તેથી ધર્મ અને ધર્મસામગ્રીઓ ઉપર તે
પ્રેમ ધરાવે છે, એનો એ પ્રેમ
વિસ્મય, પુલક અને પ્રમોદ વડે અભિવ્યક્ત થાય છે.
જ્યાં Thankfulness હોય છે,
ત્યાં carefulness હોય જ છે.
Thankfulness and carefulnessને
અવિનાભાવી સંબંધ છે.
ભક્તિવૃદ્ધિ Thankfulness બતાવે છે.
સમયવિધાન શબ્દ carefulnessને સૂચવે છે.

'સમયવિધાન' શબ્દના બે અર્થ નીકળે છે:
સમય અરિહંતે જે કાળે જે કાર્ય કરવાનું કહ્યું હોય,
તે કાળે તે કરવું તે. 'काले कालं समाचरेत् ।'
યોગ્યકાળને આચરવો એ પ્રથમ અર્થ છે
અને સમયનો બીજો અર્થ સિદ્ધાંત છે.
આમ સમયવિધાન એટલે સિદ્ધાંતમાં કહેલા
વિધિ - વિધાન મુજબ ધર્માનુષ્ઠાનને આચરવું તે.
વિધિ - વિધાનમાં સ્થાન - મુહૂર્તાદિ જે રીતે
આચરવાના કહ્યાં હોય, તે આચરવાને ક્રિયા કરવી તે.
આમ કાળ, દિશા, મુહૂર્તાદિને આચરવા તે સમયવિધાન છે.
લોભનું સમાધાન તે લોભનો લય છે,
લોભની વૃદ્ધિ તે ચિત્તની અકુળતાદિ છે.
અકુળતાદિના સાધન અર્થનું આલોચન, ગુહાનો રાગાદિ છે.
૦ પરમાત્મા શબ્દ સાંકગહિત મુજબ ૨૪ તીર્થંકરોનો
વાચક છે: ૫ + ૨ + ૪।। + ૮ + ૪।। = ૨૪ અથવા
પરમાત્મા શબ્દ અનુસાર પરમાં પોતાનો આત્મા,
પોતામાં પરમ આત્મા, સર્વમાં પરમાત્મા અને
એ દ્વારા સર્વત્ર આત્મદર્શન કરવું તે છે.
આત્મદર્શન એટલે ચૈતન્યરૂપે સર્વત્ર સમાનતાનું ભાવન.
એ રીતે પરમાત્મા શબ્દથી, અર્થથી અને ગુહાર્થથી

ચિન્તવવા તે પરમાત્મા શબ્દની અર્થભાવના છે.
અર્થભાવનાયુક્ત મંત્રજાપ વિશિષ્ટ ફલપ્રદ છે.
નમસ્કાર મંત્ર દુષ્કૃતનો ક્ષય કરે છે,
સુકૃતને પેદા કરે છે અને આત્માના
શુદ્ધસ્વરૂપની સાથે અનુસંધાન કરી આપે છે.
સંસારી આત્મા પાપરૂચિના કારણે સંસાર પરિભ્રમણ કરે છે. નમસ્કાર મંત્ર પાપરૂચિ ટાળી આપે છે અને ધર્મરૂચિ પ્રકટાવે છે. પાપરૂચિ ટળવાથી પરપીડાપરિહારની વૃત્તિ જાગે છે અને ધર્મરૂચિ પ્રકટવાથી પરાનુગ્રહનો પરિણામ ઉત્પન્ન થાય છે. તે બે થવાથી ચિત્ત નિર્મળ બને છે અને જેમાં આત્મરાગ આવિર્ભાવ પામે છે. આત્મરાગ અનાદિઅરાગ - મોહનો નાશ કરી શુદ્ધ આત્મતત્ત્વની અનુભૂતિ કરાવે છે, જે સકલ કર્મના ક્ષયનું કારણ બની અવ્યાબાધપદની પ્રાપ્તિ કરાવે છે.

પુણ્યાનુબંધી પુણ્યનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે:

दयाभूतेषु वैराग्यं विधिवत् गुरुपूजनं ।
विशुद्धा शीलवृत्तिश्च पुण्यं पुण्यानुबन्धिदः ॥१॥
परोपतापनिवृत्तिः पराणुग्रह एव च ।
स्वचित्तदमनं चैव पुण्यं पुण्यानुबन्धिदः ॥२॥

- ઉપમિતિ પ્રસ્તાવ-૪ (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

નમસ્કાર મહામંત્રમાં પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિના ઉપર્યુક્ત સઘળા ઉપાયોનો સંગ્રહ છે, કેમકે

નમસ્કાર મંત્રથી ભૂતદયાનો પરિણામ જાગે છે, સંસારનાં સુખો પ્રત્યે ઉદાસીનતાનો ભાવ જાગે છે, દેવ-ગુરુની વિધિવત્-ભક્તિપૂર્વક ઉપાસના થાય છે, દયા, દાન, પરોપકાર, સદાચારાદિના પાલનરૂપ શીલવૃત્તિ જાગે છે, પરપીડાથી નિવૃત્ત થવાની અને પરને સહાયરૂપ બનવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે, ચિત્તવૃત્તિની અશુદ્ધિનો ક્ષય થાય છે અને વિશુદ્ધ ચિત્તની ઉત્પત્તિ થાય છે. વિશુદ્ધ ચિત્તમાં આત્મજ્ઞાનનું પ્રતિબિંબ પડે છે અને આત્મજ્ઞાન મહિમાનું કારણ બની મોક્ષસુખ અપાવે છે. આ બધા લાભોનું મૂળ નમસ્કાર મંત્રની આરાધના બને છે, તેથી નમસ્કાર મહામંત્રની આરાધનાને શાસ્ત્રોમાં શિવ-સુખનું અદ્વિતીય કારણ માન્યું છે.

નમસ્કાર એ અજ્ઞાન અને આપમતિ - અજ્ઞાનમતિનો આગ્રહ (મિથ્યાત્વ) નિવારવા માટે આવશ્યક છે. તે માટે દેવ-ગુરુની આધીનતા અર્થાત્ નમસ્કાર એ પ્રથમ શરત છે. શાસ્ત્રોનો એ મહાન આદેશ છે.

શાસ્ત્રોના આદેશોને કેવી રીતે નક્કી કરવો? બુદ્ધિથી કે વગર વિચાર્યે?

જેનામાં સ્વયંપ્રજ્ઞા ન હોય, તેને શાસ્ત્ર પણ શો લાભ કરે?
અહીં પ્રજ્ઞાનો અર્થ સદ્બુદ્ધિ.
સદ્બુદ્ધિ તે છે કે શાસ્ત્રવચનને સમજવામાં અને સમજ્યા
પછી તેને જીવનમાં ઉતારવા માટે સહાયભૂત બને.
શાસ્ત્રવચનને સમજવા માટે જે પ્રજ્ઞાનો ઉપયોગ થાય,
તે પ્રજ્ઞાનો ઉપયોગ અવશ્ય કરવો જોઈએ,
તેથી વિપરીત પ્રજ્ઞાનો અર્થાત્ કુતર્કનો નહિ.
પ્રજ્ઞાથી શાસ્ત્રવચનનો પરમાર્થ સમજવો સરળ બને છે,
ઉત્સર્ગ - અપવાદ, વ્યવહાર - નિશ્ચય, જ્ઞાન - ક્રિયા
ઇત્યાદિના ઉપયોગની સાચી દિશા સમજાય છે.
સદ્બુદ્ધિરૂપી પ્રજ્ઞાની સહાયથી જ શાસ્ત્રવચનનો
દુરુપયોગ થતો નથી અને સદુપયોગ થાય છે.
પ્રજ્ઞાથી શાસ્ત્રવચનોની સાપેક્ષતા સમજાય છે
અને પ્રત્યેક અપેક્ષાનો યોગ્ય ઉપયોગ કરીને
જીવની ક્રમિક આત્મોન્નતિ સાધી શકાય છે.
શાસ્ત્રોનું આદિ વાક્ય પરમેષ્ઠિ નમસ્કાર છે
અને તેનું પણ આદિ પદ 'નમો' છે.
તે શાસ્ત્રાધીનતા સમજાવે છે કે:
શાસ્ત્રોના આદેશાનુસાર દેવ - ગુરુનું પરાધીનપણું જ
આત્માની સ્વાધીનતા પ્રાપ્ત કરવાનો એકનો એક માર્ગ છે.

જ્ઞેયં દૃશ્યં ન ગમ્યં મમ જગતિ
કિમપ્યસ્તિ કાર્યં ન વાચ્યં,
ધ્યેયં શ્રવ્યં ન લભ્યં ન ચ
વિશદમતે શ્રેયમાદેયમન્યત્ ।
શ્રીમત્સર્વજ્ઞવાણી જલનિધિમથનાત્
શુદ્ધચિદ્રૂપરત્નં, યસ્માત્ લબ્ધં મયાઽહો
કથમપિ વિધિનાઽપ્રાપ્તપૂર્વં પ્રિયં ચ ॥૧॥

ભાવાર્થ: સર્વજ્ઞ ભગવંતની વાણીરૂપી મહાસાગરનું મથન કરવા વડે શુદ્ધ ચિદ્રૂપરત્નની મેં મહાભાગ્યયોગે-મહાપ્રયત્ને પ્રાપ્તિ કરી છે, કે જે પૂર્વે કદી પ્રાપ્ત થઈ નહિ તથા જે આનંદથી ભરપૂર છે. તે પ્રાપ્ત કર્યા પછી હવે મારે બીજું કાંઈપણ જાણવા યોગ્ય, જોવા યોગ્ય, શોધવા યોગ્ય, કરવા યોગ્ય, કહેવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, આશ્રય કરવા યોગ્ય, શ્રેયરૂપ ગ્રહણ કરવા યોગ્ય છે જ નહિ, એ ખરેખર આશ્ચર્ય છે!

સર્વજ્ઞ ભગવંતની વાણી જેનો મહિમા ગાય છે, જે વસ્તુ જાણવા યોગ્ય, દેખવા યોગ્ય, પામવા યોગ્ય, કરવા યોગ્ય, બોલવા યોગ્ય, ધ્યાવવા યોગ્ય, સાંભળવા

યોગ્ય, પામવા યોગ્ય, આદરવા યોગ્ય અને પ્રીતિ કરવા યોગ્ય કોઈ હોય, તો કેવળ શુદ્ધ ચિદ્રૂપરત્ન જ છે.

તન્મયતામાં સ્થિર થવાથી મળતું શ્રેય-પરમાનંદ જ છે, તેથી તેમાં જ સર્વ પ્રકારે પ્રયત્ન કરવા યોગ્ય છે. તેની પ્રાપ્તિથી જ કૃતકૃત્યતાનો અનુભવ કરવા યોગ્ય છે.

આ શુદ્ધ ચિદ્રૂપરત્ન એ જ નમસ્કારમંત્રનું જ્ઞેય અને ધ્યેય છે. પંચ પરમેષ્ઠિ ભગવંતો એ શુદ્ધ ચિદ્રૂપરત્નને પ્રાપ્ત થયેલા છે, તેથી વારંવાર નમનીય છે, પૂજનીય, અર્ચનીય, આદરણીય છે તથા સર્વપ્રકારે સન્માનનીય છે.

નમસ્કાર મહામંત્રના સ્મરણ વડે, જાપ વડે, ધ્યાન વડે પંચ પરમેષ્ઠિ ભગવંતોમાં રહેલ શુદ્ધ ચિદ્રૂપરત્નનું જ સ્મરણ, જાપ, ધ્યાન થાય છે અને તે દ્વારા પોતાના શુદ્ધ ચિદ્રૂપ આત્મરત્નમાં જ લીનતા થતી હોવાથી તેમનું ધ્યાન પરમ આલંબનરૂપ છે.

નમસ્કાર મંત્ર એ દીપ છે, દ્વીપ છે, ત્રાણ છે, શરણ છે, ગતિ છે, પ્રતિષ્ઠાન છે, તે બધાનો અર્થ એક જ છે કે ત્રણ કાળ ત્રણ લોકમાં શુદ્ધ ચિદ્રૂપરત્ન એ જ દ્વીપ, દીપ, ત્રાણ, શરણ, ગતિ અને પરમ પ્રતિષ્ઠાન છે. તેમાં જ ત્રિકરણયોગે લીન થવું એ પરમ પુરૂષાર્થ છે.

નમસ્કાર મંત્રના આલંબનથી રાગાદિ ભાવોનું વિસર્જન થાય છે અને જ્ઞાનાદિ ભાવોનું સેવન થાય છે, સાંયોગિક ભાવોથી પર બનીને અસાંયોગિક આત્મભાવોમાં સ્થિર થવાય છે અને 'શુદ્ધ ચિદ્રૂપ આત્મરત્ન એ જ એક ધ્યેય છે' એવી શ્રદ્ધા સુદૃઢ બને છે.

નમસ્કાર એ શુદ્ધ ચિદ્રૂપરત્નની પેટી છે.

તેનો ભાર અલ્પ છે અને મૂલ્ય ઘણું છે, તેથી શ્રુતકેવલી ભગવંતો તે રત્નપેટીને સદા સાથે રાખે છે, જેનાથી અજ્ઞાન અને મિથ્યાત્વદારિદ્ર્ય ચૂરાઈ જાય છે, સદા દુઃખ, દૌર્ભાગ્યાદિનો સ્પર્શ પણ થઈ શકતો નથી.

દુઃખ - દૌર્ગત્યથી ત્રાસાયેલાઓને હંમેશા માટે સુખ-સૌભાગ્યને અર્પનાર રત્નદાબડી નમસ્કાર મંત્ર છે.

સદ્ભાવનાના મંથનથી મળેલ નમસ્કાર મંત્રની શ્રદ્ધા પરમ ધૃતિને આપે છે, જે ધારણાને પ્રકટાવે છે, ધ્યાનને સ્થિર કરીને ચિત્તસમાધિના પરમસુખને અપાવે છે.

જ્ઞાન - વૈરાગ્ય સમ્પન્ન સમ્યગ્દૃષ્ટિ જીવ વીતરાગ અને સર્વજ્ઞનો જ ઉપાસક હોય છે.

નમસ્કાર મંત્રમાં વીતરાગ - સર્વજ્ઞતત્ત્વની ઉપાસના છે.

નિર્ગ્રન્થતા એ વીતરાગતાનું લક્ષણ છે અને જ્ઞાનગરિમાની સાથે ઔચિત્ય એ સર્વજ્ઞતાનું લક્ષણ છે.

ગ્રન્થ કે ગ્રન્થી એ રાગનું નામ છે,
તેનાથી પરિગ્રહના સ્વરૂપનો ભેદ જેઓ જાણે છે અને
તે મુજબ વર્તન વર્તે છે, તેઓ નિર્ગ્રન્થ છે. જેઓ
જાણવા છતાં તેવું વર્તન ચોવીસે કલાક વર્તી શકતા નથી,

તેઓ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ છે
અને જેઓ થોડું થોડું વર્તે છે,
તેઓ દેશવિરતિ સમ્યગ્દૃષ્ટિ છે.

अदुःखभावितं ज्ञानं क्षीयते दुःखसन्निधौ ।
तस्माद्यथाबलं दुःखैरात्मानं भावयेन्मुनिः ॥
सुहेण भाविदं णाणं दुहे जादे विणस्सदि ।
तम्हा जहाबलं जोई अप्प दुक्खेहिं भावए ॥

અર્થાત્ઃ દુઃખ રહિત અવસ્થામાં ભાવેલું આત્મજ્ઞાન દુઃખના પ્રસંગમાં ક્ષય પામી જાય છે, માટે શક્તિ અનુસાર કષ્ટ સહન કરવાપૂર્વક આત્મજ્ઞાનની ભાવના કરવી. સુખમાં ભાવેલું જ્ઞાન દુઃખકાળે નાશ પામે છે, માટે યોગીપુરુષે શક્તિ મુજબ દુઃખ સમયે આત્મભાવના કરવી જોઈએ. મરણાંત કષ્ટ વખતે પણ પરમેષ્ઠિ નમસ્કાર સમાધિમાં હેતુ બને છે, એનું કારણ તેમાં રાગાદિથી ભિન્ન એવા વીતરાગ અને જ્ઞાનાદિથી અભિન્ન એવા સર્વજ્ઞ

તત્ત્વનું ચિન્તન-ભાવન થાય છે, શુદ્ધ સ્વરૂપનું યથાર્થ
ભાવન થવાથી પ્રતિકૂળતા વખતે પણ તે લાભ કાયમ
રહે છે અને આનંદરસની સુંદર અનુભૂતિ કરાવે છે.
અનુકૂળ સમયે ત્રણે કાળ અને પ્રતિકૂળ સમયે વારંવાર
નમસ્કાર મંત્રને ભાવિત કરવાનું ફરમાન છે,
તેની પાછળ આત્મભાવને દુઃખમાં પણ
ભાવિત કરીને સ્થિરતર કરવાનો આશય છે.
જીવ પરિણામ પામવાના સ્વભાવવાળો છે.
જ્યારે તે શુભાશુભ પરિણામમાં પરિણમે છે,
ત્યારે તે જીવ શુભાશુભ થાય છે અને જ્યારે
શુદ્ધ પરિણામરૂપે પરિણમે છે, ત્યારે તે શુદ્ધ થાય છે.
નમસ્કાર મંત્ર જીવને શુભાશુભ પરિણામે પરિણમતો
અટકાવી શુદ્ધ પરિણામમાં પરિણમતો કરે છે, તેથી
નમસ્કારનો એક અર્થ
'શુદ્ધ સ્વભાવમાં પરિણમન' એવો પણ થાય છે.
'નમન' એટલે પરિણમન. અરિહંતાદિ પરમેષ્ઠિઓના
શુદ્ધ સ્વરૂપના આલંબને નિજ આત્માનું
શુદ્ધ પરિણમન કરાવનાર હોવાથી નવકાર મંત્ર
જીવને મુક્તિ આપનારો થાય છે.

you shall know the truth and the
truth shall make you free.

Truth એટલે સત્ય - Reality. It is one.
નવકાર શુદ્ધાત્મ પરિણમન છે. નવકાર મંત્રને જાણવાથી
આત્મા રાગાદિ ભાવોથી અને પરસંગથી મુક્ત થાય છે.
તે જ સાચી મુક્તિ છે. શુદ્ધોપયોગમાં રહેલા અરિહંત,
સિદ્ધ આદિ પરમેષ્ઠિઓ માત્ર આત્માથી જ ઉત્પન્ન
એવા વિષયાતીત, નિરૂપમ અને અનંત એવા વિચ્છેદ-
રહિત સુખને અનુભવે છે, તે સ્વરૂપધ્યાન ધર્મધ્યાનના
ફળથી શુક્લધ્યાનનું કારણ બની કર્મરૂપી ઈન્ધનના સમૂહને
શીઘ્રપણે ભસ્મ કરે છે. હૃદયમાં આત્મસ્વભાવની લબ્ધિ
પ્રકાશમાન થતાંની સાથે જ શુભાશુભના કારણભૂત
સંકલ્પ - વિકલ્પ શમી જાય છે.

'જે કેવળ જ્ઞાન સ્વભાવી છે, કેવળ દર્શન સ્વભાવી છે,
કેવળ સુખમય છે અને કેવળ વીર્ય સ્વભાવી છે,
તે આત્મા છે' એમ જ્ઞાની ચિંતવે છે.

જે ધ્યાનમાં જ્ઞાન વડે નિજાત્મા નથી ભાસતો, તે ધ્યાન
નથી પણ પ્રમાદ યા મોહની મૂર્છા જ છે. જે જ્ઞાની
નિત્ય ઉપયુક્ત થઈને શુદ્ધાત્મ સ્વભાવનું આચરણ કરે છે,
તે અલ્પકાળમાં જ સર્વ દુઃખથી મુક્ત થાય છે.

નમસ્કાર મંત્ર આત્મધ્યાનનું અનન્ય સાધન છે,
તેથી દર્શનમોહનો વિનાશ થાય છે.
આત્મભાવના વડે પ્રતિક્રમણ, પ્રતિસરણ, પ્રતિહરણ, વારણ,
નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ એ આઠેય થાય છે.
નમસ્કાર વડે આત્મભાવના થતી હોવાથી
નમસ્કાર પણ પ્રતિક્રમણ, પ્રતિસરણાદિરૂપ છે,
તેથી મિથ્યાત્વ, અજ્ઞાન, કુઉદય-પાપાદિ,
આસ્રવોનો ત્યાગ થાય છે અને
શુદ્ધ આત્મસ્વરૂપનું અસંગપણે ધ્યાન થાય છે.
શુભોપયોગયુક્ત આત્મા સ્વર્ગાદિને અને
શુદ્ધોપયોગયુક્ત આત્મા નિર્વાણને પામે છે.
'નમસ્કાર ધર્મધ્યાન અને શુક્લધ્યાન ઉભયનું કારણ
હોવાથી સ્વર્ગાપવર્ગને આપનારો છે' એમ સિદ્ધ થાય છે.
'મુક્તિ' એટલે સંસારના રોગ-શોકથી મુક્ત થવું તે,
જ્ઞાનદર્શનાદિ અનુપમ વસ્તુઓ પ્રાપ્ત કરવી તે અને
પરમસુખ અને પરમ આનંદનો અખંડ અનુભવ કરવો તે.
સત્સંગ વિનાનું ધ્યાન તરંગરૂપ થઈ પડે છે.
નમસ્કાર મંત્ર સત્સંગપૂર્વકનું શુભ ધ્યાન હોવાથી
નિસ્તરંગ અવસ્થાની પ્રાપ્તિમાં સહાયક થાય છે.

સંત વિના સંતની વાતનો તંત આવતો નહિ.

અનંતની યાત્રામાં સંતની સહાય અનિવાર્ય છે.

નમસ્કારમાં સંતની પૂરેપૂરી સહાય હોવાથી
સંતની વાતનો તંત પામી શકાય છે.

અધ્યાત્મસારમાં કહ્યું છે કે:

આલંબનાદરોદ્ભૂતપ્રત્યૂહક્ષયયોગતઃ ।
ધ્યાનાદ્યારોહણભ્રંશો યોગિનાં નોપજાયતે ॥

અર્થાત્: આલંબનોના આદરથી ઉત્પન્ન થયેલો વિઘ્નોનો ક્ષય યોગી પુરુષોને ધ્યાન આદિના આરોહણથી ભ્રંશ થવા દેતો નહિ, તેથી સદાલંબનોનું સેવન નિરાલંબન ધ્યાનમાં જવા માટે સેતુરૂપ છે અને તેમાં ગયા પછી ફરી પતન ન પામવા માટે આધાર - આલંબનરૂપ છે.

'હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે...
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુ માત્ર નહિ અરે!'

પરમેષ્ઠિ ભગવંતોમાં

શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યમય, સ્વયંજ્યોતિ, સુખધામ ઇત્યાદિ વિશેષણોવાળું શુદ્ધસ્વરૂપ આવિર્ભાવ પામેલું છે, તેનો સંબંધ કરાવનાર પરમેષ્ઠિ મંત્ર છે, તેથી તે મહામંત્ર છે તથા સર્વ મંત્રોમાં શિરોમણિભૂત મંત્ર છે.

સર્વ તત્ત્વોમાં શિરોમણિભૂત આત્મતત્ત્વ છે અને
તેમાં પણ શિરોમણિભૂત શુદ્ધાત્મતત્ત્વ છે.
તેને સાધક નમસ્કાર પરમેષ્ઠિ મંત્ર વડે પહોંચે છે.
તે નમસ્કાર પ્રતિબિંબિત થઈને પોતાના શુદ્ધસ્વરૂપમાં પહોંચે છે. શુદ્ધ સ્વરૂપનું મહત્ત્વ અપરંપાર છે. શુદ્ધ સ્વરૂપ તે ચૈતન્યનો મહાસાગર છે, તેના અગાધ અધિગમના ડુંગરો પણ મહત્ત્વહીન છે. સમ્યગ્દૃષ્ટિ જીવ ચૈતન્યના સ્વભાવ અને સામર્થ્યને ઓળખે છે, તેથી તેને ચૈતન્યથી ભિન્ન વસ્તુ ઉપર અંતરથી રાગ હોતો નથી, ભેદબુદ્ધિ હોય છે. તેને સ્વરૂપમાં અસ્તિત્વ-બુદ્ધિ હોય છે અને પરમાત્રમાં વિભક્તબુદ્ધિ હોય છે.

આવો અસ્તિત્વ - વિભક્ત આત્મા જ
સ્વસ્વરૂપમાં પ્રકાશે છે, કેમકે તે શુદ્ધ છે.

'સમયસાર'માં કહ્યું છે કે:

તં એયત્ત વિહત્તં દાએહં અપ્પણો સવિહવેણ|

આચાર્ય કુંદકુંદસ્વામી કહે છે:
આત્માનું શુદ્ધસ્વરૂપ, અસ્તિત્વ - વિભક્તસ્વરૂપ
મારા સમસ્ત બુદ્ધિવૈભવ વડે હું દેખાડું છું,
તે તમારા સ્વાનુભવથી પ્રમાણ કરજો.

કુંદકુંદાચાર્ય દિગંબર હોવા છતાં સત્યાર્થ કથનગુણ વડે
શ્વે. ગ્રન્થોમાં પણ તેમને 'મહાત્મા' શબ્દથી સંબોધ્યા છે.
આત્માનો - આત્મતત્ત્વનો મહિમા અગાધ છે. રાગાદિ
તેની ભિન્નતા અને જ્ઞાનાદિ તેની એકતા બતાવવાને
તેનો આશ્રય લેવાનું વિધાન શાસ્ત્રકારોએ કર્યું છે.
નમસ્કાર મંત્ર સકલ આગમોનો સાર કહેવાય છે, તેનું
કારણ પણ તેમાં અસ્તિત્વ - મુખ્યત્વ વિલક્ષણ એવા
શુદ્ધ આત્મતત્ત્વનું બહુમાનગર્ભિત નમન - ગ્રહણ છે.
જ્ઞાનમય નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાય આત્માનું સ્વરૂપ છે.
તેનો સ્વામી આત્મા છે. એ વિશ્વની બાહ્ય વસ્તુનું
સ્વામીપણું જ્યારે શ્રદ્ધા અને જ્ઞાનમાંથી ખસી જાય,
ત્યારે તે શ્રદ્ધા અને જ્ઞાન સમ્યક્ બને છે.

નમસ્કાર મંત્ર એ ચૈતન્યની સાધનાનો પંથ છે.
તે પંથ વીરનો છે પણ કાયરનો નહિ. મહાવીર પ્રભુએ
ચીંધેલા માર્ગે ચાલેલા પણ વીર છે, તેમની વીરતા જ
તેમને આ માર્ગે આગળ વધવા માટે જરૂરી વૈરાગ્ય,
જરૂરી શ્રદ્ધા, જરૂરી જ્ઞાન અને ઉત્સાહ અર્પે છે.
નમસ્કાર મંત્રના આરાધકમાં તે વીરતા પુષ્ટ થાય છે.
તે માર્ગે આગળ વધવા પરિષહ - ઉપસર્ગો સહન કરવાની

ધારતા પણ નમસ્કાર મહામંત્રના આરાધનથી પ્રગટે છે. નમસ્કાર મંત્ર એ સ્વરૂપની સાધનાનો પંથ હોવાથી આરંભમાં કષ્ટદાયક પણ અંતે અવ્યાબાધ સુખદાયક છે. તપોષ્ટકમાં કહ્યું છે: સદુપાયપ્રવૃત્તાનાં ઉપેયમધુરત્વતઃ ।
જ્ઞાનિનાં નિત્યમાનન્દવૃદ્ધિરેવ તપસ્વિનાં ॥ અર્થાત્: 'ઉપેય' અર્થાત્ જે સાધ્યની મધુરતા હોવાથી સાધનમાં પ્રવૃત્ત થયેલા જ્ઞાની એવા તપસ્વીઓને તપના કષ્ટમાં પણ નિત્ય આનંદની વૃદ્ધિ અનુભવાય છે. બાહ્યકષ્ટમાં પણ આંતરાનંદ અનુભવવાની ચાવી નમસ્કાર મંત્રમાંથી મળે છે, કેમકે તે શુદ્ધ જ્ઞાન અને આનંદમય એવા સચ્ચિદાનંદ સ્વરૂપની સન્મુખ થવાની પ્રક્રિયા છે. દેહાદિથી ભિન્ન એવા શુદ્ધ આત્મસ્વરૂપની સાચી ભાવના કરનાર આત્મામાં તીવ્ર વૈરાગ્ય, ઉદાસીનતા, પ્રતિકૂળતામાં પણ સહનશીલતા, ધૈર્ય વગેરે જરૂરી સદ્‌ગુણો સહજ બને છે. તે માટે શાસ્ત્રમાં કહ્યું છે કે:

ધનાર્થિનાં યથા નાસ્તિ શીતતાપાદિદુઃસહં ।
તથા ભવવિરક્તાનાં તત્ત્વજ્ઞાનાર્થિનામપિ ॥૬॥ અર્થાત્: ધનના અર્થી જીવો માટે જેમ શીત - તાપાદિના કષ્ટો દુઃસહ નથી, તેમ તત્ત્વજ્ઞાનના અર્થી જીવોને અને

ભવથી વિરક્ત એવા મહાત્માઓને ધર્મમાર્ગે આવતી પ્રતિકૂળતાઓ અને કષ્ટો સહન કરવા દુઃસહ નથી. નમસ્કાર મંત્ર વડે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની સાથે એકત્વ સધાય છે અને ચૈતન્યથી ભિન્ન એવા સર્વ રાગાદિ ભાવો પ્રત્યે ઉદાસીનતા કેળવી શકાય છે. શુદ્ધાત્મદ્રવ્ય, શુદ્ધાત્મગુણ અને શુદ્ધાત્મપર્યાયની સાથે એકત્વની સાધના ઉપર રુચિ, બહુમાન, અંતરંગ પ્રીતિ ઉત્પન્ન કરાવી આપી પ્રતિકૂળતાઓને સહન કરવાનું બળ અર્પે છે, તેથી તે પ્રભુને હૃદયમાં રાખી જેમ જેમ

તેનું આરાધન વધારવામાં આવશે,

તેમ તેમ આત્મતત્ત્વની નિકટ જવાનું થશે અને

પરિણામે પરમાત્મતત્ત્વની સાક્ષાત્ અનુભૂતિ થશે.

o બાળક = નિષ્પાપતા - નિર્દોષતા - નિર્દંભતાની મૂર્તિ.

પુરુષ = પાલન અને રક્ષણ કરવાની શક્તિ.

વૃદ્ધ = માત્ર ઘરડા તથા બુઢ્ઢા થયેલા નહિ પણ વધી ગયેલા.

જ્ઞાન, ભક્તિ, ધર્મ અને પ્રેમમાં

જેઓ વધી ગયેલા છે, તેઓ સાચા વૃદ્ધ કહેવાય.

સ્ત્રી = ક્ષમા, સહિષ્ણુતા અને સમર્પણના ગુણવાળી મૂર્તિ.

પુરુષ ઉપર આકૃત ભાવનાર એવો અર્થ પણ થાય છે.

## જીવના વિશેષ ગુણો

(૧) જીવના ૪ વિશેષ ગુણ : જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય.

(૨) પુદ્ગલના ૪ વિશેષ ગુણ : રૂપ, રસ, ગંધ, સ્પર્શ.

(૩) ધર્માસ્તિકાયના આદિ ૪ દ્રવ્યોના ૪ વિશેષ ગુણ:

ધર્માસ્તિકાય = ગતિહેતુતા.

અધર્માસ્તિકાય = સ્થિતિહેતુતા.

આકાશાસ્તિકાય = અવગાહહેતુતા, કાળ = વર્તનાહેતુતા.

(૪) ૪ સાધારણ વિશેષ ગુણ:

ચેતનતા, અચેતનતા, મૂર્તતા, અમૂર્તતા.

(૫) જીવના ૬ વિશેષ ગુણ:

ચેતનતા, અમૂર્તતા સહિત ઉપરના ૪ ગુણ.

(૬) પુદ્ગલના ૬ વિશેષ ગુણ:

અચેતનતા, મૂર્તતા સહિત ઉપરના ૪ ગુણ.

(૭) ધર્માસ્તિકાયના ૩ વિશેષ ગુણ:

અચેતનતા, અમૂર્તતા સહિત ગતિહેતુતા.

(૮) અધર્માસ્તિકાયના ૩ વિશેષ ગુણ:

અચેતનતા, અમૂર્તતા સહિત સ્થિતિહેતુતા.

(૯) આકાશાસ્તિકાયના ૩ વિશેષ ગુણ:

અચેતનતા, અમૂર્તતા સહિત અવગાહહેતુતા.

(૧૦) કાળના ૩ વિશિષ્ટ ગુણ:
અચિંત્યતા, અદ્ભુતતા સહિત પતિતપાવનતા.

(૧૧) શુદ્ધ ચેતન તે ઈશ્વર, અશુદ્ધ ચેતન તે જીવ.

(૧૨) ઈશ્વર બનવાના ઉપાય:

સ્વદોષ દર્શન - દુષ્કૃતગર્હા
પરગુણ દર્શન - સુકૃતાનુમોદન
આત્મસ્વરૂપ દર્શન - શરણાગમન.

નાકોડા, માગસર વદ ૯-૧૦-૧૧,

આરાધનામાં સિદ્ધચક્રયંત્ર અને અર્હંના પેટાળમાં શંખેશ્વર પાર્શ્વનાથનું દર્શન રાત-દિવસ ધ્યાનમાં રહે તથા 'ૐ અર્હં સિદ્ધચક્રાય નમઃ।' મંત્રનો અખંડ જાપ ચાલુ રહે તો સાધના ઝડપી બને છે.

શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની
આરાધના સુંદર સમાધિ અર્પે છે.

સં. ૨૦૨૪, માગસર વદ અમાસ, ૩૧-૧૨-૬૭, રવિવાર

રાગ ટળવાથી વાતવિકાર શમે છે. દ્વેષ જવાથી પિત્તવિકાર શમે છે અને મોહ જવાથી કફવિકાર શમે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર વડે રાગ-દ્વેષ અને મોહ જવાથી દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારનું સ્વાસ્થ્ય અનુભવાય છે.

રાગ-દ્વેષ અને મોહનું નિવારણ કરવાનો ઉપાય
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના, શરણાગમનમાં છુપાયેલો છે.
એ ત્રણ ઉપાયનું સેવન જેમ-જેમ અધિકાધિક
થવા લાગે છે, તેમ-તેમ રાગ-દ્વેષ-મોહ તથા
વાત-પિત્ત-કફ ટળે છે તથા જ્ઞાન-દર્શન-ચારિત્ર વધે છે
અને તે ગુણને ધારણ કરનાર
આત્મતત્ત્વની સાથે એકતાનું અનુસંધાન થાય છે.
દુષ્કૃતગર્હા એટલે અલ્પતાની નિંદા.
સુકૃતાનુમોદના એટલે સર્વતાની સ્તુતિ.
ગમન = ભાગત્યાગ લક્ષણથી એકતાની અનુભૂતિ.
નિરૂપાધિક સ્વરૂપ સૌનું સરખું છે, એક છે,
એવા એકત્વની ભાવના તે તાત્ત્વિક શરણાગતિ છે.

o 'હું અને તું'નો સરવાળો એ સંસાર સુખ.
'હું અને તું'ની બાદબાકી એ દુઃખ.
'હું અને તું'નો ભાગાકાર એ આત્મિક સુખ.
'હું અને તું'નો ગુણાકાર એ સંસારનો છેડો.

o આનંદ એ વસ્તુમાં નહિ પણ
વસ્તુની સાપેક્ષતાના વિચારમાં છે.
વિવેક એટલે સાપેક્ષતાની સમજણપૂર્વક થતો વ્યવહાર.

તા. 2-1-68, પોષ સુદ 3, મંગળવાર

સર્વ જીવમાં રહેલ ધર્મનો અંશ તે સાધુ પરમેષ્ઠિ.
પ્રમોદ અંશ તે ઉપાધ્યાય પરમેષ્ઠિ.
કરુણા અંશ તે આચાર્ય પરમેષ્ઠિ.
માધ્યસ્થ્ય અંશ તે સિદ્ધ પરમેષ્ઠિ.
સર્વે ભાવ તે અરિહંત પરમેષ્ઠિ.

0 સામાયિક ધર્મના આદર્શ,
સામાયિક ધર્મના ઉપદેષ્ટા અને
સામાયિક ધર્મના આલંબન એવા અરિહંતાદિ પરમેષ્ઠિઓ પરમ ઉપકારી છે, તેથી તેમની સ્તુતિ, નમસ્કાર અને પૂજનાદિ ભવ્ય જીવોને કર્તવ્ય છે.
તે કર્તવ્યપાલન અનુગ્રહનું કારણ છે અને ઉપેક્ષા નિગ્રહનો હેતુ બને છે, તેથી નિગ્રહના ભીરુ અને અનુગ્રહના અર્થીઓને તેમનો નમસ્કાર પરમ કર્તવ્ય છે.

જેમ જલ સ્થિર રહેવાથી સ્વચ્છ બને છે તથા
હાલવાચાલવાથી તે જલ મલિન બને છે,
તેમ આત્મા સંવર ભાવથી નિર્મલ બને છે તથા
સંકલ્પ-વિકલ્પ અને રાગ-દ્વેષથી મલિન થાય છે.
કર્મબંધના દ્વારોને રોક્યા વિના મુક્તિ નથી.

o સર્વ પ્રાણી દુઃખી કરે છે માટે આરંભ છે.
o આરંભ - પરિગ્રહના ત્યાગથી મોક્ષ છે.
તેની સૂક્ષ્મ-બાદર સર્વ દેહધારીઓને આત્મતુલ્ય માને.
o દોષની નિંદા = ગર્હા. ગુણની સ્તુતિ = પ્રશંસા.

ગુણીની શરણાગતિ = ભક્તિ.
ગુણનો પ્રમોદ = સ્તુતિ.
દ્રવ્યની શરણાગતિ = ભક્તિ.
પર્યાયની મૈત્રી - કરુણા = માધ્યસ્થ્ય.

## Oneness in essence

વસ્તુ સ્વભાવરૂપ ધર્મ જીવનું જીવત્વ છે.
જીવનું જીવત્વ સ્વરૂપથી સિદ્ધસદૃશ છે.
કર્મોપાધિનિરપેક્ષઃ સંસારિજીવઃ સિદ્ધસદૃક્ | અર્થાત્:
કર્મરૂપી ઉપાધિથી રહિત સંસારી જીવ સિદ્ધ જેવો છે.
એટલે સિદ્ધત્વરૂપ ધર્મ એ જ વિશ્વનો આધાર છે.
સિદ્ધના શરણને અંગીકાર કરતી વખતે
'ચઉશરણ પયન્ના'કાર ભુવણઘરધરણખંભા |
એ વિશેષણથી સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરે છે.
અર્થાત્: ત્રણ ભુવનરૂપી ઘરને ધારણ કરવા માટે
સ્તંભરૂપ એવા સિદ્ધો મને શરણ આપો.

સંસારી જીવ અને સિદ્ધના જીવ કર્મોપાધિ
સાપેક્ષ અને કર્મોપાધિ નિરપેક્ષ ભેદવાળા હોવા છતાં
બંનેનું નિરૂપાધિ - સહજ સ્વરૂપ સમાન છે.
એ સહજ સ્વરૂપનું શરણ સિદ્ધના શરણથી વિવક્ષિત છે.
એક કારણરૂપ પરમાત્મસ્વરૂપ છે,
બીજું કાર્યરૂપ પરમાત્મસ્વરૂપ છે,
બંનેમાં પરમાત્મસ્વરૂપતા એક જ છે.

## મંત્રની શક્તિનો અનુભવ

મંત્ર દ્વારા મન-વચન-કાયા વશ થઈ શકે છે.
મંત્રના આલંબને જીવ મન-વચન-કાયાને આધીન કરે છે.
મંત્રની પ્રાપ્તિ ગુરુતત્ત્વને આધીન છે.
મંત્ર પોતે દેવનું અક્ષરાત્મકસ્વરૂપ છે. અક્ષર એટલે વર્ણ
અને અવિનાશી એવું પરમ સ્વરૂપ, કે જે સર્વવ્યાપી છે.
તેના જાપ-સ્મરણ-ભક્તિ અને સમર્પણ વડે આપણા
ઉપર તેમનું પ્રભુત્વ સ્વીકાર્યું, એટલે આપણે તેમના
સેવક બન્યા, તે આપણા સાક્ષાત્ સ્વામી બન્યા.
આપણો સ્વામી-સેવકભાવ અથવા રક્ષક-રક્ષ્યભાવ
જેટલો દૃઢ થતો જાય, તેટલી રક્ષા અધિક થાય અને
આપણામાં નિર્ભયતા ઉત્પન્ન થાય.

ક્ષેમ સાથે યોગ કરવાની પણ મંત્રની શક્તિનો આપણને અનુભવ થાય છે. સ્વપર ઉભયના યોગ અને ક્ષેમ બંને કરવાની શક્તિ મંત્રમાં રહેલી છે, તેની પ્રતીતિ થતી જાય અને સદા નિશ્ચિંતતા રહે છે. મંત્રાકાર ઉપયોગ થવાથી મંત્રદેવતાની શક્તિ સાધકમાં કાર્ય કરતી થઈ જાય છે. તે શક્તિ યોગ-ક્ષેમ ઉભયકારક છે. કહ્યું છે કે:

रागादिभिरनाक्रान्तो, योगक्षेमविधायकः ।
नित्यं प्रसत्तिपात्रं यस्तं देवं मुनयो विदुः ॥१॥

રાગાદિરહિત આત્મતત્ત્વ યોગક્ષેમકારક છે, તેથી તે દેવ કહેવાય છે. દેવે તે દેવ, દિખાવે તે ગુરૂ, એ રીતે મંત્ર માટે દેવની સાથે ગુરૂની પણ તેટલી જ જરૂર છે.

મંત્રને દેવની સાથે દેનારનો અને
ગુરૂની સાથે દેખાડનારનો સંબંધ છે.

ગુરૂ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પવન, એ છએની એકતા થવાથી મંત્રસિદ્ધિ થઈ મંત્રચૈતન્ય પ્રગટ થાય છે. મંત્રના માધ્યમ વડે દેવ અને ગુરૂ ઉપકારક બને છે.

તે ઉપકાર પવન દ્વારા મન ઉપર થાય છે અને મન દ્વારા વચન અને કાયા ઉપર થાય છે. મનુષ્યને જે મન-વચન-કાયાની શક્તિઓ મળી છે,

તે સાર્થક કરવાને માટે અને સ્વપર ઉભયને ઉપકારક બનાવવા માટે મંત્ર વિજ્ઞાન જાણવું એક સમર્થ સાધન છે. 'મંત્રાધીના દેવતા|'ની જેમ

મંત્રાધીના ત્રિકરણ યોગાઃ |

મંત્રાધીના મનઃ વચઃ કાયક્રિયા | એ પરમ સત્ય છે. <u>અર્થાત્</u>: દિવ્ય શક્તિઓના આધાર મન-વચન-કાયા અને એ ત્રણેના વ્યાપારો મંત્રને આધીન પ્રવર્તે છે. આધાર વિના આધીનતાનો વિચાર આવી શકે જ નહિ. શબ્દના અધિષ્ઠાન વિના ગતિની કલ્પના મનમાં આવી શકે જ નહિ. મહાપુરુષના મનનું બંધારણ જ તે પ્રકારનું છે. વિશ્વાતીત વસ્તુ જ વિશ્વ ઉપર શાસન કરી શકે. માનવે પોતાના મન ઉપર કાબુ મેળવવો હોય, તો

એ આવશ્યક છે કે એ પોતે મનથી

ભિન્ન છે, સ્વતંત્ર છે, એવું ભાન પ્રાપ્ત કરવું જોઈએ.

## ધર્મ, ધન અને મનનો સંબંધ

(૧) ધર્મ વધતા ધન વધે, ધન વધ મન વધ જાય,
મન વધત મહિમા વધે, વધત વધત વધ જાય.

(૨) ધર્મ ઘટતા ધન ઘટે, ધન ઘટ મન ઘટ જાય,
મન ઘટત મહિમા ઘટે, ઘટત ઘટત ઘટ જાય.

## ૩૨ રત્નકણિકાઓ

(૧) ધર્મની અસંખ્ય આજ્ઞાઓ છે,
તેમાં સૌથી મોટી આજ્ઞા કઈ ? ઉત્તર છે : પ્રેમ રાખો.
પણ ભગવાન ઉપર પ્રેમ રાખવાનું કહેલું છે, પરંતુ ભગવાન
આપણા ઉપર પ્રેમ રાખે છે, એ માનવું અઘરું છે.
'દુઃખ અને આપત્તિમાં પણ ભગવાનનો પ્રેમ અમર છે'
એમ માનવું એ જ આપણા પ્રેમની ખરી કસોટી છે.
ભગવાન પ્રત્યે પ્રેમ રાખવો અઘરું જ ખાસ નહિ,
પણ 'ભગવાનનો આપણા ઉપર પ્રેમ છે'
એવો વિશ્વાસ રાખવો એ મહત્ત્વનું છે.

(૨) ઈશ્વરની આજ્ઞા પાળવી જોઈએ અને એમાં જે
ઉણપો રહી જાય, તે બદલ દિલથી ક્ષમા માંગવી જોઈએ.
ધર્માચરણ દંભથી નહિ પણ દિલથી કરવું જોઈએ.

(3) મનુષ્ય - મનુષ્ય વચ્ચેનું અંતર અનંત છે.
બંને વચ્ચે અનંત - પરમેશ્વર સેતુરૂપે આવે,
તો જ આ સંબંધ બંધાય છે. વક્ર સ્વભાવને કારણે
મનુષ્ય - મનુષ્યને સીધા રીતે સ્પર્શી શકતો નથી, માટે
ઈશ્વરના માધ્યમની જરૂર છે.

(૪) અનેકાન્તવાદનો પાયો એ છે કે
દરેક કથનમાં સત્યનો અંશ રહેલો છે.

તેને સમજવા પ્રયત્ન કરવો અને તે ગ્રહણ કરવો
એ આધ્યાત્મિકતાનું મુખ્ય લક્ષણ છે.

(૫) દરેક ધર્મમાં પાયાની એકતા છે.

આત્મા છે, તે નિત્ય છે, મોક્ષ છે, તેનો ઉપાય છે, એ સિદ્ધાંતો સર્વને સ્વીકાર્ય છે તથા આચારધર્મમાં અહિંસા, સત્યાદિ સર્વમાન્ય છે. જીવ, જગત અને ઈશ્વરના સ્વરૂપ તથા પરસ્પર સંબંધ વિષે બૌદ્ધિક તત્ત્વચર્ચામાં પૂર્ણ સ્વતંત્રતા હોવા છતાં આચાર ધર્મની એકતા અને પાયાની માન્યતાથી અખંડ રહી છે.

સર્વ ધર્મ સમભાવનું આ મુખ્ય કારણ છે.

સર્વ જીવ પ્રત્યે સમાન આદર, સમાનભાવ અને કરૂણા ધર્મમાત્રનું મુખ્ય લક્ષણ છે: આત્મવત્ સર્વભૂતેષુ।

(૬) હિંદુ ધર્મમાં ગીતાનો કર્મયોગ છે, ભાગવતનો ભક્તિયોગ છે, ઉપનિષદોનો જ્ઞાનયોગ છે. સર્વધર્મ સમભાવ માટે સ્વધર્મ છોડવાની જરૂર નથી
પણ મતાગ્રહ છોડવાની જરૂર છે.

(૭) સર્વધર્મ સમભાવના સ્થાને વર્તમાનકાળે
સર્વધર્મ અભાવ જેવી સ્થિતિ પ્રવર્તે છે.

જીવનમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો પ્રત્યે અશ્રદ્ધા અને જીવનનૌકા સુકાનરહિત અથડાય છે.

સ્વધર્મ પ્રત્યે શ્રદ્ધા ન હોય, તેને સર્વ ધર્મ સમભાવ
પણ ન હોય. સ્વધર્મને પોતાના જીવનમાં ઉતારી શકે.
તે જ અન્ય ધર્મો પ્રત્યે આદર કેળવી શકે.

(૮) જ્ઞાન પોતાના દોષોનું, દર્શન બીજાના સુકૃતોનું,
ચારિત્ર આત્મામાં રહેવાનું. પોતાના દોષોના જ્ઞાનથી
ગર્હા થાય છે, બીજાના સુકૃતોના દર્શનથી અનુમોદના
થાય છે, આત્મામાં રહેવા કરવાથી શુદ્ધિ થાય છે.

(૯) દ્રવ્ય સામાન્ય ધૈર્યકર છે,
ગુણ સામાન્ય એકત્વકર છે અને
પર્યાય સામાન્ય તુલ્યતા કૃત છે.

(૧૦) દ્રવ્ય વિશેષ હ્રાસકર છે,
ગુણ વિશેષ પૃથક્ત્વકૃત છે અને
પર્યાય વિશેષ વિપર્યયકૃત (વિરોધકૃત) છે.
પોતાના દોષોનું જ્ઞાન દુષ્કૃતગર્હા કરાવે છે,
બીજાના ગુણોનું જ્ઞાન સુકૃતની અનુમોદના કરાવે છે
અને આત્મસ્વરૂપમાં રહેવા એ શરણાગમન કરાવે છે.

(૧૧) દ્રવ્ય સામાન્ય જોવાથી ધૈર્ય થાય છે.
ગુણ સામાન્ય જોવાથી એકતા થાય છે.
પર્યાય સામાન્ય જોવાથી તુલ્યતા થાય છે.

(૯૨) સામ મધુર પરિણામ અર્થાત્ મૈત્રી.
જીવદ્રવ્યની સમાનતા બોધાર્થ
મૈત્રી પરિણામ થાય છે,
તે પુણ્યની વૃદ્ધિ કરે છે.
શુભ પરિણામ વડે વૃદ્ધિ અનુભવાય છે.
તુલા પરિણામ રૂપ સમ એ
પર્યાય સામાન્ય બોધાર્થ ઉત્પન્ન થાય છે.
સામ - દ્રવ્ય સામાન્ય - વૃદ્ધિ.
સમ - પર્યાય સામાન્ય - તુલ્યતા.
સમ્મ - ગુણ સામાન્ય - અસ્તિત્વ.
ઉર્ધ્વતા સામાન્યના વિચારમાં અક્રમથી અને ક્રમથી પર્યાયોમાં અનુસ્યૂત દ્રવ્યનો વિચાર મુખ્ય બને છે. અક્રમથી અર્થાત્ ગુણ અને ક્રમથી અર્થાત્ પર્યાય. સમપરિણામ અને સમ્મપરિણામ ભાવનાર ઉર્ધ્વતા સામાન્યનો બોધ છે. તિર્યક્ સામાન્યનો વિચાર એ
દ્રવ્ય સામાન્યનો વિચાર હોવાથી વૃદ્ધિકર છે,
તે સામ પરિણામરૂપ છે.
(૯૩) પોતાના દ્રવ્યની ભાવના આત્મદ્રવ્ય કરતાં
વિશેષતા બોધાર્થ હાનિ-હ્રાસ અનુભવાય છે.

પોતાના ગુણોની વિશેષતા જોવાથી જુદાપણું અનુભવાય છે.
પોતાના પર્યાયની વિશેષતા જોવાથી વિરોધ ઉત્પન્ન થાય છે.

દુષ્કૃતગર્હા પોતાની હીનતા જણાવે છે.
સુકૃતાનુમોદના બીજાની અધિકતા જણાવે છે.
શરણાગમન સ્વ-પરની ઉત્કૃષ્ટતાનો બોધ કરાવે છે.
ઉત્કૃષ્ટતાનો બોધ શરણાગમન કરાવે છે.
અધિકતાનો બોધ સુકૃતાનુમોદન કરાવે છે.
હીનતાનો બોધ દુષ્કૃતગર્હા કરાવે છે.

સામ પરિજ્ઞાનથી દુષ્કૃતગર્હા, સમ્મપરિજ્ઞાનથી સુકૃતાનુમોદના અને સમ પરિજ્ઞાનથી શરણાગમનનો લાભ થાય છે.

(૪) રાગદોષ સ્વપક્ષપાતરૂપ હોવાથી બીજાની હીનતા અને પોતાનો ઉત્કર્ષ કરાવે છે. દ્વેષદોષ પરવિદ્વેષરૂપ હોવાથી બીજાની હીનતા અને પોતાનો ઉત્કર્ષ કરાવે છે. મોહદોષ સ્વ-પરમાં રહેલ ઉત્કૃષ્ટતાનું આચ્છાદન કરે છે. સ્વપક્ષપાતરૂપ સ્વોત્કર્ષ અને પરાપકર્ષનું નિવારણ દુષ્કૃતગર્હાથી થાય છે. પરપ્રદ્વેષરૂપ પરાપકર્ષ તથા સ્વોત્કર્ષનું નિરાકરણ સુકૃતાનુમોદનાથી થાય છે અને સ્વ-પર ઉત્કૃષ્ટતાસ્વરૂપ આત્મદ્રવ્યનો અબોધ મોહદોષનું કાર્ય હોવાથી તેનું નિવારણ સ્વ-પર ઉત્કૃષ્ટતાના બોધથી થાય છે.

ઉત્કૃષ્ટતાનો બોધ શરણાગમનરૂપ છે, અધમતાનો બોધ
સુકૃતાનુમોદનરૂપ છે અને પ્રકૃતિનો બોધ દુષ્કૃતગર્હારૂપ છે.

(૯૫) દ્રવ્યથી પ્રકૃતિ, ગુણથી અધમતા અને
પર્યાયથી ઉત્કૃષ્ટતા બોધાદિ સમાપત્તિ થાય છે,
એથી વિપરીત બોધ સમાપત્તિનો ભંગ કરે છે.
સમાપત્તિ, સમાધિ, સામાયિક વગેરે શબ્દો સમાનાર્થક છે.

(૯૬) તત્ત્વજ્ઞાન એટલે જીવનમાં ઉપયોગી જ્ઞાન.
જીવનમાં હેય, જ્ઞેય અને ઉપાદેય તરીકે ઉપયોગમાં રહે,
તેવું જ્ઞાન તે તત્ત્વજ્ઞાન કહી શકાય.
આત્મજ્ઞાન વિના તત્ત્વજ્ઞાન સંભવતું નથી,
તત્ત્વજ્ઞાનના અંગરૂપ વિશ્વજ્ઞાન તે ધર્મના અંગરૂપ છે.
તે વિજ્ઞાનની ગાદી ઉપર જ ધર્મ કે ભગવાન બેસી શકે
અને વિશ્વનું કલ્યાણ કરી શકે.

પ્રભુતા કી સબ ચહે, પ્રભુ કી ચહે ન કોય,
જો પ્રભુ કી પ્રીતે ચહે, તો આપ હિ પ્રભુતા હોય...(૧)

(૯૭) 'નમો' એ પરમમંત્ર છે,
તે જ્ઞાન-દર્શન-ચારિત્ર, દેવ-ગુરુ-ધર્મ વાચક છે.
મન, પ્રાણ, આત્મવાચક છે.
રાગ-દ્વેષ અને મોહનો પ્રતિપક્ષ છે.
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને શરણાગમનરૂપ છે.

Pindwada, 17-1-68

નમો મંત્ર એ...

સ્વરૂપપાત - પરપ્રવૃત્તિ - અનાત્મરમણતાનો વિરોધી અને
અશુભ પ્રવૃત્તિનો ઘાતક અને શુભ પ્રવૃત્તિનો પોષક છે.
વૃત્ત ઉપરથી બિંદુ - નિવૃત્ત તરફ લઈ જનાર છે.
સંસારનો ઉચ્છેદક છે, કર્મનો શત્રુ છે. પાપનો પ્રતિપક્ષ છે,
સિદ્ધિનો સાધક છે, મોક્ષનો જનક છે, કુવિકલ્પનો નાશક છે,
આગમોનું રહસ્ય છે તથા શાસ્ત્રોનો સાર છે.

નમો એ Health of body, Peace of mind and prosperity in affairsનો ઉત્પાદક છે.

નમો મંત્ર શાંતિ, સુખ અને સ્વસ્થતાનો જનક છે.

(૧૮) બાહ્યાત્માનમપાસ્ય પ્રસત્તિભાજાઽન્તરાત્મના યોગી ।
સતતં પરમાત્માનમનુચિન્તયેત્તન્મયત્વાય ॥૧॥

અર્થ: નમો મંત્ર વડે બહિરાત્મભાવનો ત્યાગ થાય છે.
એ જ નમો મંત્રથી અંતરાત્મભાવનો લાભ થાય છે
અને નમો પદથી પરમાત્મભાવનું ધ્યાન થાય છે.

(૧૯) નમો = બહિરાત્મ ત્યાગ, નમો = અંતરાત્મ અંગીકાર,
નમો = પરમાત્મભાવ સ્વીકાર.

Beyond mind - વિપરીતં મનો ઇતિ નમઃ ।

(૨૦) एवं सव्वे वि णया मिच्छादिट्ठी सपक्खपडिबद्धा |
अण्णोण्णनिस्सिया उण हवंति ते चेव सम्मत्तं ||१||
-आवश्यक निर्युक्तौ |

जावन्तो वयणपहा तावइया वा नया वि सद्दाओ |
ते चेव य परसमया सम्मत्तं समुदिया सव्वे ||२||
- गा - २२६५ (परिशिष्ट-२)

(૨૧) ધૂમ તે ઉન્માર્ગી પાસત્થાદિકનું પરાક્રમ.
ધામ તે રુચિ રાગી લોકો ગૃહસ્થ લોકોનું પરાક્રમ.
ધમાધમ રૂપ જૈનોની અશુભ કરણા.

(૨૨) ધ્યાન રૂપ તપધર્મનો જ એક પ્રકાર છે
અને તે અહિંસા અને સંયમ સહિત હોય,
તો ઇષ્ટફળને આપનાર થાય છે.

(૨૩) શ્રુત સામાયિક કેવલિ પ્રરૂપિત ધર્મનું શરણા છે.
સર્વવિરતિ સામાયિક રૂપ સાધુનું શરણા છે.
અરિહંત અને સિદ્ધનું શરણા ચતુર્વિંશતિસ્તવરૂપ છે.
ગુરુવંદન અને પ્રતિક્રમણમાં દુષ્કૃતગર્હા છે.
પ્રતિક્રમણ = negative. ગુરુવંદન = positive.
સુકૃતાનુમોદના = dynamically passive.
કાયોત્સર્ગ = dynamically active.

પ્રત્યાખ્યાન = ખાંતેનું active appreciation or dynamic consent.

(૨૪) કુંડલિની જાગરણ = સમ્યગ્દર્શન.

Entrance of universal purpose.

એનું ફળ નિશ્ચિત-સ્વયં તે સ્વરૂપ બની જવું તે છે.

સુષુપ્ત કુંડલિની = personal self, સ્વાર્થ તથા અહં.

જાગૃત કુંડલિની = selfless self - ભેદવિજ્ઞાન, નમઈ.

બહિરાત્મભાવ કે અહંભાવ તે કુંડલિનીનો દુરુપયોગ છે.

અંતરાત્મભાવ કે નમસ્કારભાવ એ તેનો સદુપયોગ છે.

(૨૫) અંતરાત્મભાવ, નમઈભાવ, શિવભાવ, fourth dimensional excistence તથા God's consciousness - એ બધા એકાર્થક છે. અહંમાં કુંડલિનીનો દુરુપયોગ છે, કેમકે તેમાં અંગત હેતુ છે, જ્યારે નમસ્કારમાં વૈશ્વિક હેતુ છે. સમ્યગ્દર્શન એ વિશ્વરૂપતાનો પ્રારંભ છે અને કેવળદર્શન તેનું ફળ છે.

'વિશ્વરૂપતા' એટલે universal Purpose.

સમ્યગ્જ્ઞાનનું ફળ કેવળજ્ઞાન છે,

સમ્યગ્ચારિત્રનું ફળ અનંત સુખ અને અનંતવીર્ય છે,

કેમકે universal welfare સાથે એકતા છે.

જ્ઞાનમાં તેની જ સ્પષ્ટતા છે.

Purpose (idea) = દર્શન, ideal = જ્ઞાન લક્ષ્ય
Identification = ચારિત્ર.

(૨૬) અનેકાંતવાદની સમજણ સમ્યગ્જ્ઞાનની પ્રક્રિયા છે.
આત્મવાદની સમજણ એ સમ્યગ્દર્શનની પ્રક્રિયા છે.
કર્મવાદની સમજણ એ સમ્યગ્ચારિત્રની પ્રક્રિયા છે.
પ્રક્રિયાનો અર્થ practical implications છે.
જૈનોના બેય વિચારો પણ mascular and feminine - male & female રૂપે છે,
એમ કે જ્ઞાન - પરાક્રમ એ active - male છે
અને ક્રિયા - પ્રેમ એ passive - female છે.
બંનેનો સમ્યગ્ યોગ તે અનેકાંતવાદની પ્રક્રિયા છે.
(a) સમ્યગ્જ્ઞાનના ઉઘાડાર્થે અનેકાંતવાદની પ્રક્રિયા છે.
(b) સમ્યગ્દર્શનની વિશુદ્ધિ માટે આત્મવાદની પ્રક્રિયા છે.
(c) સમ્યક્ચારિત્રની સ્થિરતા માટે કર્મવાદની પ્રક્રિયા છે.
મોક્ષમાર્ગ = ત્રણે વાદના practical implications.

(૨૭) sublimation of the Soulની પ્રક્રિયામાં union of the masculine and feminine ideas is indispensable.
એ જ સ્યાદ્વાદની સાધના છે અને
એ જ અનેકાંતવાદનો ક્રિયાયોગ છે.

સ્યાદ્વાદ એ કેવળ બૌદ્ધિક સ્તર પુરતો નથી, કિન્તુ
તે એક પ્રક્રિયા છે જેને જીવનમાં જીવવાની છે. તેને
જીવવા વડે જ સમ્યગ્જ્ઞાનનો ઉઘાડ થતો જાય છે.
સમ્યગ્જ્ઞાન-અનુભૂત્યાત્મક જ્ઞાન તો જ બની શકે છે.
- The twelve powers of man
By Charles Fillmore પુસ્તક જરૂર વાંચવું.
(૨૮) દુનિયામાં આત્મસંતોષથી મોટી કોઈ સંપત્તિ નથી.
દીન-દુઃખીઓની સેવાથી આત્મસંતોષ થાય છે,
તે મનુષ્ય જન્મમાં શ્રેષ્ઠ કર્તવ્ય છે.
(૨૯) સુખ-દુઃખને ખમવું, રાગ-દ્વેષને શમવું અને
જ્ઞાન-દર્શનને નમવું એ નવકારનો ગર્ભાર્થ છે.
જ્ઞાનદર્શનને નમવા માટે શત્રુ-મિત્ર ઉપર
સમાન સદ્ભાવ અને સુખ-દુઃખને કર્મનો વિપાક
માનીને સહવાની કળા પ્રાપ્ત કરવી જોઈએ.
ખમવા માટે, દમવા માટે, શમવા માટે કે નમવા માટે
સ્વાધ્યાય અને પ્રવચનની સદા યે આવશ્યકતા છે.
તે માટે શાસ્ત્ર જોઈએ, તેને શીખવનાર જોઈએ,
શીખવાની રીત જોઈએ અને તેની જિજ્ઞાસા પણ જોઈએ.
ગુરુ-શિષ્ય તથા પ્રવચન અને સ્વાધ્યાય, એ ચારે
મળે ત્યારે શમ-દમાદિનું સાચું સ્વરૂપ ઓળખાય.

(30) દ્રવ્યને નયવાદથી આધિક્યતા યા પ્રકૃતિ થાય છે.
ગુણને નયવાદથી શીલતા થાય છે અને
પર્યાયને નયવાદથી ઉત્કટતા થાય છે.

પ્રકૃતિ, શીલતા અને ઉત્કટતા અનુક્રમે તિર્યક્ અને ઉર્ધ્વતાસામાન્યનો વિષય છે. તિર્યક્સામાન્ય ધ્રુવિકર તથા ઉર્ધ્વતાસામાન્ય શીલત્વ અને ઉત્કટત્વ રૂપ છે. ધ્રુવિકર્તા સત્ત્વ શબ્દથી વ્યક્ત થાય છે. શીલત્વ અને ઉત્કટત્વ તમસ્ અને રજસ્ શબ્દથી અભિવ્યક્ત થાય છે.

(31) દ્રવ્યસામાન્યથી પ્રકૃતિનો અધ્યવસાય
પારિણામિકલક્ષણને ઉદ્દેશીને,
ગુણસામાન્યથી શીલતાનો અધ્યવસાય
ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકલક્ષણને ઉદ્દેશીને
તથા પર્યાયસામાન્યથી ઉત્કટતાનો અધ્યવસાય
ઔદયિક સુખાદિ અને રાગાદિલક્ષણોને ઉદ્દેશીને થાય,
ત્યારે સમત્વ સ્થિર થાય છે.

(32) સત્ત્વ - પારિણામિક લક્ષ્ય ધ્રુવત્વને ઉદ્દેશીને પ્રશમરૂપ, રજસ્ - ઔદયિક રાગાદિ અને સુખાદિલક્ષણોને ઉદ્દેશીને માધ્યસ્થ્ય અને કરુણારૂપ તથા તમસ્ ક્ષાયોપશમિક, ઔપશમિકાદિ જ્ઞાનાદિલક્ષણોને ઉદ્દેશીને

પ્રમોદરૂપ બને છે, ત્યારે સામાયિક પૂર્ણ બને છે, તેથી રાગાદિભાવોનો નિગ્રહ થાય છે અને વિશુદ્ધ ભાવાદિભાવો જાગ્રત થાય છે, એનું જ નામ પરિણામની વિશુદ્ધિ, લેશ્યાની વિશુદ્ધિ યા અંતઃકરણની વિશુદ્ધિ છે. તે વિચિત્રકાર સ્વરૂપ છે. તેમાંથી બધા સદ્‌ગુણો આત્મામાં પ્રતિબિંબિત થાય છે. ચિત્રકારના સઘળાં ચિત્રો વિચિત્રકારની વિશુદ્ધ ભીતીમાં અનાયાસે-અયત્ન ભાવે પ્રતિબિંબિત થાય છે, તેથી સામાયિક ધર્મ એ ચિત્રકાર નહિ પણ વિચિત્રકાર છે. ચિત્રકારની શક્તિ મર્યાદિત - વિચિત્રકારની અમર્યાદિત છે, તે અનંત - અપાર અને અગાધ - અગોચર છે.

'નમો'નો જાપ એટલે અમૃતક્રિયા

અમૃતક્રિયાના સઘળાં લક્ષણો નમોમાં સમાઈ જાય છે.

Veneration તે પ્રમોદ છે.

It cannot be done by study.
It can only be done through living.

જીવનની પ્રત્યેક પળમાં તેનો અભ્યાસ થવો જોઈએ. પ્રત્યેક વ્યક્તિ, વસ્તુ કે વાતાવરણમાં પ્રમોદ, પુલક અને વિસ્મય feel કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ માટે જ ગુણગ્રાહકતા કરવાની શક્તિ - ગુણાનુવાદ

એને ગુણદર્શનનું ધર્મશાસ્ત્રોમાં મહત્ત્વ ગવાયું છે.
ગુણાનુવાદ કે Deep Veneration એ જ 'નમો' છે.
It must not remain an external rule of life but must be instilled into our innermost soul.

પ્રયત્નપૂર્વક વિસ્મયાદિભાવોને આપણા બનાવવા જોઈએ નહીં, બલ્કે, પ્રમોદાદિભાવોને we must live into our consciousness.

દર્શન પ્રાપ્તિ - દર્શન વિશુદ્ધિમાં આ ગુણો અનિવાર્ય છે. દર્શનની faculty જગાડવામાં આ ગુણો અનિવાર્યપણે આવશ્યક છે, સહાયક છે. મૈત્ર્યાદિ અને પ્રમોદાદિભાવો પાયાના ગુણો છે. આ વાતની સૂક્ષ્મ સમજણ પછી જ અધ્યાત્મમાર્ગની ઝાંખી શક્ય બને છે.

All things work together for the good.

સાધનાના પાયામાં સ્યાદ્વાદની Blue print કે પૂર્વ-નકશો અનિવાર્ય છે. સ્યાદ્વાદ માત્ર બૌદ્ધિક સમજણ નહિ અથવા તો માત્ર Intellectual Approach માટે નહિ, પરંતુ જીવનમાં સક્રિયપણે જીવવા માટે છે.

આ સત્યનું ઉંડાણ જેમ જેમ સ્પર્શે છે,
તેમ તેમ જીવન જીવવામાં સમતુલન વધતું જાય છે.

Harmonious Working of practical
life depends on the deep
understanding of relativeness of all.

વસ્તુમાત્ર અનંત ધર્માત્મક છે.
એને જણાવનાર તત્ત્વજ્ઞાન સ્યાદ્વાદ છે.
સ્યાદ્વાદનું તત્ત્વજ્ઞાન સંબંધદર્શક છે.
સ્વરૂપદર્શક બોધ થવા છતાં સંબંધદર્શક જ્ઞાન ન થાય,
ત્યાં સુધી જીવન એકાંગી રહે છે.
સર્વાંગીણ જીવન જીવવાની કળા
સ્યાદ્વાદના બોધની અપેક્ષા રાખે છે.

મહર્ષિ મહેશની યોગની વ્યાખ્યા : 28/1/68

'આ બહુ સરળ યોગ છે અને એના પરિણામે
યોગ કરનાર વ્યક્તિ પોતાની આંતરિક જાતમાં
સંપૂર્ણપણે ડૂબકી મારી શકે છે.
હું તો લોકોને એકાદ શબ્દ કે મંત્ર બોલવાનો આપું છું.
આ યોગ દરમ્યાન વિચારોની સૂક્ષ્મતમ કક્ષા અનુભવાય છે.
મગજ વિચારોના મૂળ તરફ ખેંચાય છે, જ્યાં અપાર સુખ,
શાંતિ, રચનાત્મક પ્રેરણા તથા શક્તિનો અનુભવ થાય છે.'

## ક. મા. મુનશીના યોગ ઉપરના વિચારો

'યોગના નિયમો અસ્તિત્વના સમગ્ર સ્તર ઉપર -
હોઈ, મન અને આત્મા ઉપર પ્રવર્તતા હોય છે.
યોગનો સાચો ગુરુ 'દૃષ્ટિ' છે.
યોગમાં કશું શીખવા શકાતું નથી પણ આંતરિક પ્રકૃતિ
ક્રમે-ક્રમે અનુભવ દ્વારા જ ખુલતી આવે છે.
યોગ એ પ્રક્રિયા છે, કોઈ સાધ્ય પદાર્થ નથી. યોગનું
ક્ષેત્ર સમગ્ર ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક જીવન છે.
પ્રત્યેક સોપાને આપણે આપણામાંના પ્રભુને શોધવાના છે.'

## વિનોબા ભાવેના વિચારો

'શબ્દ ઘુંટાઈને કવિતાનું રૂપ લે છે.
વિચાર ઘુંટાઈને દર્શનનું રૂપ લે છે.
અહંને સમષ્ટિમાં લીન કરી દેવાથી તે વ્યાપક થાય છે
અને અંતે વિલીન થઈ જાય છે. ઓગળેલો અહં
એ નમ્રતા. નમ્રતા એટલે દીનતા નહિ પણ સંજીવની.
સ્વાર્થ એ કામનું લક્ષણ છે, કામ એ પ્રેમનો શત્રુ છે.
કામમાં પડેલો પોતે-પછી બીજા એવી ગણતરી થાય છે.'
અહિંસાનો એકમાત્ર પર્યાય પ્રેમ છે.
પ્રેમ એ વિધાયક બળ છે. તેન ત્યક્તેન ભુંજીથાઃ।

આ પદ્ધતિમાં સર્વની ગહનતા પ્રધાન હોય છે.
સ્વનું સ્થાન ગૌણ હોય છે. પોતાને લોકો પણ
બાળકોનો ઉત્કર્ષ એ પ્રેમળજનની પરાકાષ્ઠા હોય છે.
બાળમાં સ્વજનને જોતાં શીખવું, તે ધર્મનો પ્રારંભ છે.

ईश्वरस्यापि अभिमानद्वेषित्वात् दैन्यप्रियत्वाच्च ।

- નારદભક્તિ સૂત્ર ૨૭

ઈશ્વર પણ અભિમાનના દ્વેષી અને દીનતાપ્રિય છે.

પરપીડાનું પ્રાયશ્ચિત પરોપકાર છે.

પરગુણનો આભાર નમસ્કાર છે.

પોતે બાળકને કરેલી પીડાને જાણવા અને
બાળકે કરેલા ઉપકારને જાણવો તે કૃતજ્ઞતા છે.
તે કૃતજ્ઞતા ગુણમાંથી એક બાજુ પરોપકાર અને
બીજી બાજુ નમસ્કાર ધર્મની ઉત્પત્તિ થાય છે.
નમસ્કાર એ દાનમાં સર્વશ્રેષ્ઠ એવા સન્માનનું દાન છે.
સન્માનને પાત્ર એવા જીવોને સન્માનનું દાન ન કરવું,
તે જ અભાવ અને મિથ્યાભિમાન છે. સન્માનપાત્રને
સન્માનનું દાન કરવાથી અભિમાન અને અભાવ બંને
દોષોનો ક્ષય થાય છે. પરોપકાર એક પ્રકારે દાન છે.
ઉપકારીને પોતાનું દેવું ચૂકવવાને યત્કિંચિત આપવું,
તેનું નામ પરને ઉપકાર છે.

'નમો અરિહંતાણં।'

અરિહંતોની ભક્તિ જે કોઈ પ્રકારે થાય,
તે બધો નમસ્કાર છે.
અરિહંત ભગવંતો નમસ્કાર તત્ત્વમસિ। એવા
ઉપદેશરૂપમાં તે નમસ્કારનું ફળ મળે છે.
તે ઉપરથી 'જે અરિહંત સ્વરૂપની તું ભક્તિ કરે છે,
તે તું જ પોતે છે' એમ અર્થ થાય છે.

'નમો' મંત્રથી પ્રાણોનું ઊર્ધ્વકરણ

નમો મંત્ર સર્વ પ્રાણોને ઉત્ક્રમણ કરાવે છે.
નમો મંત્રનું ઉચ્ચારણ કરવામાત્રથી જ
પ્રાણોનું ઊર્ધ્વકરણ - ઉત્ક્રમણ થાય છે.
બાળ અર્થમાં નમો મંત્ર સર્વ પ્રાણોને
પરમાત્મતત્ત્વમાં પરિણમન કરાવે છે.
પ્રાણોને મનની ઉપર લઈ જવામાં
'નમો' મંત્ર સહાય કરે છે.
અમનસ્કતા અને ઉન્મનીભાવની અવસ્થા
નમો મંત્રના પુનઃ પુનઃ સ્મરણથી ઉત્પન્ન થાય છે.
કહ્યું છે કે: વિપ્રતીપં મનો નમઃ।
નમો એ મનની વિરુદ્ધ દશામાં ગતિ કરાવનાર મંત્ર છે.

નમો મંત્ર વડે સાધકને મનસાતીત અવસ્થા અર્થાત્ beyond mind અવસ્થા સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

નમો - નમન - પરિણમન એકાર્થક છે.

જેનાથી આત્માનું શુદ્ધસ્વરૂપમાં પરિણમન થાય, તે 'નમો' મંત્ર છે, તેથી તે પરમ રહસ્યમય મનાય છે.

One of the greatest joys in life is the joy of giving.

'નમો' એ સર્વશ્રેષ્ઠ પુરૂષોને આપવામાં આવતું સર્વશ્રેષ્ઠ દાન છે. સર્વ દાનમાં શ્રેષ્ઠ દાન સન્માનનું દાન છે.

દાનના સર્વશ્રેષ્ઠ પાત્ર પંચ પરમેષ્ઠિ ભગવંતો છે.

ચિત્તના શુભભાવથી જેઓ નમો મંત્ર વડે પંચપરમેષ્ઠિ ભગવંતોને નિરંતર સન્માનનું દાન કરે છે, તેઓ ચિત્તની પરમ પ્રસન્નતાનો અનુભવ કરે છે અને માનવજન્મ પામીને કાંઈ પણ કરવાલાયક કૃત્ય કરીને સહજ કૃતાર્થતાને અનુભવે છે.

પરમેષ્ઠિ નમસ્કારમાં કૃતજ્ઞતાનો ભાવ રહેલો છે.

દુર્ગતિમાં પડતા જીવોને પરમેષ્ઠિ ભગવંતો નમસ્કાર વડે પરમ આલંબનને આપે છે, તેમના વિશુદ્ધ જીવન વડે પરમ આદર્શને આપે છે તથા

ભવસાગર તરવા માટે જહાજ સમાન પરમ તીર્થને સ્થાપન કરી ગયો - કોઈક જીવોને રત્નત્રયનું છુટે હાથે દાન કરે છે. એવા પરમ દાતારને તેમને યોગ્ય એવું સન્માન કરવું એ સર્વ કૃતજ્ઞ જીવોનું પરમ કર્તવ્ય છે.

કૃતજ્ઞતા એ પાત્રતા કેળવવાનું
અને યોગ્યતા વિકસાવવાનું પ્રથમ સોપાન છે.
જેઓ ઉપકારીઓ પ્રત્યે નિરંતર કૃતજ્ઞતાભાવ દર્શાવે છે,
તેઓ આ ભવાટવીમાં સુરક્ષિત રહે છે.

કૃતજ્ઞતા ગુણ તેમને જ્યાં જાય, ત્યાં ઉત્તમ
આત્માઓનો સમાગમ કરાવી આપે છે અને તેમના
વાત્સલ્યના સાચા અધિકારી બનાવે છે.

કૃતજ્ઞતાભાવ વડે સત્પુરુષોની સંગતિને
યોગ્ય શુભ પુણ્યનું અર્જન અવશ્ય થાય છે, તેથી
પરમેષ્ઠિ નમસ્કાર એ કૃતજ્ઞતા ગુણનું પાલન છે
અને સર્વ દાનોમાં સર્વ શ્રેષ્ઠ એવું સન્માનનું દાન છે.
આ જગતમાં અર્થનું દાન આપનારા હજુ મળી આવશે
પણ હૃદયથી સન્માનનું દાન આપનારા દુર્લભ હોય છે.

નમસ્કારમાં જેઓનું ચિત્ત લાગતું નથી,
તેઓએ સમજવું જોઈએ કે યોગ્ય દાન

આપવા માટેની ઉદારતા તેના હૃદયમાં હજુ પ્રગટી નથી.
કૃપણતાનો નાશ કૃતજ્ઞતાથી છે અને કૃતજ્ઞતાનું પાલન
સર્વશ્રેષ્ઠ દાતારોને સન્માનનું દાન દેવાથી થાય છે.

*Namo is a mantra of gratitude and namo is a great word of adoration and veneration.*

સર્વોત્કૃષ્ટ ગર્હા, સર્વોત્કૃષ્ટ અનુમોદના અને
સર્વોત્કૃષ્ટ શરણાગતિ માટેનો મહામંત્ર
કોઈ હોય તો તે શ્રી નમસ્કાર મહામંત્ર છે.

સર્વ પાપોનો સર્વથા પ્રણાશ કરવાનું પ્રણિધાન નમસ્કાર
મંત્રમાં રહેલું છે, તે સર્વોત્કૃષ્ટ ગર્હાના પરિણામ સૂચવે છે.
સર્વ મંગળોમાં પ્રધાન અને પ્રથમ મંગળ નમસ્કાર છે,
તે સર્વોત્કૃષ્ટ અનુમોદનાનો પરિણામ છે.
નમો પદ સર્વોત્કૃષ્ટ શરણાગતિનું સૂચક છે, કેમકે તેમાં
એક બાજુ કર, શિર આદિ સર્વ અંગોનું સમર્પણ છે,
બીજી બાજુ તે દ્વારા આત્માના સર્વ પ્રદેશોનું સમર્પણ છે.
ત્રણ કરણ, ત્રણ યોગ, સાત ધાતુ, દશ પ્રાણ, સર્વ રોમ
અને પ્રદેશો વડે થતી શરણાગતિ એ ઉત્કૃષ્ટ નમસ્કાર
છે અને શ્રી નમસ્કાર મહામંત્રનું તે સર્વોત્કૃષ્ટ વાચ્ય છે.

નમસ્કાર મંત્રમાં ભવ્યત્વપરિપાકની સઘળી સામગ્રી એક સાથે સંગ્રહાયેલી મળી આવે છે. નમસ્કાર મહામંત્રના ઉપકાર અનંતા છે. અનંતા આત્માઓને મુક્તિગમન માટે નમસ્કાર મહામંત્રે પરમ આલંબન પૂરું પાડેલું છે. સર્વ તીર્થંકરો, સર્વ ગણધરો, સર્વ પૂર્વધરો તથા બીજા જ્ઞાનીપુરુષો આ નમસ્કાર મંત્રનો આધાર લઈને પરમપદે પહોંચેલા છે. સર્વ મહાપુરુષોને આધાર આપનાર એવો મહામંત્ર આપણને અત્યારે મળ્યો તે કેટલું મોટું ભાગ્ય ગણાય? એ રીતે નમસ્કાર મહામંત્રનું ગૌરવ હૃદયમાં ધારણ કરીને એનું આલંબન લેનાર દુર્ગતિમાં પડતા એવા પોતાના આત્માને બચાવી શકે છે અને સદ્ગતિની પ્રાપ્તિને પરમ સુલભ બનાવી શકે છે.

*Thanks and praise giving is the first condition of Spirituality.*

આલંબનના આદરથી ઉત્પન્ન થયેલું પુણ્ય જ વિઘ્નોનો ક્ષય કરે છે અને પતન પામતા પોતાના આત્માને ખરે અવસરે ઉગારી લે છે. નીચે પડતા બચાવનાર અને ઊંચે ચઢવામાં આલંબનભૂત થનાર પ્રત્યેક વસ્તુને પરમ આદરની નજરથી જોવાની ટેવ પાડવી જોઈએ.

એ ટેવનો અભ્યાસ જ

જીવને આત્મવિકાસમાં પ્રભાવ વધારનાર થાય છે.

નમસ્કાર મંત્ર કલ્યાણનો માર્ગ શીખવે છે.

यस्मात् उच्चार्यमाणा एव प्राणान् ऊर्ध्वम्
उत्क्रामयन्ति तस्मात् उच्यते ॐकारः - नमस्कारः ।
प्राणान् सर्वान् परमात्मनि प्रणामयति इति
एतस्मात् - प्रणवः नमस्कारः । श्रुतिः

નમસ્કાર મહામંત્રના ઉચ્ચારણની સાથે જ પ્રાણોની ગતિ ઊર્ધ્વ - ઊંચી થવા લાગે છે અને સર્વ પ્રાણો એની સાથે પરમાત્માને વિષે જોડાય છે. (ૐકાર અને નમસ્કાર બંને મહામંત્રો ઉચ્ચારણ થતાંની સાથે જ પ્રાણોને ઊંચે લઈ જવાનું કાર્ય કરે છે અને પરમતત્ત્વની સાથે આત્માનો સીધો સંબંધ કરાવે છે.) મંત્રના ઉચ્ચારણની સાથે જ મન અને પ્રાણ ઊર્ધ્વગતિને ધારણ કરે છે તથા કર્મનો ક્ષય - ક્ષયોપશમ કરાવે છે, કર્મની અશુભ પ્રકૃતિઓના સ્થિતિ - રસ ઘટાડી દે છે તથા શુભ પ્રકૃતિઓના સ્થિતિ - રસ વધારી આપે છે. મતિ શ્રુત ક્ષયોપશમ થવાથી સદ્બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તે ગરુડતત્ત્વનું કાર્ય કરે છે અને સદ્બુદ્ધિ દ્વારા

આત્મતત્ત્વનો મહિમા જ્ઞાત થાય છે, તેમ અંતર્મુખ વૃત્તિ વધવાની સાથે પરમાત્મ તત્ત્વની અનુભૂતિ થવા લાગે છે.

એ રીતે મન, મંત્ર, પ્રાણ તથા દેવ, ગુરુ અને આત્માની એકતા સધાય છે. તેને જ તંત્ર શાસ્ત્રમાં મંત્રચૈતન્યનો ઉદ્‌ભવ થયો કહેવાય છે. કહ્યું છે કે:

मंत्रार्थं मंत्रचैतन्यं यो न जानाति तत्त्वतः ।
शतलक्षप्रजप्तोऽपि मंत्रसिद्धिं न गच्छति ॥१॥

ભાષાવર્ગણાથી શ્વાસોચ્છ્‌વાસવર્ગણા સૂક્ષ્મ છે,
મનોવર્ગણા તેથી પણ વધુ સૂક્ષ્મ છે અને
તેનાથી પણ વધારે સૂક્ષ્મ કર્મવર્ગણા છે.

તેના ક્રમ-ક્રમે ઉપશમથી અંતર્મુખ વૃત્તિ અને આત્મભાન થવા લાગે છે, એનું જ નામ મંત્રચૈતન્યની જાગૃતિ છે.

કહ્યું છે કે: गुरुमंत्रदेवताऽऽत्ममनःपवनानामैक्य-निष्कलनादन्तरात्मसंवित्तिः । તેનો ભાવાર્થ છે કે:

મન, મંત્ર અને પવન તથા
દેવ, ગુરુ અને આત્માને પરસ્પર ઐક્યનો સંબંધ છે.

નમસ્કાર મહામંત્ર સામ્યભાવને નમવાનું શીખવે છે.

સામ્યભાવ એ આત્માનો સ્વભાવ છે.
રાગ-દ્વેષાદિ ભાવો એ વિભાવ છે.

વિભાવ તરફ ઢળી રહેલા આત્માને
સ્વભાવ તરફ વાળવો એ નમસ્કાર મંત્રનું કાર્ય છે.
અરિહં એ વર્ણમાળાનું સંક્ષિપ્ત સ્વરૂપ છે.
વર્ણમાળા શબ્દબ્રહ્મ સ્વરૂપ છે.
શબ્દબ્રહ્મ એ પરબ્રહ્મનું વાચક છે અને
પરબ્રહ્મ શુદ્ધ જ્ઞાન સ્વરૂપ છે.
કેવળજ્ઞાન જેમાં રહેલું છે અને જ્ઞાન સિવાય બીજા
કોઈ ભાવો રહેલા નથી, તે શુદ્ધ પરબ્રહ્મ સ્વરૂપ
ઉપાસ્ય છે, પૂજ્ય છે, આરાધ્ય છે.
તે સિવાયનું બીજું સ્વરૂપ
અનુપાસ્ય, અપૂજ્ય, અસેવ્ય છે, એ જૈન સિદ્ધાંત છે.
સેવ્યતાનું અવચ્છેદક વીતરાગત્વાદિ ગુણવત્ત્વ છે.
વીતરાગત્વ સર્વજ્ઞત્વની સાથે સંબંધિત છે,
તેથી વીતરાગ અને સર્વજ્ઞ એવું કેવળજ્ઞાન સ્વરૂપ
અને તેની ઉપાસના જ પરમપદની પ્રાપ્તિનું બીજ છે.
નમો એ કૃતજ્ઞતાનો મંત્ર છે અને
નમો જ સ્વતંત્રતાનો પણ મંત્ર છે.
કૃતજ્ઞતા ગુણ એ વ્યવહારધર્મનો પાયો છે
અને સ્વતંત્રતા ગુણ એ નિશ્ચયધર્મનું મૂળ છે.
આત્મદ્રવ્ય સંપૂર્ણ સ્વતંત્ર છે.

અનાદિ કર્મસંબંધ હોવા છતાં કર્મદ્રવ્ય અને આત્મદ્રવ્ય સર્વથા પૃથક્ છે. માત્ર સંયોગ સંબંધ છે અને તે વિયોગના અંતવાળો છે.

કર્મના સંબંધને આદિ અને અંત છે.

આત્મદ્રવ્ય અનાદિ - અનંત છે.

આત્મદ્રવ્યની સ્વતંત્રતા અનુભવીને જગત સમજી બતાવનાર એ જ ખરેખરા ઉપકારી છે.

તે ઉપકારને હૃદયમાં ધારણ કરી તેમના પ્રત્યે અત્યંત આભારની લાગણીવાળા રહેવું અને એ ઉપકારનો બદલો વાળવાની પોતાની અશક્તિને નિરંતર કબૂલ રાખવા, તે વ્યવહારધર્મનું મૂળ છે અને તે જ નિશ્ચયધર્મ પામવાની સાચી યોગ્યતા છે.

નમો મંત્રની ઉપાસના એ કૃતજ્ઞતા ગુણના પાલન દ્વારા સ્વતંત્રતા તરફ લઈ જનારી સિદ્ધ પ્રક્રિયા છે, તેથી નમોને સેતુની ઉપમા ઘટે છે. ભવસાગર તરવા અને મોક્ષનગરમાં પહોંચવા માટે તે સેતુની ગરજ સારે છે. અનાત્મામાંથી આત્મામાં લઈ જઈ, પ્રવૃત્તિથી પરાઙ્મુખ બનાવી, સ્વરૂપની સન્મુખ દોરી જાય છે, તેથી તે દ્વીપ છે, દીપ છે, ત્રાણ છે, શરણ છે, ગતિ છે અને આધાર છે.

નમો દુષ્કૃતગર્હા કરાવનાર હોવાથી દ્વીપ, દીપ, ત્રાણ છે. સુકૃતાનુમોદના કરાવનાર હોવાથી સ્મરણ અને શરણ છે તથા દુષ્કૃત અને સુકૃતથી પર એવા આત્મતત્ત્વની અભિમુખ લઈ જનાર હોવાથી શરણાગમનરૂપ પણ છે. એ રીતે એક નમો મંત્ર જ ભવ્યજીવોને પરમ આલંબન અને પરમ આધારરૂપ બનીને ભવદુઃખનો વિચ્છેદ કરાવનાર તથા શિવસુખની પ્રાપ્તિ કરાવનાર થાય છે.

નમો મંત્ર સ્થૂલમાંથી સૂક્ષ્મમાં જવાનો મંત્ર છે. સૂક્ષ્મમાંથી સૂક્ષ્મતરમાં અને સૂક્ષ્મતરમાંથી સૂક્ષ્મતમમાં જવા માટેની પ્રેરણા પણ નમો મંત્રમાંથી જ મળે છે.

અણુથી પણ અણુ બન્યા વિના

મહાનથી પણ મહાન એવા તત્ત્વની પ્રાપ્તિ શક્ય થતી નથી.

નમો મંત્ર વડે

'અણોરપિ અણીયાન્' અને 'મહતો મહીયાન્'

એવા જૈન વિશેષણોવાળા પરમપદની સિદ્ધિ થાય છે.

## સપ્તદશાક્ષરીમંત્ર

દીવો તાણં સરણં ગઈ પઈટ્ઠા નમો અરિહંતાણં |

પ્રથમનાં બે પદ દ્વીપ-દીપ અને ત્રાણ એ દુષ્કૃતગર્હા-વાચક બનીને ત્રીજું 'સરણં' પદ સુકૃતાનુમોદના

વાચક બને છે તથા છેલ્લાં બે પદ ગતિ અને
પ્રતિષ્ઠા એ શરણાગમનવાચક થાય છે, તેથી
તે પાંચે પદો 'નમો અરિહંતાણં'માં કરેલાં
ત્રણ પદોનો જ અર્થવિસ્તાર બને છે.
તેમાં નમો એ દીવો અને તાણંની સાથે સંબંધ રાખે છે.
સ્મરણં રૂપ અરિહંતપદની સાથે અને
ગતિ તથા પ્રતિષ્ઠા એ તાણં પદની સાથે જોડાઈને
સપ્તાક્ષરી મહામંત્રના ઉદ્દીપક બને છે.
એ રીતે યોજના કરવાથી ૨૭ અક્ષરનો સાંગ મંત્ર
એક જ ભાવને કહેનારો બની જાય છે. - <u>ઇતિ શમ્</u>
'નમો અરિહંતાણં' એ મહામંત્ર છે, શાશ્વત છે,
શાંતરસનું પાન કરાવનાર છે. શાંતરસ એટલે રાગ-દ્વેષ
વિનિર્મુક્ત ઉપયોગ વ્યાપાર, તેને નમસ્કાર.
અરિહં મોહાદિ શત્રુઓનો નાશક છે, તેથી બ્રહ્મસ્વરૂપ છે.
'અરિહં' શબ્દ શત્રુનાશક, પૂજ્યવાચક તથા
શબ્દબ્રહ્મનો સૂચક હોવાથી શાંતરસોત્પાદક છે.
શાંત રસ, સમતા રસ, ઉપશમ રસ શબ્દો એકાર્થક છે.
રાગ-દ્વેષ અને સુખ - દુઃખના સંવેદનથી પર
થયેલો ભાવરસ એ જ સાચો શમરસ છે,
એ જ સમતારસ છે અને એ જ શાંતરસ છે.

'નમો અરિહંતાણં।' એ મંત્ર સાધકના પ્રત્યે ભક્તિ ઉત્પન્ન કરી તેમાં જ એકને તલ્લીન બનાવે છે.

નમો મંત્ર ઉચ્ચારણમાં સરળ, અર્થથી રહસ્યભર અને દૂરથી ઊર્ધ્વાતિઊર્ધ્વમાં લઈ જનાર છે તેથી મહામંત્ર છે.

ઉચ્ચારણ કરતાં જ સર્વ પ્રશ્નોને ઊંચે લઈ જઈ,
પરમાત્મામાં વિલીન કરી આપે છે.

શબ્દથી સરળ, અર્થથી મંગળ અને ગૂઢાર્થથી સર્વોચ્ચ છે.
નમ્રતા એ સર્વ ગુણોની ટોચ છે.

પોતાની જાતને અણુથી પણ અણુ જેટલી માનનાર જ મહાનથી મહાન તત્ત્વની સાથે સંબંધમાં આવી શકે છે.

પ્રકૃતિ એ શૂન્યતાનું જ સર્જન છે.
નમો મંત્રમાં શૂન્યતા છુપાયેલી છે,
તેથી જ તે પ્રકૃતિનું કારણ બને છે.

નમો એ અનાહતસ્વરૂપ છે, કેમકે તે ભાવપ્રધાન છે. નાદ આકારાત્મક છે અને ભાવ અનાકારસ્વરૂપ છે, તેથી તેનું આલેખન અનાહત દ્વારા જ થઈ શકે. વળી નાદોપયોગ અંતર્મુહૂર્તથી વધુ નહિ. ભાવની સ્થિતિ અવ્યાહત છે. તે કારણે લેખથી તેનું આલેખન કે આકલન શબ્દ દ્વારા થઈ શકતું નહિ.

પરમાત્મા નાદગ્રાહ્ય નહિ પણ ભાવગ્રાહ્ય છે.

નમો એ ભાવ અને ભક્તિસ્વરૂપ હોવાથી
તે દ્વારા જ પરમતત્ત્વ અનુભૂત થઈ શકે છે.
જ્ઞાનનો જ્યાં અંત છે, ત્યાં ભાવનો પ્રારંભ છે.
જ્ઞાન દ્વૈતસ્વરૂપ છે, જ્યારે ભાવ અદ્વૈતસ્વરૂપ છે,
તેથી પરમાત્માની સાથેનું અદ્વૈત
નમસ્કારભાવ દ્વારા જ સાધી શકાય છે.
નમસ્કારભાવ પ્રશંસાત્મક છે.
આદર, પ્રીતિ અને બહુમાનવાચક છે.
નમસ્કારભાવ વડે પર તત્ત્વ
પ્રત્યેની અભિરૂચિ પ્રગટ કરાય છે.
જ્યાં રૂચિ ત્યાં જ કાર્ય પ્રવૃત્ત થાય છે, તેથી આત્માનું
કાર્ય અને આત્માની શક્તિને પરમાત્મભાવ તરફ
વાળવા માટે એક નમો ભાવમાં જ સામર્થ્ય છે.
ભાવની ઉત્પત્તિ જ્ઞાનથી છે પણ જ્ઞાન પોતે તો
ભાવસ્વરૂપ નથી. ભાવમાં જ્ઞાન તો છે જ પરંતુ
તેથી કંઈક અધિક છે, તેથી ભાવ અધિક પૂજ્ય છે.
ભાવશૂન્ય જ્ઞાનની કિંમત તો કોડીની ય નથી. અલ્પ
જ્ઞાનથી યુક્ત પણ શુદ્ધભાવની કિંમત અગાધિત છે.
પરમાત્મા મનોમય છે, તેથી તે ભાવગ્રાહ્ય છે.

સર્વ લાભોમાં શ્રેષ્ઠ લાભ નમસ્કારનો લાભ છે.
નમસ્કારલાભમાં નમસ્કાર્ય પ્રત્યે સર્વસ્વનું દાન અને
સર્વસ્વનું સમર્પણ કરાય છે, તેથી તેનું ફળ અગણિત,
અચિન્ત્ય છે. સર્વ પાપને ભેદવા માટે તે સમર્થ છે.
સર્વ મંગળોને ખેંચી લાવવા માટે તે અમોઘ છે.

અનાહતના ત્રણ મંડળો કે આઠ આંટા -
સાડાત્રણ આંટા વગેરે લાભના ગુંચળાકારને જણાવે છે.
તે દરેક આંટા ઉત્તરોત્તર લાભની વૃદ્ધિના સૂચક છે.

આગમનો સાર નમોલાભ છે.
મંત્ર અને યંત્રનો સાર અનાહત છે.
નમોલાભ સમતાલાભની વૃદ્ધિ કરે છે.
તે સમતા અનાહત છે.

તેને સૂચવવા સાડા ત્રણ આંટાનું આલેખન છે.
એમ અનાહત ધ્વનિ પણ અટક્યા વિના ચાલ્યા કરે છે,
તે જણાવવા માટે તેનું આલેખન વર્તુળમાં ન કરતાં
સ્પાઈરલ કે ગુંચળા કરેલું છે.

સંગતમાંથી જિનસંગતમાં જવા માટે તથા
વ્યક્તિમાંથી સમષ્ટિમાં જવા માટે માત્ર લાભ જ સમર્થ છે.
જ્ઞાન કે ક્રિયામાં તે સામર્થ્ય નથી.

લક્ષ જ્યાં સુધી વિશ્વવ્યાપી ન બને, ત્યાં સુધી તે
આવૃત છે. તે સર્વવ્યાપી બને, ત્યારે અનાવૃત થાય છે.

જ્ઞાન અને ક્રિયાના ફળ પરિમિત છે.

લક્ષનું ફળ અપરિમિત છે.

તે અનાવૃતનું આલંબન સૂચવે છે.

લક્ષમાં સમર્પણ છે, ત્યાગ છે, તેથી તો પૂજ્ય છે.
પૂજ્યતાનું અવચ્છેદક દાન છે, પરંતુ ગ્રહણ નહિ.
સર્વોત્કૃષ્ટ દાન સમતાલક્ષ છે. સમતાલક્ષ સર્વ માટે
સમાન ઈચ્છા ધરાવે છે, તેથી તે અનાવૃત છે.

## નમસ્કાર એ પ્રથમ ધર્મ શાથી?

જૈનાગમનું પ્રથમ સૂત્ર 'પંચમંગલ' યાને નમસ્કાર સૂત્ર છે.
એનું પહેલું પદ નમો છે.
એ નમસ્કાર ક્રિયાના અર્થમાં અવ્યય પદ છે, એટલે
એનો અર્થ 'હું નમસ્કાર કરું છું' એવો થાય છે,
તેથી 'નમો અરિહંતાણં'નો સ્પષ્ટ અર્થ
'હું અરિહંત પરમાત્માઓને નમસ્કાર કરું છું' એવો થશે.
અહીં નમો પદ પ્રથમ મૂકીને
એ સૂચવ્યું કે નમસ્કાર એ પ્રથમ ધર્મ છે. નમસ્કાર
એ ધર્મ તરફ પ્રયાણ કરવા માટે મૂળભૂત વસ્તુ છે.
નમસ્કારથી શુભ લક્ષ જાગે છે.

શુભ ભાવથી નમસ્કાર થાય છે
અને નમસ્કારથી સકલ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.
જીવનું સંસાર પરિભ્રમણ અજ્ઞાનના કારણે છે અને
મિથ્યાત્વ તેની પુષ્ટિ કરે છે. અજ્ઞાન હોવા છતાં
'હું સમજદાર છું, બુદ્ધિશાળી છું, જ્ઞાની છું'
એવા મિથ્યાભિમાનનું જ બીજું નામ 'મિથ્યાત્વ' છે.
અજ્ઞાન હોવા છતાં પણ જ્ઞાનીને શરણે ન જવું એ
મિથ્યાભિનિવેશ છે અને એના કારણે
અજ્ઞાનદોષ ટળતો નથી, ઉલ્ટો દૃઢ બને છે.
નમસ્કાર મંત્ર એ મિથ્યાભિનિવેશનું ઔષધ છે.
નમસ્કારમાં 'હું અજ્ઞાન છું' એવી કબૂલાત છે.
એ કબૂલાત અજ્ઞાનની ગર્હા કરાવે છે અને જ્ઞાનીની
સ્તુતિ કરે છે. જીવમાં સરળ ભાવ પ્રકટાવે છે અને
એ સરળતા જ મોક્ષમાર્ગની પ્રથમ શરત છે.
બાળક અજ્ઞાની છે પણ જો માતા-પિતાના શરણે
રહે તો જ્ઞાની પણ થાય છે અને સુખી પણ થાય છે,
પરંતુ અજ્ઞાનની સાથે અહં હોય,
પોતાથી અધિક જ્ઞાનીને શરણે રહેવાની તૈયારી ન હોય,
તો તે બાળક મોટું થતું જાય છે, તેમ તેમ

તે બાબત વધુને વધુ આપત્તિમાં આવતા પડે છે.

મોક્ષમાર્ગમાં પણ અજ્ઞાન ક્ષંતવ્ય છે,

કિન્તુ તેનો અભિનિવેશ અક્ષંતવ્ય છે.

નમો મંત્ર તે અભિનિવેશને ટાળી આપે છે.

નમો મંત્ર નમ્રતાને વિકસાવે છે. નમો મંત્ર વડે જ્ઞાનીઓની પરાધીનતાનો સ્વીકાર કરવામાં આવે છે. જ્ઞાનથી અજ્ઞાનતા ટળે છે, એ વાત સાચી છે, તો પણ અધૂરું જ્ઞાન જ્યાં સુધી છે, ત્યાં સુધી તેનો પણ અહંકાર થવાનો સંભવ છે, માટે જ્યાં સુધી જ્ઞાન પૂર્ણ ન થાય, ત્યાં સુધી નમ્રતા પરમ આવશ્યક છે. નમો મંત્ર સ્વલઘુભાવ સદા ટકાવી રાખે છે. એના પ્રભાવે જ જીવ પૂર્ણદશાને એક વખત પામી શકે છે.

જ્ઞાન જ્યાં સુધી અપૂર્ણ છે,

ત્યાં સુધી પૂર્ણ જ્ઞાનીની પરાધીનતા જ જીવને

આગળ વધવામાં સહાયકારી બની શકે છે.

જ્ઞાની પ્રત્યે નમ્રતા અને જ્ઞાનીની આજ્ઞા પ્રત્યે

પરાધીનતા એ છદ્મસ્થમાત્રનો પ્રથમ ધર્મ છે.

જેને નમવામાં આવે તેની ઉચ્ચતાનો અને પોતાની

જાતની લઘુતાનો ભાવ કાયમ ટકાવી રાખવા માટે

જીવને નમવાની પરમ આવશ્યકતા છે.

વારંવારનો નમસ્કાર નમ્રતા અને પરાધીનતાને પુષ્ટ કરે છે.
જેના પ્રત્યે આપણે નમ્ર અને આધીન બનીએ છીએ,
તે આપણા હિત માટે શું કરે છે,
તે જાણવાની જિજ્ઞાસા જાગે છે અને તેમની હિતકારી
આજ્ઞાને જીવનમાં જીવવાનું બળ પણ પ્રાપ્ત થાય છે.
જે બાળક પોતાના વડીલો પ્રત્યે નમ્ર અને પરાધીન
વૃત્તિવાળો હોય છે, તે તેમના આદેશોને અનુસરી
શકે છે અને તેથી પોતાના વિકાસને સાધી શકે છે.
એ માટે નમસ્કાર એ પરમ સાધન છે.
નાનપણથી જ બાળકને માતા-પિતાદિને
પ્રણામાદિ કરવાનું શીખવવામાં આવ્યું હોય છે,
તેથી તેના મન ઉપર પૂજ્યતાનો ભાવ ટકી રહે છે.
આ રીતે લૌકિકમાં કે લોકોત્તરમાં
નમસ્કાર એ સૌથી પ્રથમ ધર્મ છે.
જ્યાં સુધી પૂર્ણ જ્ઞાની ન બનાય, ત્યાં સુધી
પૂર્ણ જ્ઞાનીને અને એમના સ્વરૂપ તથા ઉપદેશને
સમજાવનાર સાધક જ્ઞાની એવા ગુરુને આશ્રયે
રહેવું જ જોઈએ અને એ માટે વારંવાર નમસ્કારનો
આશ્રય લેવો જ પડે. વારંવારનો એ નમસ્કાર

આપણા મન ઉપર દેવ-ગુરુની આધીનતા અને
આશ્રિતતાનો ભાવ સદા જાગૃત રાખે છે અને
ગુરુના હિતોપદેશ પ્રત્યે આદર-બહુમાનનો ભાવ
ટકાવી રાખે છે, તેથી નમસ્કારને સૌથી પ્રથમ ધર્મ
કહેવાય છે અને બાકી સર્વ ધર્મોનું ફળ તે મૂળ છે
અને સ્વરૂપથી સમજી શકાય છે.

મંત્ર એટલે ગુહ્યભાષણ. મંત્ર એટલે આમંત્રણ.
જેને નમવામાં આવે છે,
તેને હૃદયદેશમાં પધારવા માટેનું નિમંત્રણ.

નમસ્કાર એ મંત્ર છે. મંત્ર એટલે મનનું રક્ષણ.
મંત્રના વર્ણો વડે મનનું સંકલ્પ-વિકલ્પથી રક્ષણ થાય છે.
મંત્ર એટલે વિશિષ્ટ મનન અને તે વડે જીવનું રક્ષણ.
વિશિષ્ટ મનન સમ્યગ્જ્ઞાનનું સાધન બને છે અને
સમ્યગ્જ્ઞાન શુભભાવ જગાડી જીવનું રક્ષણ કરે છે,
જીવને અધો માર્ગે જતાં રોકી ઊર્ધ્વ માર્ગે ચઢાવે છે.
સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રમાં રહેવું તે ઊર્ધ્વ માર્ગ છે.
મિથ્યાજ્ઞાન-દર્શન-ચારિત્રમાં રહેવું તે અધો માર્ગ છે.
મંત્ર મિથ્યારત્નત્રયમાંથી જીવને છોડાવી સમ્યગ્રત્નત્રયી
તરફ લઈ જાય છે, તેથી તે વિશિષ્ટ મનન વડે રક્ષણ
કરાવનાર છે, એમ સાબિત થાય છે.

Dt: 11-2-68

## અખૂટ ફળ આપનારું દાન તે નમસ્કાર.

નમો મંત્ર દ્વારા પંચ પરમેષ્ઠિ ભગવંતોને અપાતું સન્માનનું દાન બદલામાં મોટામાં મોટું ગણાતું દાન કરે છે અને એ દાન તે પોતાના શુદ્ધ આત્માનું દાન.

પોતાના શુદ્ધ આત્માનું અનાદિકાળથી થએલું વિસ્મરણ એ જ અનંત દુઃખનું મૂળ છે અને તેનું સ્મરણ એ જ અનંતસુખનું કારણ છે. નમસ્કાર દ્વારા પંચ પરમેષ્ઠિનું સ્મરણ એ પોતાના શુદ્ધ આત્માનું સ્મરણ કરાવીને અનંતકાળ સુધી પણ ન ખૂટે તેવું અખૂટ દાન કરે છે. જે આપનારા જ છે પણ કદી પણ લેનારા નથી, તેમને આપવામાં આવતું દાન એ જ એક એવું દાન છે કે તેનું ફળ અક્ષય બને છે. પંચ પરમેષ્ઠિ ભગવંતો સન્માન લેવાની ઇચ્છારહિત હોવાથી અને બીજાને પોતાના સર્વસ્વનું દાન કરવા માટે જ જેમનું દુનિયામાં અસ્તિત્વ છે, તેમને નમસ્કાર દ્વારા જ્યારે સન્માનનું દાન હૃદયથી કરવામાં આવે છે, ત્યારે તેનું ફળ અપરિમિત બને છે.

આનંદઘનજી મહારાજ કહે છે કે:

અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે
અમિત ફળ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજ રે
શાંતિજિન એક મુજ વિનતિ - (૧)

વળી અન્યત્ર પણ કહ્યું છે કે:

નમસ્તુભ્યં નમસ્તુભ્યં નમસ્તુભ્યં નમો નમઃ |
નમો મહ્યં નમો મહ્યં નમો મહ્યં નમો નમઃ ||૧||

પરમાત્માને નમસ્કાર એ
પોતાના આત્માને જ નમસ્કાર છે અને પોતાના
આત્માને નમસ્કાર એ પરમાત્માને જ નમસ્કાર છે.
નમો એ આત્મનિવેદન ભક્તિનો એક પ્રકાર છે.
નમો દ્વારા નમસ્કાર કરનારો પરમાત્માની આગળ
'હું તમારો જ અંશ છું, સેવક છું, દાસ છું.'
એવું પોતાનું આત્મનિવેદન કરે છે.
નમો દ્વારા પ્રભુનું અને પ્રભુના નામનું
શ્રવણ, કીર્તન અને સ્મરણ થાય છે.
પ્રભુના રૂપનું વંદન, અર્ચન અને પૂજન થાય છે.
નમો દ્વારા પરમાત્માની સાથે
ભક્તનો તાત્ત્વિક સંબંધ સ્થાપન કરાય છે.
નમો દ્વારા સાચો સંબંધ સ્થપાય છે.

નમો એ... Dt: 12-2-68

પરબ્રહ્મની સાથે ઐક્ય સંબંધ કરાવનાર મહામંત્ર છે.
તે આત્મનિવેદનપૂર્વકની શરણાગતિને સૂચવે છે.
અહંતા - મમતા એ પાપ છે. તેનું મૂળ અજ્ઞાનતા છે.
અજ્ઞાન સહિત સર્વ પાપોનો નાશ કરવાની શક્તિ
નમસ્કારમાં છે કેમકે નમસ્કારમાં આત્મસમર્પણ થાય છે.
સમર્પણ = અનાત્મપદાર્થોમાં આત્મબુદ્ધિનું વિસર્જન.
સમર્પણ = આત્મભાવમાં નિમજ્જન.
તે નિમજ્જનનું જ બીજું નામ શરણાગતિ છે.
મોટામાં મોટાં પાપ અહંતા અને મમતાનાં છે.
આત્મનિવેદન - શરણાગતિ વડે તેનો અંત આવે છે.
એ બંને પાપોનું મૂળ સંબંધનું અજ્ઞાન છે.
નમસ્કારથી સાચો બ્રહ્મસંબંધ સધાય છે, તેથી અજ્ઞાન,
પાપ તથા તેનાં વિવિધ વિપાકનો સદા માટે અંત આવે છે.

°

Prostration to those who dwell within the real nature of the soul which is only consciousness. prostration is in the sense of veneration reverance & devotion.

Let there be peace on the earth
and let it begin with me.
Sinner seeks God and is saved.
God seeks the sinner
and God is satisfied.
To give is to get and to
snatch is to lose.
The supreme - self is
more than the quantitative
aggregate of the universe.
જેના પક્ષમાં supreme છે, તે સમગ્ર વિશ્વથી ય અધિક છે.
પરમના પક્ષમાં રહેલો સાધારણ જીવ સર્વથી ચઢિયાતો છે.
વિશ્વપતિ કરતાં પરમપતિ શ્રેષ્ઠ છે.
o My body is not material but
spiritual in as much as there
is divine intelligence at the
centre of each soul.
આઠ રૂચક પ્રદેશ સર્વના ખુલ્લાં છે.

સં-૨૦૨૪, મહા વદી ૯, ગુરુવાર, નાંદીયા

## નમામિ અને ખમામિ મંત્રનો મહિમા

નયવાદી ચિત્રકાર છે, સ્યાદ્વાદી વિચિત્રકાર છે,
ઋણમુક્તિ એ કર્મમુક્તિ છે.
ઋણમુક્તિ એ કૃતજ્ઞતા અને પરોપકારની કૃતિ છે.
ઉપકાર પ્રત્યે કૃતજ્ઞભાવ અને અપકાર પ્રત્યે
ઉપકૃતિનો ભાવ આવ્યા વિના ઉભય ઋણમુક્તિ નહિ.
એક ઋણ ઉપકાર લેવાથી થાય છે,
બીજું ઋણ અપકાર કરવાથી થાય છે.
ઉભય ઋણની મુક્તિ માટે
'નમામિ' અને 'ખમામિ' બંને મંત્રની સરખી જરૂર છે.
સ્મૃતિને ચિરંજીવ બનાવવા અને
નિરાકારને સાકાર રૂપ આપવા માટે
મૂર્તિ - ચિત્ર - કવિતા કે સંગીતની જરૂર પડે છે.
પવિત્ર માનસિક ભાવો કે અમૂર્ત ગુણોને
નિરંતર સ્મૃતિપથમાં ટકાવી રાખવા માટે
ચિત્ર, મૂર્તિ કે આકૃતિની જરૂર પડે છે.
મૂર્તિને સ્વીકાર્યા વિના અમૂર્ત અને અમૂર્તને તન,
મન, ધનથી યા મન, વચન, કાયાથી પૂજવું અશક્ય છે.

મૂર્તિ દ્વારા અમૂર્તને પૂજવાની આબાલ-ગોપાલ સર્વને
સરળતા પ્રાપ્ત થાય છે. પૂજ્ય વસ્તુ અમૂર્ત હોવા
છતાં તેને પૂજવા, તેનું સ્મરણ-કીર્તન કરવા માટે,
તેનું વંદન-પૂજન-અર્ચન કરવા માટે, તેના પ્રત્યે પ્રીતિ
-ભક્તિ જતાવવા, તેના સમક્ષ આત્મનિવેદન કરવા
માટે પૂજકને મૂર્તિ એ જ એક વ્યવહારુ સાધન છે.

મૂર્તિ એ અમૂર્તનું મૂર્ત સ્વરૂપ છે, તેથી
મૂર્તિ દ્વારા અમૂર્ત જ પૂજાય છે.

ગુણાઃ પૂજાસ્થાનં, ગુણિષુ લિંગં ન ચ વયઃ ।
એ સુભાષિત મુજબ લિંગ કે વય પૂજ્ય નથી,
કિન્તુ ગુણીના ગુણો પૂજાનું સ્થાન છે.
તે ગુણો અમૂર્ત હોય છે.

અમૂર્તનું ગ્રહણ કરવા મૂર્ત પ્રતીકની આવશ્યકતા છે.
ઇંદ્રિયો તથા મનનો સ્વભાવ જ મૂર્તને ગ્રહણ કરવાનો છે.

મન દ્વારા ગૃહીત મૂર્ત વસ્તુ ઉપરથી
બુદ્ધિ અમૂર્તની કલ્પના કરી શકે છે.

મૂર્તિ દ્વારા અમૂર્તને પૂજવાની પ્રથા સનાતન છે.

નામ અમૂર્ત છે,
તે અક્ષરોની મૂર્ત આકૃતિ દ્વારા જ બોધ પકડાય છે,

જેમ જ્ઞાનવાન સદ્ગુરુઓમાં રહેલ જ્ઞાનાદિ ગુણોને પૂજવા માટે તેમના શરીરની આકૃતિ સદૃશ આકૃતિ દ્વાર બને છે. અમૂર્ત આત્માનું ગ્રહણ મૂર્ત શરીર દ્વારા થાય છે, તેમ જ આત્માના અમૂર્ત ગુણોનું ગ્રહણ મૂર્તિ કે ચિત્ર કે કવિતા યા સંગીત દ્વારા જ થઈ શકે છે, તેથી જ સર્વ કળાઓમાં શિરોમણિભૂત કળાઓ તરીકેનું સ્થાન શિલ્પની કળાને, ચિત્રકળાને તથા સાહિત્ય - સંગીત આદિ કળાઓને મળેલું છે.

શાસ્ત્રકારોની જેમ જ કળાકારોનો પણ
આત્મઉત્થાનમાં પરમ ફાળો છે.

શાસ્ત્ર વિના જેમ આધ્યાત્મિક ઉન્નતિ અશક્ય છે, તેમ શિલ્પાદિ કળાઓનું અસ્તિત્વ ન હોય તો પણ સંસારી જીવોનું આધ્યાત્મિક ઉત્થાન અશક્ય બને છે, તેથી શાસ્ત્રોની જેમ જ મૂર્તિ તથા મંદિરાદિ શિલ્પોને આદરની નજરથી જોવા યોગ્ય છે અને તે કારણે જ 'પંચમકાળે સાક્ષાત્ જ્ઞાનીના વિરહકાળમાં ભવ્યજીવોને જિનાગમ અને જિનમૂર્તિનો જ એક આધાર છે' એમ કહેવાયું છે, તે પરમ સત્ય છે.

આગમ દ્વારા સાહિત્યાદિ કળાઓનું અને મૂર્તિ દ્વારા ગીત, નૃત્ય, સંગીતાદિ કળાઓનું ગ્રહણ થઈ જાય છે.

જ્ઞાન મેળવવાની સામગ્રી સાહિત્ય અને શાસ્ત્ર
દ્વારા પુરી પડે છે અને ધ્યાન કેળવવાની સામગ્રી
મૂર્તિ તથા તેની પૂજા દ્વારા પૂરી થાય છે.

પૂજામાં પણ ઉત્કૃષ્ટ પૂજા

ગીત, નૃત્ય અને વાજિંત્રાદિ દ્વારા માની છે, કેમકે
તેમાં ચિત્તની એકાગ્રતા, લીનતા અને તન્મયતા
ઉત્પન્ન કરવાનું અદ્‌ભુત સામર્થ્ય રહેલું છે.
જ્ઞાનનો સંબંધ મુખ્યત્વે બુદ્ધિની સાથે છે,
ધ્યાનનો સંબંધ સાક્ષાત્ હૃદય સાથે છે.
જ્ઞાન હોય પણ ભક્તિ ન હોય,
તો તે જ્ઞાન પ્રાણ વિનાનું શુષ્ક બને છે.
જ્ઞાનમાં પ્રાણ પુરવાની શક્તિ ભક્તિમાં છે.
ભક્તિ એટલે હૃદય અને જ્ઞાન એટલે બુદ્ધિ.
શરીરમાં બુદ્ધિ - મગજ હોય પણ હૃદય ન હોય, તો
તે જીવ જીવિત રહી શકતું નથી, તેમ આત્મામાં પણ
જ્ઞાન હોય પરંતુ ભક્તિ ન હોય, તો તે જ્ઞાન લાંબો
વખત ટકતું નથી. જ્ઞાનને ટકાવનાર, વધારનાર અને
પૂરી બનાવનાર ભક્તિ જ છે, તેથી મુક્તિમાર્ગમાં જ્ઞાન
કરતાં અપેક્ષાએ ધ્યાન અને ભક્તિનું સ્થાન ઊંચુ માન્યું છે.
ભક્તિમાર્ગ ધ્યાનનો પોષક છે.

જ્ઞાનના અધિકારી અલ્પ છે - ભક્તિના અધિકારી સૌ કોઈ છે.

જ્ઞાન પ્રયત્નસાધ્ય છે, ભક્તિ સહજસાધ્ય છે.

જ્ઞાન સૌમાં સરખું હોતું નથી, હૃદય સૌમાં સરખું હોય છે.

એક લેખક સાચું જ કહે છે કે:

'અનંત શક્તિથી ભરેલા ભગવાન ક્ષણભંગુર મનુષ્યની કમજોર બુદ્ધિથી કદાપિ પ્રાપ્ત થઈ શકે નહિ.

એમને પામવા માટે મનુષ્યે પોતાની બુદ્ધિનું ક્ષુદ્ર ગુમાન મૂકી દઈને સજળ નેત્રે તથા ગદ્ગદ્ કંઠે એમની અનન્ય શરણાગતિ સ્વીકારવી જોઈએ.'

ભગવાન ભાવગમ્ય છે, બુદ્ધિગમ્ય નહિ...

એટલું ભક્તો આપણને કહે છે.

ભગવાનને પામવાનો માર્ગ મસ્તક નહિ, હૃદય છે.

હૃદય સાફ-કોમળ હશે તો જ ભગવાન તેમાં ઉતરશે. હૃદયને સાફ રાખવા સારુ ભગવાને આપણને સૌને બુદ્ધિ આપી છે. એ બુદ્ધિનો ઉપયોગ આપણે જો હૃદયને મેલું કરવામાં કરીએ, તો એ કંઈ આપણને રોકવા આવવાનો નથી. આપણે આપણી બુદ્ધિ ક્યાં અને કેવી રીતે વાપરવી, એ માટે સ્વતંત્ર છીએ.

ભગવાન તો એટલું જ કહે છે કે:

'હું તને હૃદયમાં મળીશ, ભેજે નહિ, માટે

તું મારી આપેલી બુદ્ધિને હૃદયમાં વાળ, જાણે નહિ?
બુદ્ધિને હૃદયમાં વાળવી = સર્વ જીવને આત્મસમાન માનવા.
મને જેમ સુખ પ્રિય છે, તેમ સર્વને સુખ પ્રિય છે.
મને દુઃખ અપ્રિય છે, તેમ સર્વને પણ દુઃખ અપ્રિય છે.

જે સુખને હું મારા માટે ચાહું છું,
તે સુખને સર્વ માટે ચાહવું - ઈચ્છવું અને
જે દુઃખને હું મારા માટે ઈચ્છતો નથી, તે કોઈને
માટે પણ ન ઈચ્છવું. આને 'હૃદયની શુદ્ધિ' કહે છે.
આવા શુદ્ધ હૃદયમાં જ ભગવાન પધારે છે, કેમકે પછી
ભક્તનો અને ભગવાનનો સ્વભાવ સમાન બની જાય છે.
સમાનેષુ સખ્યં । એ નિયમ અહીં પણ લાગુ પડે છે.
ચિત્તમાં ત્રણ દોષ રહેલા છે: મલ, વિક્ષેપ તથા આવરણ.
તે અનુક્રમે તમોગુણ - રજોગુણ - સત્ત્વગુણનું પરિણામ છે.

તમોગુણનો નિગ્રહ સતતાભ્યાસ વડે થાય છે,
રજોગુણનો નિગ્રહ વિષયાભ્યાસ વડે થાય છે અને
સત્ત્વગુણનું શમન ભાવાભ્યાસ વડે થાય છે.
ઉપર દર્શિતકારી સતતાભ્યાસને નિષ્કામ કર્મયોગ,
વિષયાભ્યાસને ભક્તિયોગ અને
ભાવાભ્યાસને રાજયોગ કહે છે.
નિષ્કામ કર્મ કરવાથી મલદોષ જાય છે,

નિષ્કામ ભક્તિ કરવાથી વિક્ષેપદોષ જાય છે અને
શ્રવણ-મનનાદિ વડે આત્મજ્ઞાનનો અભ્યાસ કરવાથી
આવરણ ભંગ થાય છે, આત્મદર્શન-સાક્ષાત્કાર થાય છે.
બધી સાધનાનું ધ્યેય આત્મદર્શન - આત્મસાક્ષાત્કાર છે.

આત્મદર્શનનું સાક્ષાત્ સાધન આત્મધ્યાન છે
અને આત્મધ્યાનનું સાધન સમતા છે.

સમતા વિના ધ્યાન અને ધ્યાન વિના નિષ્કંપ સમતા નહિ.
સમતા અને ધ્યાનને પરસ્પર કાર્ય - કારણભાવ છે.

સમતા એક પ્રકારનો ભાવ છે.
'પરમાત્મા ભાવગ્રાહ્ય છે' તેનો અર્થ
પરમાત્મા સમતાભાવ વડે ગ્રાહ્ય છે.

સમતાભાવ અને વીતરાગભાવ બંને એક જ છે.
જ્યારે ભાવમાં રાગ-દ્વેષની વૃત્તિઓ વિલીન થઈ જાય,
ત્યારે જ સમતાભાવ આવિર્ભાવ પામે છે.

સમતાભાવની બે બાજુ છે:
એક છે વિજાતીય પ્રત્યે નિર્મમભાવ
અને બીજો સજાતીય પ્રત્યે સ્નેહભાવ - મમતા.
તે સ્યાદ્વાદ-સપ્તભંગીના જ્ઞાનથી સ્થિર કરી શકાય છે.

સ્યાદ્વાદ સપ્તભંગી વસ્તુમાત્રનું
પરરૂપથી નાસ્તિત્વ, સ્વરૂપથી અસ્તિત્વ બતાવે છે

તથા ઉભય રૂપથી વસ્તુનું યુગપત અવાચ્યત્વ
ઇત્યાદિ સ્વસંવેદ્યત્વ બતાવે છે.

'આત્માની સ્વરૂપથી પૂર્ણતા અને પરરૂપથી શૂન્યતા છે'
એ જ્ઞાન જ્યારે સ્થિર બને છે, ત્યારે વિજાતીય તત્ત્વ
પ્રત્યે વૈરાગ્ય નિર્મમતા અને સજાતીય તત્ત્વ પ્રત્યે
મૈત્રી સમાનતાનો જે અધ્યવસાય જાગે છે,
એનું જ બીજું નામ સમતા છે. એ સમતા જ્યારે
અનાહત બને છે, ત્યારે પરમાત્મસ્વરૂપ ઉપલબ્ધ કરે છે.
પરમાત્માની સાથે આ સમતાનો અભિન્નભાવ છે.
'પરમાત્મા ભાવગ્રાહ્ય છે' એનો સ્પષ્ટ અર્થ
એ થયો કે પરમાત્મા સમતાગ્રાહ્ય છે.

સમતા એ સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યતાનો
અને સર્વ અજીવો પ્રત્યે આત્મભિન્નતાનો ભાવ છે.
રાગાદિ ભાવો પણ અજીવના સંબંધથી અજીવ છે,
તેથી રાગાદિરહિત એવો ચૈતન્યસ્વભાવ જ પરમાત્મ-
ભાવ છે અને એની પ્રાપ્તિનો ઉપાય સમતાભાવ છે.
એ સમતા જ્ઞાન ઉપરાંત ધ્યાનથી સાધ્ય છે અને
એ ધ્યાનની સ્થિરતા માટે વીતરાગ અને સર્વજ્ઞ-
સ્વરૂપ પરમાત્માની ઉપાસના નિરંતર કર્તવ્ય છે.

'દેવો ભૂત્વા દેવં યજેત્' દેવની ઉપાસના કરનારે
દેવ જેવા બનીને દેવની ઉપાસના કરવી જોઈએ.

દેવ વીતરાગ અને સર્વજ્ઞ છે.

'વીતરાગ'નો અર્થ શત્રુ - મિત્ર પ્રત્યે રાગ-દ્વેષરહિત
સમાનભાવ અને સુખ - દુઃખ પ્રત્યે માત્ર સાક્ષીભાવ.

સાક્ષીભાવ એ સર્વજ્ઞતાનું જ સૂચક છે.

રાગ-દ્વેષરહિતતા એ વીતરાગતાનું ચિહ્ન છે.

જગતમાં પણ કંઈચિત્ રાગ-દ્વેષરહિતતા અને સુખ-દુઃખ
સમશીલતા તો છે-માત્ર ઉદાસીનભાવે સાક્ષિતા આવશ્યક છે.

તે બંને ભાવાત્મક અવસ્થા છે, તેથી
વીતરાગનો ઉપાસક સમતાભાવનો ઉપાસક છે.

તે સમતાભાવનું મૂળ અનેકાંતભાવનાજનિત તત્ત્વજ્ઞાન
છે અને તેનું ફળ તે તત્ત્વજ્ઞાનથી ઉપબૃંહિત અહિંસા-
સંયમ - તપની ક્રિયા છે, તેથી જ સિદ્ધચક્રના ઉપાસકમાં
કોમળતા, દાન્તતા અને શાન્તતા આવશ્યક માની છે.

સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય ભાવથી
અહિંસા અને ક્ષમા બને છે,

સર્વ સ્ત્રીઓ પ્રત્યે માતૃભાવથી સંયમ બને છે અને
ઇંદ્રિયોનો દમ તથા પરધન પ્રત્યે લોષ્ટુભાવ
ઇચ્છારોધ કરવાથી તપ અને નિર્લોભતા - અપર શબ્દમાં

ઇચ્છાનિરોધ અને શાંતતા ઉત્પન્ન થાય છે.

એ રીતે વીતરાગનો ઉપાય:

કથંચિત્ વીતરાગ અને કથંચિત્ સર્વજ્ઞત્વ બને છે.

સમતા, વીતરાગતા, સર્વજ્ઞતા - એ સર્વ

પરસ્પર અવિનાભાવી સંબંધ ધરાવે છે.

જ્યાં સમતા, ત્યાં વીતરાગતા.

જ્યાં તે બે હોય, ત્યાં અવશ્ય સર્વજ્ઞતા જન્મે છે.

આ સમતા તત્ત્વજ્ઞાનથી ઉપબૃંહિત હોવી જોઈએ

અને સત્ક્રિયાથી ફલિત હોવી જોઈએ.

તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ સ્યાદ્વાદની ભાવનાથી થાય છે.

સ્યાદ્વાદ યા અનેકાન્તવાદજનિત તત્ત્વજ્ઞાન જ

નિષ્પક્ષ અને અને નિર્બંધ સમતા જન્માવી શકે છે.

આત્માનું સ્વરૂપ કથંચિત્ ભાવાભાવાત્મક,

નિત્યાનિત્યાત્મક, એકાનેકાત્મક તથા ભેદાભેદાત્મક છે.

એમ અનેકાન્તવાદ કહે છે.

સ્વરૂપથી સત્, પરરૂપથી અસત્, દ્રવ્યથી નિત્ય,

પર્યાયથી અનિત્ય, ગુણ અને જાતિથી એક - અભિન્ન,

પર્યાય અને વ્યક્તિથી અનેક - ભિન્ન,

ઇત્યાદિરૂપે વસ્તુને વિચારતાં

સુખ - દુઃખ, રાગ-દ્વેષાદિનો નિગ્રહ સુલભ બને છે.
'સુખ - દુઃખ એ અવસ્થા છે' તેને ગૌણ બનાવીને
'અવસ્થાવાન એવો દ્રવ્યથી નિત્ય આત્મા છે'
એમ વિચારવાથી સુખ - દુઃખથી પર રહી શકાય છે.
એ રીતે 'શત્રુ-મિત્ર પણ જાતિ અને ગુણથી એક છે'
એમ વિચારવાથી બંને પર તુલ્યભાવ જાળવી શકાય છે.
ભેદના વિચારથી બાહ્ય વ્યવહારની શુદ્ધિ જળવાય છે,
અભેદના વિચારથી અંતરંગભાવની શુદ્ધિ સચવાઈ રહે છે.

સુખ - દુઃખ એ અંતરંગ અવસ્થા છે,
શત્રુ - મિત્ર એ બહિરંગ અવસ્થા છે.
'આત્માનું અંતરંગ ઉપયોગ લક્ષણ એક જ છે.
ઉપયોગનો આધાર દ્રવ્ય પણ એક જ છે.'

એ વિચારથી અનુકૂળ - પ્રતિકૂળ પરિસ્થિતિમાં સમાનભાવ સુલભ બને. બહિરંગ લક્ષણ ઉપગ્રહ છે, તેથી તેમાં તિર્યક્સામાન્યના વિચારથી સમાનભાવ ટકાવી શકાય છે. એ રીતે સ્યાદ્વાદભાવનાજનિત તત્ત્વજ્ઞાન જેનું મૂળ છે તથા સત્ક્રિયા અને સદાચાર જેનું ફળ છે એવો સમતાભાવ એ જ ઉપાસકને વીતરાગની ઉપાસનાનો સાચો અધિકારી બનાવે છે. Nandia, 21-2-68

નમામિ સવ્વ જિણાણં | ખમામિ સવ્વ જીવાણં |
જિનસ્વરૂપ જ્ઞાનમાત્રમાં રહેવું છે.
તે જ્ઞાનચેતનારૂપ છે.
જ્ઞાનચેતના રાગાદિરહિત છે, તેથી સંવરરૂપ છે અને
તે જ્ઞાનાદિસહિત છે, તેથી નિર્જરારૂપ છે.
સંવર - નિર્જરા એ જ્ઞાનચેતનાનું રૂપ છે,
તેથી મોક્ષનું ઉપાદાન છે.
તે રાગાદિરહિત છે, માટે વીતરાગસ્વરૂપ છે.
તે જ્ઞાનાદિસહિત છે, માટે સર્વજ્ઞરૂપ છે.
વીતરાગતા અને સર્વજ્ઞતા એ ઉપાસ્યતાનું અવચ્છેદક છે,
તેથી જ્ઞાનચેતના એ જ
જ્ઞાતવ્ય, ધ્યાતવ્ય, ઉપાસિતવ્ય અને શરણ્ય છે.
જેમની જ્ઞાનચેતના આવરણરહિત છે, તેવા સર્વજિનો
તે રૂપણે આરાધ્ય, સેવ્ય અને ઉપાસ્ય છે.
સર્વજીવોમાં તે જ્ઞાનચેતના પ્રચ્છન્નભાવથી રહેલી છે,
તેથી તે પણ તત્ત્વથી આરાધ્ય છે.
નમામિ સવ્વ જિણાણં | અને ખમામિ સવ્વ જીવાણં |
સર્વજીવોની સાથે ગુહ્ય ભાવરૂપ એકતા મંત્રસ્વરૂપ છે,
જેના વડે સર્વ જીવો સાથે આભ્યંતર સંબંધ થાય છે.

તે મંત્રણા સર્વ ગુણોને આમંત્રણરૂપ છે
અને સર્વ દોષોને મૂળમાંથી ઉખેડી નાંખનાર છે.
સર્વ દોષોનું મૂળ સર્વ જીવોમાં રહેલ
જ્ઞાનયોગનો અનાદર છે.
સર્વ ગુણોનું મૂળ જ્ઞાન એ યોગનો આદર છે.
કર્મયોગ અને કર્મફળયોગમાં પ્રાણ
પ્રાણ પુરનાર તત્ત્વ જ્ઞાનચેતના છે.
જીવમાત્રનું મૂળ સ્વરૂપ ઉપયોગ છે.
ઉપયોગ એ જ્ઞાનયોગ છે અને
તે જીવોને પરસ્પર ઉપગ્રહકારક છે.
ઉપગ્રહકારક એટલે એવા સમજવું કે:
'અનુગ્રહ - નિગ્રહમાં પરમ નિમિત્તભૂત - જ્ઞાનયોગનો
અનાદર નિગ્રહકારક છે અને આદર અનુગ્રહકારક છે.'
તે જ જિનધર્મનું મૂળ છે.
જિનવરેન્દ્રોના ઉપદેશનો તે સાર છે. કહ્યું છે કે:
જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિકતણી
તેમ જે જીવ સ્વભાવ,
તે જિન વીરે રે ધર્મ પ્રકાશીઓ
પ્રબળ કષાય અભાવ. ...(૧)

## આઠ પ્રકારના આત્મા

શાસ્ત્રોમાં આઠ પ્રકારના આત્મા કહેલા છે:
દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા,
જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા અને વીર્યાત્મા.
કષાય અને યોગના કારણે આવરણ છે, તેથી પ્રથમ
બે આત્મા ત્યાજ્ય છે, બાકીના છ પ્રકાર ઉપાદેય છે,
કેમકે તે જીવનું સ્વતત્ત્વ (સ્વરૂપ) છે.
સર્વજિનોને નમન કરવામાં ઉપાદેયાત્માનું ગ્રહણ થાય છે.
સર્વ જીવોને ખમાવવામાં પોતાના
યોગાત્મા અને કષાયાત્માનું વિસર્જન થાય છે.
'સર્વજિન' શબ્દનો એક અર્થ 'સાર્વજિન' પણ થાય છે.
સર્વેભ્યો હિતા ઇતિ સાર્વાઃ -
સાર્વાશ્ચ તે જિનાઃ સાર્વજિનાઃ ।
સર્વજીવોને હિતકારી એવા જિનોને નમસ્કાર - હિતકારી
એટલા માટે કે તેઓ જિનસ્વરૂપ પામેલા હોવાથી
સર્વ જીવોને પોતાનું સ્વરૂપ પામવા માટે
આદર્શ - પ્રેરણા અને આલંબન આપે છે.
'સાર્વ' શબ્દનો બીજો અર્થ સર્વજ્ઞ સંબંધી.
સર્વજ્ઞ ભગવંતોએ કહેલ જીવનું શુદ્ધ જ્ઞાનચૈતન્ય-

સ્વરૂપ ન સદ્દહવાથી, ન જાણવાથી અને તેનો આદર ન કરવાથી અથવા તેની અવગણના કે આશાતના કરવાથી કર્મ ઉપાર્જન થાય છે, તેની ક્ષમાપના કરવાની રીત છે.

જીવોના પ્રગટ કે પ્રચ્છન્ન શુદ્ધસ્વરૂપના અનાદરમાં સર્વજ્ઞ વચનનો અનાદર છે અને સર્વજ્ઞવચનના અનાદરમાં સર્વજ્ઞ ભગવંતોનો જ અનાદર છે.

સર્વજ્ઞ ભગવંતોના અનાદરમાં પોતાના જ વીતરાગ અને સર્વજ્ઞસ્વરૂપનો અનાદર છે, તેથી પોતાના મૂળ જ્ઞાન-સ્વરૂપનો આદર કરવા માટે સર્વજ્ઞ ભગવંતનો, તેમનાં વચનનો, તેમના વચનાનુસાર જીવના શુદ્ધ સ્વરૂપનો આદર કરવો જોઈએ. તે ન કરવાના પરિણામે જ હિંસાદિ દોષોની ઉત્પત્તિ થાય છે અને તેનો આદર કરવાના પરિણામે જ અહિંસા-સંયમાદિ ધર્મોની ઉત્પત્તિ થાય છે.

દાન-દયા, પૂજા-ભક્તિ ઈત્યાદિ ધર્મોની ઉત્પત્તિનું બીજ
સર્વજ્ઞ વચનાનુસાર જીવમાત્રમાં
પ્રચ્છન્ન યા પ્રગટપણે રહેલું ચૈતન્યસ્વરૂપ છે.
તે ચૈતન્યસ્વરૂપ સ્વભાવથી જ જ્ઞાનાનંદસ્વરૂપ છે.
દુઃખમાત્રની ઉત્પત્તિ વિભાવથી છે
અને સુખમાત્રનું મૂળ સ્વભાવ છે.

સ્વભાવરમણતા તે ધર્મ છે અને
વિભાવપરિણતિ તે અધર્મ છે, તેથી ત્યાજ્ય છે.
રાગદ્વેષાદિ વિભાવ છે, તેથી દુઃખના મૂળ છે.
તેનો ત્યાગ સ્વભાવરમણતા વડે થાય છે.
સ્વભાવરમણતા અને જ્ઞાનચેતનાનો આદર
એક જ અર્થને કહેનાર છે.

## અરિહંત ભગવંતોનો પરમ ઉપકાર

જીવના આ સ્વભાવનું યથાર્થ જ્ઞાન કરાવવું તે છે,
એટલું જ નહિ પણ તેનું અસ્તિત્વ જીવમાત્રના તે
જ્ઞાન સ્વભાવ તરફ સર્વને મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને
માધ્યસ્થ્યભાવ ધારણ કરાવવાને તથા તેને સ્વયં પોતે
ધારણ કરીને ઈર્ષ્યા, અસૂયા, ક્રોધ, દ્રોહાદિ ટાળ્યાં છે અને
પોતાના દૃષ્ટાંતથી, ઉપદેશથી, તીર્થથી, શુભ આલંબનથી
જગતના જીવોને તારવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે,
તેમનું અસ્તિત્વ જ ભવ્યોને તેમ કરવા પ્રેરી રહ્યું છે,
તેથી તેઓ ત્રિભુવનપૂજ્ય પદને પામ્યા છે,
દેવોના પણ દેવ એવા દેવાધિદેવ પદને વરેલા છે
તથા ત્રણે ભુવનમાં વિભૂતિ એવા સુર, અસુર, મનુજ
અને તે સર્વના સ્વામીઓ વડે સદાકાળ પૂજાય છે.

તેમની સેવા, ભક્તિ, પૂજા, ઉપાસના, આજ્ઞાની
પાલના વગેરે સર્વ જીવોને દુર્ગતિપાતથી બચાવે છે,
સદ્ગતિના માર્ગે ગમન કરાવે છે અને
પરંપરાએ પંચમી ગતિને પમાડે છે.
જેમના નામનું શ્રવણ, સ્મરણ કે કીર્તન
પ્રાણીઓના પાપનો નાશ કરે છે.
તેમની સ્થાપનાનું પૂજન, અર્ચન કે વંદન
જીવને કુમતિ નિવારણ કરી સુમતિને જગાડે છે.
તેમના આત્મદ્રવ્યનું સેવન, આરાધન અને તેમની આજ્ઞાનું
સમ્યગ્પાલન જીવને સુર - શિવગતિનું કારણ બને છે.
ચારે નિક્ષેપાઓથી થતી તેમની પ્રીતિ - ભક્તિ
જીવને પુન્યાનુબંધી પુન્યના ઉપાર્જનનો હેતુ બની
ઉત્તરોત્તર શુભ ગતિ અર્પનાર થાય છે.
ચિન્માત્ર નિર્વિકલ્પ સમાધિ એ સાધનામાત્રનું ધ્યેય છે.
તે ધ્યેયસિદ્ધિ સર્વત્ર જ્ઞાનચેતનાને ઉપાસ્ય માનવાથી થાય.
કોઈપણ ઉપાસના, જો તે સાક્ષાત્ યા પરંપરાએ
જ્ઞાનચેતનાની ઉપાસના હોય, તો તે મુક્તિપ્રદ બને છે.
ૐ નમો વીતરાગાય, સચ્ચિદાનંદમૂર્તયે । અર્થાત્:
સાક્ષાત્ સચ્ચિદાનંદમય વીતરાગને નમસ્કાર થાઓ.

# પ્રેમ અને ભક્તિ

ઉપાસના પરમ પ્રેમસ્વરૂપ છે.

જ્યાં પરમ પ્રેમ હોય, ત્યાં સ્વાર્થભાવના હોતી નથી.
તત્સુખે સુખિત્વમ્ । એ પરમ પ્રેમનું લક્ષણ છે.
અન્ય-આશ્રયનો ત્યાગ હોય તો જ તે સંભવે છે,
તેથી ભક્તિમાં અનન્યતા અનિવાર્ય છે.

ભક્તને મન ભગવાન સિવાય બધું અસહાયભૂત
-અશરણભૂત લાગે છે, તેથી તેને અભિમાન રહેતું નથી
અને ભગવાન સિવાય બીજે ક્યાંય પણ ઠરતું નથી.

ભક્તિના બે અંગ છે: નિરભિમાનિતા અને નમ્રતા.
ભગવાન પ્રત્યે નમ્ર બન્યા વિના ભક્તિ પ્રકટતી નથી
અને અભિમાન છોડ્યા વિના નમ્રતા આવતી નથી.

ભક્ત થવા માટે અધિકાર પ્રાપ્ત કરવો જોઈએ.
જ્ઞાનીને તે અધિકાર પ્રાપ્ત થાય છે.
જ્ઞાનથી હૃદયની ચંચળતા દૂર થાય છે અને
બુદ્ધિમાં સ્થિરતા ઉત્પન્ન થાય છે.

અજ્ઞાની અને મૂર્ખના હૃદયમાં ભક્તિ વાસ ન કરી શકે.
ભક્તિમાં જ્ઞાન ઉપયોગી છે. જ્ઞાનથી ભક્તિમાં વધારો
પણ થાય છે, પરન્તુ માત્ર જ્ઞાન શુષ્ક પડી જાય છે
અને ભક્તિમાં અંતરાય કરનાર પણ થઈ પડે છે.

માહાત્મ્યજ્ઞાનયુક્ત અને ગુરુકૃતાર્થનિષ્ઠ ભક્તિ પેદા થાય છે.
ભક્તિનું મુખ્ય સાધન ભગવત્કૃપા અને સત્સંગ છે.
સત્સંગ દુર્લભ છે અને અગાધ છે.

સંતને સંતસ્વભાવ જ ઓળખી શકે છે. સંતની કૃપાથી ભગવદ્દર્શન અને ભગવત્કૃપાથી સંતની ઓળખાણ થાય છે.

સંતની ભાવના સર્વ કોઈ પ્રભુનાં દર્શન કરે એવી હોય છે. સંતની એ ભાવના ભગવાન જ પૂરી કરે છે.

## ત્યાજ્ય એવો વિષયનો સંગ

વિષયનો સંગ ભક્તિમાં મોટું વિઘ્ન છે. સંગથી કામ, કામથી ક્રોધ, ક્રોધથી મોહ, મોહથી સ્મૃતિભ્રંશ, સ્મૃતિભ્રંશથી બુદ્ધિનાશ અને બુદ્ધિનાશથી સર્વસ્વનો નાશ થાય છે.
જેમાં આ બધા દોષોની પરંપરા રહેલી છે,
એવા વિષયના સંગને સર્વપ્રકારે છોડવો જોઈએ.
વિષયનો સંગ તે અસત્સંગ છે.
તેને છોડ્યા વિના સત્સંગ પ્રાપ્ત થતો નથી.
સત્સંગ વિના પરમતત્ત્વની ઓળખાણ થતી નથી.
સત્સંગથી ભગવાનમાં અવિચ્છિન્ન અનુરાગ ઉત્પન્ન થાય છે.
પ્રેમનું - અનુરાગનું સ્વરૂપ અનિર્વચનીય છે.
મૂક મનુષ્યના આસ્વાદનની જેમ તે કહી શકાતું નથી.

પ્રેમનું - અનુરાગનું સ્વરૂપ કેવળ અનુભવરૂપ છે.
ભગવાનમાં પરમ પ્રેમ પ્રકટ થાય, તે ભક્તિ છે,
ભગવાનનું સ્વરૂપ પણ પરમ પ્રેમમય છે.
'ભક્ત હૃદયમાં ભક્તિ પ્રકટી' એનો અર્થ
ભક્તના હૃદયમાં ભગવાન પ્રકટ્યા, કેમકે
ભક્તિ અને ભગવાન ઉભયનું સ્વરૂપ પ્રેમમય છે.
તે પ્રેમ ત્રિગુણાતીત છે.
સંસારીઓને મન ભગવાન કલ્પિત છે,
ભક્તને મન સંસારના પદાર્થ અને તેનું સુખ કલ્પિત છે.
ભક્તિ સ્વયં પ્રમાણરૂપ છે,
તેથી અન્ય સાધનો કરતાં સુલભ છે.
તે શાંતિસ્વરૂપ અને પરમાનંદરૂપ છે.
ભક્તિ વિષયોની ચિંતારહિત હોવાથી શાંત અને આત્માની
અનુભૂતિરૂપ હોવાથી સૌથી ચઢીયાતા આનંદને આપે છે.

<u>પરાભક્તિનાં અનેક સાધનો</u>

સન્માન, બહુમાન, પ્રીતિ, આરાધના, પ્રાણાર્પણ, તદીયતા,
સર્વસમર્પણ, રૂપાસક્તિ, પૂજાસક્તિ, સ્મરણાસક્તિ, દાસ્યા-
સક્તિ, સખ્યાસક્તિ, વાત્સલ્યાસક્તિ, આત્મનિવેદનસક્તિ
તન્મયતાસક્તિ, ગુણ માહાત્મ્યાસક્તિ, પરમ વિરહાસક્તિ આદિ.

ભક્તિ એ ક્રિયારૂપ નહિ પણ ભાવરૂપ છે. ભાવનું ફળ અનંત છે, કેમકે તે અનંત એવા ભગવદ્વિષયક છે.
ક્રિયાનું ફળ પરિમિત છે, કેમકે તે સ્વપ્રયત્નને આધિન છે.

ક્રિયા કરતાં ભાવનું ક્ષેત્ર વિશાળ છે,
માટે તેનું ફળ વિશાળ અને અમોઘ છે.
ક્રિયાનું ફળ સંદિગ્ધ છે, તેથી વ્યભિચારી છે.
ભાવનું ફળ અસંદિગ્ધ છે માટે અવ્યભિચારી છે.

ગીતા - ૧૮ - ૫૪ માં કહ્યું છે કે:

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु, मद्भक्तिं लभते पराम् ॥ (परिशिष्ट-३)

'ભક્તિ અનુરાગરૂપ- સ્નેહરૂપ છે, તેથી ત્યાજ્ય છે' એમ ન કહેવું, કેમકે એ રાગનો ઉત્તમ વિષય-આશ્રય છે.
ઈશ્વરવિષયક રાગને 'ભક્તિ' કહે છે, તેથી તે ઉપાદેય છે.
વિષયરાગ ત્યાજ્ય છે, કેમકે તે નિંદ્ય વસ્તુ પર હોય છે.

નિંદ્ય વસ્તુનો સ્નેહ ત્યાજ્ય છે.

સંગ ત્યાજ્ય કહ્યો છે, ત્યાં કુસંગનો ત્યાગ વિહિત છે.
સત્સંગનો ત્યાગ કરવાનું કહ્યું નહિ.
સંતપુરુષો સંગના ઉત્તમ આશ્રય છે.
સત્સંગની પેઠે ભક્તિ સદાશ્રયરૂપ હોવાથી ઉપાદેય છે.

ભક્તિ શ્રદ્ધાથી પણ અધિક છે.
કર્મ અને જ્ઞાનનું પણ અંગ શ્રદ્ધા છે.
ભક્તિનું અંગ શ્રદ્ધા છે.
ભક્તિ અને શ્રદ્ધાને એક માનવાથી અનવસ્થા આવે છે.
जन्म कर्म च मे दिव्यं एवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन । શ્રુતિઃ
હે અર્જુન! મારા જન્મ અને કર્મ દિવ્ય છે, એ પ્રમાણે જે
તત્ત્વથી જાણે છે, તે દેહને છોડીને ફરી જન્મ પામતો નથી.
मुख्यं तस्य हि कारुण्यम् । તેનો મુખ્યગુણ કરુણા છે.
ભક્તિના બધા અંગો અનુરાગના હેતુ હોવાથી બળવાન છે.
ધ્યાનનો નિયમ એકાગ્રતા લાવવા માટે છે.
ધ્યાનનું ઈષ્ટફળ ચિત્તની એકાગ્રતા છે.
ધ્યાનની જેમ જ શ્રવણ, કીર્તન, સ્મરણ, પૂજનાદિ
સર્વ અંગો અનુરાગોત્પાદક હોવાથી ઉપાદેય છે.
મુખ્ય ફળ અનુરાગ છે. કહ્યું છે કે:
'રાગ ન કરજો કોઈ નર કોઈ શું રે
નવિ રહેવાય તો કરજો મુનિશું રે,
મણિ જિમ ફણા વિષનો તેમ તેહો રે
રાગનું ભેષજ સુજસ સનેહો રે.'

## ક્યાં સુધી અનુષ્ઠાન કરવું આવશ્યક ?

જ્ઞાનનાં સાધનભૂત શ્રવણ - મનન અને શ્રવણ છે.
મનનના સાધનભૂત ગુરુસેવા, શાસ્ત્રવિચાર તથા
શમદમાદિ સાધનોનું અંતઃકરણ શુદ્ધિ ન થાય,
ત્યાં સુધી અનુષ્ઠાન કરવું આવશ્યક છે.
બુદ્ધિ જ્યારે એક માત્ર પરમેશ્વરનું શરણ લે છે,
ત્યારે જ તે શુદ્ધ થાય છે.
આત્માનો આશ્રય કરનારી બુદ્ધિ પણ મોક્ષદાયિની માની છે.

## બ્રહ્મ અને જીવ

ચિદંશમાં બ્રહ્મ અને જીવ બંને એક જ છે.
ચિદંશમાં બંનેના અભેદનો નિર્ણય હોવા છતાં ક્લેશ
વગેરેનો સંબંધ જીવાત્મા સાથે છે, તેથી પરમાત્મા
અને જીવાત્મા વચ્ચેનું અંતર સિદ્ધ થઈ શકે છે.

તસ્મિન્ સર્વં પ્રતિષ્ઠિતં।

માયામાં પ્રતિષ્ઠિત જગતને બ્રહ્મમાં
પ્રતિષ્ઠિત માનવામાં અંતર નથી એમ કે ઘરમાં રહેલ
બાજોઠ કે પાટ ઉપર કોઈ મહાત્મા બેઠેલા હોય,
તો પણ 'તે ઘરમાં બેઠેલા છે' એમ કહી શકાય છે.
જગતનું કારણ પ્રકૃતિ છે, પ્રકૃતિનું કારણ રાગાદિ છે.

રાગાદિનું કારણ જ્ઞાનાદિ છે અને
જ્ઞાનાદિનું અધિષ્ઠાન બ્રહ્મ છે, તેથી 'બ્રહ્મમાં જેમ જ્ઞાનાદિ
અને રાગાદિ આશ્રયાશ્રયિ સંબંધથી રહેલા છે,
તેમ માયા યા પ્રકૃતિ પણ રાગાદિના આશ્રયે રહેલાં હોવા
છતાં બ્રહ્મના આશ્રયે રહેલાં છે' એમ કહી શકાય છે.

૦ ભાવકર્મનો કર્તા આત્મા <u>અશુદ્ધ નિશ્ચયનયથી</u> છે,
દ્રવ્યકર્મનો કર્તા અને દેહ - મન - વચનાદિના
કર્મનો કર્તા <u>અનુપચરિત વ્યવહારનયથી</u> છે,
ગૃહ - નગરાદિનો કર્તા <u>ઉપચરિત વ્યવહારનયથી</u> છે,
એમ નિશ્ચય - વ્યવહાર, ઉપચરિત - અનુપચરિતાદિ નયોથી
સર્વનું કર્તૃત્વ બ્રહ્મમાં જાય છે.

સૃષ્ટિકાર્યમાં બ્રહ્મ અને માયા પરસ્પર એકબીજાની
અપેક્ષા રાખે છે, તેથી બંનેને પણ કારણ કહી શકાય.

<u>ચૈતન્ય સિવાય બોધ અને ચિત્ સિવાય જ્ઞાતા, એમ પ્રકૃતિ
તથા પુરુષથી ભિન્ન ત્રીજો કોઈ પદાર્થ જગતમાં છે નહિ.</u>

<u>પ્રકૃતિ અને પુરુષ અનાદિકાળથી પરસ્પર જોડાયેલાં છે.</u>

<u>ભક્તિની દૃઢતા અને નિર્મળતાનું ફળ 'રોમાંચાંચિત
વપુઃ' અને મુદશ્રુપરિપૂર્ણ લોચનાદિથી વ્યક્ત થાય છે.</u>

ગૌણભક્તિ પરાભક્તિનું કારણ છે.

જેમ રીતે પ્રભુનું સ્મરણ - કીર્તન, તેમ રીતે અર્ચન-
વંદનાદિ પણ અનુરાગરૂપ પરાભક્તિનાં કારણ છે.
ઉપાસનાદિ સાધનો છે, તે પણ પરાભક્તિનાં અંગો છે,

લોકે મનોજ્ઞહેતુપાસનાત ।

ગૌણભક્તિથી પણ પાપક્ષય અને અંતઃકરણશુદ્ધિ થાય છે.

Imp

## અનુરાગ શેનાથી જન્મે?

નમસ્કારથી, નામસ્મરણથી, ધ્યાનથી, કીર્તનથી, આદરથી,
બહુમાનથી આ કોઈપણ સાધનથી અનુરાગ ઉત્પન્ન થઈ શકે.

આ બધાં સાધનોમાં સાધનત્વ રહેલું છે.

બધાં સાધનોમાંથી કોઈ એકનું પણ
વિધિપૂર્વક અનુષ્ઠાન કરવામાં આવે, તો
તે પરાભક્તિની પ્રાપ્તિ કરવામાં સમર્થ થઈ શકે છે.
તે બધાં સાધનો ભક્તિપૂર્વક કે ભક્તિ માટે થવાં જોઈએ.
સાધ્યભક્તિ એ પરમ પ્રેમ અથવા પરાનુરક્તિમય છે.

રાગ, અનુરાગ, સ્નેહ, પ્રીતિ...
તે જ પરાભક્તિ અથવા ઉત્કૃષ્ટ ભક્તિ છે.
તે કેવળ સ્વપ્રયત્નરૂપ ક્રિયાથી સાધ્ય નથી.
રાજા જેમ સેવકને આધીન છે,
તેમ ભક્તિ ભગવાનને આધીન છે.

'વાચક શબ્દ એ વાચ્ય અર્થને આધીન છે,
તથા ધ્યાન એ ધ્યેયને આધીન છે, તેમ
ભક્તિ ભગવાનના માહાત્મ્યને, ઐશ્વર્યને આધીન છે'
એમ માનવામાં આવે તો જ સાચું દૈન્ય
અને નિરાભિમાનતા ઉત્પન્ન થઈ શકે છે.

ભગવાન તો કુદરતી જ
દૈન્યપ્રિય અને અભિમાનના શત્રુ મનાયેલાં છે.

જ્યાં શુદ્ધ સ્મૃતિનું અભિમાન રહે નહિ અને
પ્રભુપ્રાપ્તિ સિવાય અન્ય સઘળી ઇચ્છાઓ શમે નહિ,
ત્યાં શુદ્ધ પરાનુરક્તિ પ્રકાશે છે.

સઘળાં પાપોનું પ્રાયશ્ચિત્ત ભગવદ્ભક્તિ છે,
કેમકે બધાં પાપો ભગવાનને ભૂલવાથી થાય છે.

જ્ઞાનનો અભાવ એ બંધનો હેતુ નથી,
કિન્તુ ભક્તિનો અભાવ એ જ બંધનો હેતુ છે,
તેવી રીતે મોક્ષનો હેતુ પણ
જ્ઞાન નહિ પણ કેવળ ભક્તિ જ છે.

<u>અજ્ઞાન, અનિચ્છા, નિમિત્ત ને ગુહ્ય-સ્વભાવથી અભક્તિ
રહે છે, તેમાં અનિચ્છાપરાધ કરતાં નિમિત્તાપરાધ અને
નિમિત્તાપરાધ કરતાં ગુહ્યાપરાધ મોટો છે.</u>

સ્મરણ, કીર્તન, ધ્યાનાદિ, નમસ્કાર વગેરે
ત્રિવિધ અપરાધરૂપ પાપનાં પ્રાયશ્ચિતરૂપે કહેલાં છે.
ભક્તિ માટે મોટાં પ્રાયશ્ચિત છે:

ભગવત્સ્મરણ અને ભગવાનનું શરણ જ.

અહિંસા, સત્ય, અસ્તેયાદિ સામાન્ય ધર્મોના પાલનની જેમ
જ નામસ્મરણાદિમાં ઉચ્ચ-નીચ સૌને સમાન અધિકાર છે.
ભયહિંસા, ભયઅસત્ય, ભયચોરી વગેરે મહાપાપોનું
પ્રાયશ્ચિત કરવા એકમાત્ર સાધન પ્રભુભક્તિ જ છે.
પરિપક્વ ભક્તિવાળાને અનન્ય ગતિની પ્રાપ્તિ થાય છે.
અપરિપક્વ ભક્તિવાળાને ક્રમમુક્તિ મળે છે.
ઘોર પાપકર્મો કરનારાઓને આર્તભક્તિમાં અધિકાર છે.
તે વડે પાપનિવૃત્તિ થઈ ગયા પછી જ
અનન્ય ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે.
ભગવાન પ્રત્યે અનન્ય પ્રેમ તે પરાભક્તિ છે.

अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥१॥

(પરિશિષ્ટ-૪)

કર્મનું ફળ સંપત્તિ, જ્ઞાનનું ફળ મોક્ષ અને
યોગનું ફળ સમાધિ છે પણ ભક્તિનું ફળ ભક્તિ જ છે.

ભક્તિનું સાધન જ્ઞાન, સાધ્ય વિરતિ અને
સાધના સ્નેહ - પ્રેમ કે અનુરક્તિ છે.

ईश्वरस्याऽपि अभिमानद्वेषित्वात् दैन्यप्रियत्वाच्च ।
અર્થાત્ઃ ઈશ્વર પણ અભિમાનદ્વેષી અને દીનતાપ્રિય છે.
અભિમાન છોડવાથી અને દૈન્ય આચરવાથી જ
પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે.
તે આસક્તિ અને કામના છોડવાથી જ સિદ્ધ થાય છે.

આસક્તિથી પર અને આત્માના નિર્લેપ એવા
સ્વાભાવિક સ્વરૂપમાં નિષ્કામભાવે પ્રેમ થવો,
તેને 'પરાભક્તિ' કહેવામાં આવે છે.

આત્માના નિઃસ્પૃહ, નિષ્કામ અને સ્વતઃ પૂર્ણસ્વરૂપનો
અનુભવ લેનારા પરાભક્તિવાળા મનુષ્યોની આગળ
સંસારના વિષયભોગોમાં આસક્તિવાળા અને
વિષયો સાથે રમનારા મનુષ્યો તથા વિષયોની ઈચ્છાથી
સકામ ભક્તિ કરનારા મનુષ્યો બાળકો જેવા છે.
આસક્તિ = શરીર અને ઇંદ્રિયોના વિષયોની ઈચ્છા.
એ આસક્તિ અથવા કામનાઓની પૂર્તિ માટે
જુદા જુદા દેવોની પૂજા - ઉપાસના કરવારૂપ ભક્તિ તે
સકામ અથવા અપરાભક્તિ કહેવાય છે.

જેમ નાના બાળકોને રમકડાં રમવામાં રસ પડે છે પણ
મોટાં કે વૃદ્ધજનોને તેમાં રસ પડતો નથી,
તેમ આ સંસારના વિષયો એ
અલ્પ બુદ્ધિવાળા અજ્ઞાનીજનો માટે રમકડાં જેવા છે.
તેમાં વાસ્તવિક રીતે સાચું સુખ નથી,
છતાં તેમને તેમાં સુખ કે આનંદનો અનુભવ થાય છે.
એ આનંદ ક્ષણિક રીતે નાશવંત હોવાથી
તેના પરિણામે દુઃખનો અનુભવ થાય છે.

પરાભક્તિવાળો મનુષ્ય

જગતમાં પોતાના શરીરસુખ માટે નહિ પણ જગતનાં
પ્રાણીઓનાં સુખ માટે જ સર્વ કાંઈ કરતો હોય છે.
એનાં એ કર્મો એને બંધનકારક થતાં નથી પણ
ઉત્તરોત્તર વિશેષપણે ચિત્તશુદ્ધિ કરાવનારાં થાય છે.
भावाद्भाव प्रसूतिः । અર્થાત્ : ભક્તિથી ભક્તિ વધે છે.
એક ભાવ નવા ભાવને ઉત્પન્ન કરીને જ જાય છે.

भक्तिः सिद्धेर्गरीयसी ।

ભક્તિ કેવળ ભગવાનની કૃપાથી જ સિદ્ધ થાય છે.
स सर्व भक्तियोगो मद्भक्तो लभतेऽञ्जसा । મારો ભક્ત
કેવળ ભક્તિયોગથી સર્વ કાંઈ સહેલાઈથી પ્રાપ્ત કરે છે.

ध्रुवसंस्थोऽमृतत्वमेति ।

ઈશ્વરનિષ્ઠ પુરુષ મોક્ષને પામે છે.

ભક્તિ પાસે જ્ઞાનનો ઉપકૃત-ગૌણતા થાય છે અર્થાત્

ભક્તિયુક્ત જ્ઞાન જ મોક્ષનું સાધન છે.

अमोघा भगवद्भक्तिः ।

પ્રભુની ભક્તિ અમોઘ છે, તે કદી પણ નિષ્ફળ જતી નથી.

બીજાઓની ભક્તિ અમોઘ હોતી નથી

અર્થાત્ તે ફળે અને ન પણ ફળે, કિન્તુ

ભગવદ્ભક્તિ અવશ્ય ફળનારી છે.

જ્ઞાનીને પણ અંતે પ્રભુશરણે જવાથી મુક્તિ મળે છે. જ્ઞાનવિજ્ઞાનસંપન્નो भज मां भक्तिभावतः । જ્ઞાન-વિજ્ઞાનનો અર્થ અહીં 'અનુભવપૂર્વકનું જ્ઞાન' એવો કરવાનો છે અર્થાત્ ભક્તિ. ઈશ્વરરહિત સર્વ જીવોને કોઈ કર્મ, જ્ઞાન કે યોગ પણ મુક્તિફળપ્રદ થતાં નથી, ઉલ્ટા અહંકારપોષક અને બંધક પણ બની જાય છે,

તેથી ભક્તિયુક્ત કર્મ, ભક્તિયુક્ત જ્ઞાન અને

ભક્તિયુક્ત યોગ જ મોક્ષનું સાધન છે.

કહ્યું છે કે:

भक्त्या लभ्यस्त्वनन्यया । योगस्तु भवार्थमपेक्षणात् ।

हेया रागत्वादिति चेन्न उत्तमास्पदत्वात् संगवत् ।
तदेव कर्मिज्ञानियोगिभ्य आधिक्यशब्दात् । (परिशिष्ट-५)

યોગ કર્મ જ્ઞાન અને ભક્તિ ઉત્તમનું સાધન છે,
તેમ ભક્તિનું તે અંગ છે.

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्यो वा धिको मतः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ! ॥१॥
योगिनामपि सर्वेषां, मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥२॥

અર્થાત્: તપસ્વી કરતાં યોગી અધિક, જ્ઞાની કરતાં યોગી અધિક, કર્મ કરનાર કરતાં યોગી અધિક છે, માટે હે અર્જુન! યોગી બન.

અર્થાત્ બધા યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાન યોગી પોતાના અંતરાત્માને મારામાં લીન કરી નિરંતર સ્મરણ કરે છે, તે મારા માટે પરમ શ્રેષ્ઠ યોગી છે.

અહીં શ્રદ્ધાને પણ ભક્તિનું અંગ ગણાવ્યું છે, તેમ શ્રદ્ધા અને ભક્તિ એક નથી. છેલ્લી ભક્તિ આત્મનિવેદન છે. સ્વાર્થ વિનાની ભક્તિને 'આત્મનિવેદન ભક્તિ' કહે છે. પ્રેમમાં ત્રણ પ્રકાર છે: (૧) પ્રેમ કરનાર ભક્તજન (૨) પ્રેમનું પાત્ર ભગવાન (3) પ્રેમનું સાધન અનુરાગ.

## ભક્ત અને ભગવાનનો સંબંધ કેવો હોય?

દેહબુદ્ધ્યા તુ દાસોઽહં જીવબુદ્ધ્યા ત્વદંશકઃ |
આત્મબુદ્ધ્યા ત્વમેવાઽહમિતિ મે નિશ્ચિતા મતિઃ || સૂક્તિઃ

જ્યારે હું મારી જાતને દેહ સમજું છું,
ત્યારે હું તમારો દાસ છું.
જ્યારે મારી જાતને જીવ સમજું છું,
ત્યારે હું તમારો અંશરૂપ છું,
પરંતુ જ્યારે 'હું આત્મા છું' એમ અનુભવું છું,
ત્યારે તમે અને હું એક જ છીએ,
એમ મારી ચોક્કસ માન્યતા છે.

બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ |

જાણવાનો અર્થ દર્શનશાસ્ત્રમાં 'એક થઈ જવું' એવો છે.
અવિદ્યામાં બે પ્રકારની શક્તિ રહેલી છે:
એક આવરણશક્તિ અને બીજી વિક્ષેપશક્તિ.
આવરણશક્તિ ચિદાનંદ સ્વરૂપને ઢાંકે છે અને
વિક્ષેપશક્તિ મન-ઈંદ્રિયોને બહિર્મુખ કરે છે.
તે જ્યાં આનંદ નથી, ત્યાં આનંદ મનાવે છે અને
શોધવા પ્રયત્ન કરાવે છે. પાંચે વિષયોની કામના અને
અહંકાર એ શાંતિ અને ભક્તિના પરમ શત્રુ છે.

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥

: સૂક્તિ :

કામનાં નિવાસનું સ્થાન મન, બુદ્ધિ અને ઇંદ્રિયો છે.
તે ત્રણેને પ્રભુમાં સ્થાપવાથી આંતરિક કામના નાશ પામે.
પુસ્તકો અનાદિ નથી પણ તેમાં રહેલું જ્ઞાન અનાદિ છે.
પ્રભુનું અસ્તિત્વ સ્વીકારવામાં જીવને અહં આડે આવે છે.

'ભક્તિ' એટલે ભગવાનમાં સર્વોચ્ચ પ્રેમ.
'ભગવાન સૌમાં આત્મારૂપે રહેલા છે'
એ દૃષ્ટિએ આત્મા પ્રત્યે ભક્તિ
એ પણ ઈશ્વરની જ ભક્તિ છે.

ભક્તિ સમાનતા લાવે છે. ભક્ત અને ભગવાન વચ્ચે
અસમાનતા દૂર કરી બન્નેને સમાન બનાવી દે છે.
દિવ્ય પ્રેમનો તે અનુભવ છે.

સાચો ભક્ત પોતાને તૃણ અને ક્ષુદ્ર પણ હલકો ગણે છે.
ભક્તિ અહંકારનાશક છે અને અહંકાર ભક્તિનાશક છે.
નમ્રતા ભક્તિની અને ભક્તિ નમ્રતાની ઉત્પાદક છે.
ભક્તિનું સાધન જ્ઞાન અને જ્ઞાનનું સાધન ભક્તિ છે.
ભક્તિ એ સાધનાનું મૂળ પણ છે અને ફળ પણ છે.

ભક્તિનું પ્રથમ સાધન દુઃસંગનો ત્યાગ, બીજું સાધન
વિષયનો ત્યાગ અને ત્રીજું સાધન સતતાભ્યાસ છે.
દીર્ઘકાળ, નિરંતર અને સત્કારપૂર્વક પ્રભુનું સ્મરણ
સંગત્યાગ અને વિષયત્યાગને સુલભ બનાવે છે.

સ્મરણ, કીર્તન, શ્રવણ, વંદન,
પૂજન, અર્ચન, સમર્પણ વગેરે ભક્તિના સાધનો છે.

o સ્વાધ્યાય પછી ધ્યાન અને ધ્યાન પછી સ્વાધ્યાય
એ રીતે સાધનામાં પરસ્પર ફેરબદલી કરવી જોઈએ.
change of work is a kind of rest.

આત્મલાભ પુરૂષાર્થથી નહિ પણ મહત્ કૃપાથી જ મળે છે,
તો પણ પુરૂષાર્થની જરૂર છે.

પુરૂષાર્થ વડે જ પુરૂષાર્થની અસમર્થતા સમજાય છે.
પુરૂષાર્થ આત્મશુદ્ધિ કરીને કૃપાને યોગ્ય બનાવે છે.
કૃપાને પાત્ર બનવા માટે જ ઈચ્છાની સ્વતંત્રતા આપી છે.

મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિદ્ યતતિ સિદ્ધયે।
યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ॥ ગી૦ ૭-૩
હજારો મનુષ્યોમાં કોઈક જ સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે,
પ્રયત્ન કરતાં સિદ્ધ થયેલામાંથી પણ
કોઈક જ મને તત્ત્વથી જાણે છે.

સત્સંગ દુર્લભ, અમોઘ અને અગાધ હોય છે.

જગતમાં સારી વસ્તુઓ ઓછી હોય છે, જેમકે કેસર, કસ્તુરી, ચંદન, હસ્તી, સિંહ, સુવર્ણ, રત્નાદિ. સત્પુરુષો, મુમુક્ષુઓ, યોગીઓ, ભક્તો તેમ પણ દુર્લભ છે. એ નિયમ છે કે: Where there is demand, there is supply. Ask & get, seek & find. Knock and shall be opened.

साधवो हृदयं मम साधूनां हृदयं त्वहम् ।
मदन्यत् ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ॥१॥

- ભા૦૯-૪-૬૮

ભક્તના હૃદયમાં ભગવાન છે અને ભગવાનના હૃદયમાં ભક્ત છે. તે પરસ્પર અભિન્નપણે રહેલા છે.

સરિતા સાગરમાં મળી સાગરરૂપ થાય છે,
પછી પોતાના નામ-રૂપનો ત્યાગ કરે છે.

ભેદ પાડનાર મન ભગવાનમાં મળી જાય છે, પછી ભેદભાવ રહેતો નથી. દુઃસંગ સર્વથૈવ ત્યાજ્યઃ । અર્થાત્: ખરાબ સોબત સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. 'સર્વત્ર બ્રહ્મ છે' એમ માનીને કોઈ ગંદુ પાણી પીતા નથી અને મિષ્ટાન્નના સ્થાને વિષ્ટાભક્ષણ કરતાં નથી.

અભેદબુદ્ધિ સાધ્ય છે, તેનું સાધન ભેદવ્યવહાર છે.

તરંગ જેવા કામ-ક્રોધ પણ કુસંગથી સમુદ્ર સમાન બને છે.

સંગ એટલે આસક્તિ.

સૌથી મોટી આસક્તિ જીવને અહંકારની હોય છે.

ધ્યાન માટે મનુષ્યનું પોતાનું હૃદય એક ખૂબ ગુહ્ય, એકાંત અને પવિત્ર સ્થળ છે. સાચી જરૂર આંતરિક એકાંતની- ઇચ્છા અને આકાંક્ષા રહિત હૃદયની છે.

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥१॥
यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।
तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥

(પરિશિષ્ટ-૬)

વિશ્વ એ દ્વન્દ્વનો બગીચો છે.

શીતોષ્ણ, સુખ-દુઃખની અસર જેના
શરીર અને મન પર થતી નથી, તે દ્વન્દ્વાતીત બને છે.

વિશ્વ એક આરીસો છે.

ભક્તને તેમાં ઈશ્વરનું જ પ્રતિબિંબ દેખાય છે અથવા પોતાના આત્માને જોવા માટેનો તે આરીસો બનાવે છે.
પોતાનું જ પ્રતિબિંબ વિશ્વમાં તે જુએ છે.

આર્તભક્તને ભગવાન જોઈએ છે, જ્યારે
જિજ્ઞાસુને ભગવાન નહિ પણ જ્ઞાન જોઈએ છે.
અર્થાર્થીને ભગવાન કે જ્ઞાન નહિ પણ વૈભવ જોઈએ છે.
ભક્તિ અન્ય બધાં સાધનોથી સુલભ છે, કેમકે
ભક્તિનું મૂળ પ્રેમ છે, તે તો બધામાં સહજપણે રહેલ છે.

**ભક્તિમાર્ગ સુમધુર છે.**

જ્ઞાનમાર્ગ શુષ્ક છે અને તીક્ષ્ણ બુદ્ધિ માંગે છે.
યોગમાર્ગ કઠિન છે, તેનો દુરુપયોગ થવાની શક્યતા છે.
કર્મમાર્ગ શક્તિ-સંપત્તિની અપેક્ષા રાખે છે,
તે સર્વને સુલભ નથી.
ભક્તિથી જ્ઞાનાદિ સર્વ વસ્તુ પ્રાપ્ત થાય છે. ભક્તિ
સ્વતઃ પ્રમાણરૂપ છે. તે પ્રત્યક્ષ શાંતિ અને આનંદ
આપે છે. તેને અન્ય કોઈ પ્રમાણની જરૂર નથી.
શાંતિ એટલે ચિન્તારહિત અવસ્થા.
**જે આનંદ પછી શોક નથી તે આનંદ નહિ, પરમાનંદ છે.**
ભક્તિથી પ્રાપ્ત થતો આનંદ ક્લેશરહિત,
અનાયાસલભ્ય અને ઉત્તરોત્તર વૃદ્ધિને કરનારો છે.
સ્ત્રી-ધન-નાસ્તિક-વૈરિચરિત્રં ન શ્રવણીયં । દૂર
તે અનુક્રમે કામ, લોભ, અનાશ્વાસ, ક્રોધની વૃદ્ધિ કરે છે.

ભક્ત - ભગવાન - ભક્તિ એવા ત્રિરૂપનો ત્યાગ કરી
દાસ્યભાવે અથવા સખ્યભાવે ભક્તિ કરવી જોઈએ.
આથી ભક્તિમાં ત્રિરૂપતા હોતી નથી, કિન્તુ અનન્યતા
હોય છે. સ્વામી જુદા, સેવક જુદો અને સેવા તથા
તેનું ફળ જુદું એ ત્રિરૂપભાવ છે, તે ભક્તમાં હોતો નથી.
તેવા ભક્તથી કુળ અને પૃથ્વી પાવન થાય છે. કહ્યું છે કે:

कुलं पवित्रं जननी कृतार्था
वसुन्धरा पुण्यवती च तेन ।
अपारसंवित्सुखसागरेऽस्मिन्
लीनं परे ब्रह्मणि यस्य चेतः ॥१॥ (પરિશિષ્ટ-૭)

કંઠાવરોધ, રોમાંચ, અશ્રુનેત્ર આદિ
આંતરિક ભક્તિભાવનાં બાહ્ય લક્ષણો કહ્યાં છે.
તેનાં કારણો આલંબન અને ઉદ્દીપન વિભાવ છે.
કંઠાવરોધાદિ સાત્ત્વિકભાવો છે અને
ધૃતિ - મતિ - પ્રમોદાદિ અનુભાવો છે.
આલંબન વિભાવ પ્રભુ મૂર્તિ આદિ છે,
ઉદ્દીપન વિભાવ શૃંગારરચનાદિ છે.
વચનો તે આલંબન અને અર્થચિન્તન તે ઉદ્દીપન છે.
પવિત્ર કરવું એટલે પાપ અને અભાવને દૂર કરવું.

ભય, નિરાશા અને દુઃખને દૂર કરવા.
નિર્ભયતા, પ્રેમ અને આનંદનો પૃથ્વી પર સંચાર કરવો.
ભક્તોનું અસ્તિત્વ જ દુઃખ અને
અજ્ઞાનને દૂર કરવા માટે પર્યાપ્ત છે.
ઉત્તમ ભક્તો તીર્થોને સુતીર્થ બનાવે છે,
કૃત્યોને સુકૃત્ય બનાવે છે,
શાસ્ત્રોને સત્શાસ્ત્ર બનાવે છે,
કેમકે તેઓ ભગવાનની સાથે તન્મય હોય છે.
સરલ નિત્ય ભગવત્સ્વરૂપનો અનુભવ કરતા હોય છે.
સાધવો ન્યાસિનઃ શાન્તા બ્રહ્મિષ્ઠા લોકપાવનાઃ ।
હરન્ત્યઘં તે અંગસંગાત્ તેષ્વાસ્તે હ્યઘભિદ્ધરિઃ ॥ સ્મૃતિઃ
વિષયોના ત્યાગી, શાંતસ્વરૂપ, બ્રહ્મનિષ્ઠ એવા પુરુષોના
અંગ સંગથી બધુ પાપ ધોવાઈ જાય છે, કેમકે
તેમના હૃદયમાં સમસ્ત પાપોને નાશ કરનાર
એવા સાક્ષાત્ હરિ નિવાસ કરે છે.
ભક્તોનો આવિર્ભાવ ભગવાનના અવતારનો પૂર્વગામી છે.
બાહ્ય વિવિધતામાં પણ હૃદયની એકતા, પવિત્રતા તથા
અનન્યતા બધા ભક્તોમાં એકસરખી હોય છે.
ભક્તો ગુણાતીત હોય છે.

જેનામાં ભક્તિ વિશેષ પામી છે, તે ગુણથી બ્રાહ્મણ છે.
જેને ઈશ્વરમાં શ્રદ્ધા નથી, તે ગુણથી શુદ્ર છે તથા
સમસ્ત વિશ્વ ઈશ્વરસ્વરૂપ છે. લોકવત્તુ લીલા કૈવલ્યમ્ ।
એનો અર્થ એ છે કે રાજા, ભિખારી, સંત, ડાકુ, જ્ઞાની,
અજ્ઞાની, ચોર, વેશ્યા, આચાર્ય, શિષ્યાદિનાં પાત્રો ભગવાન
પોતે જ ભજવે છે, અને સાચો ભક્ત અનુભવે છે,
તેથી તેની મનઃશાંતિ અખંડ રહે છે. દરેકને નારાયણ
સ્વરૂપ જોવાથી પ્રકૃતિમાં મોટું પરિવર્તન આવે છે. પ્રેમ
સમદૃષ્ટિ કેળવે છે. ભક્તનો દૃષ્ટિકોણ ઈશ્વરમાં સ્થિત
રહે છે અને તેના આધાર પર તે બધાં કાર્ય કરે છે.

તેની ઈચ્છા ઈશ્વરેચ્છા બને છે.

તેનો અવાજ ઈશ્વરનો અવાજ બને છે.

ઈશ્વર જ તેના દ્વારા બોલે છે અને કાર્ય કરે છે.

તેનું વર્તન રહસ્યમય બને છે.

રહસ્યમય એટલે ન સમજી શકાય તેવું થાય છે.

પ્રભુની ભક્તિ એ જ ભક્તની શક્તિ છે.

વાદો નાવલંબ્યઃ। ઈશ્વર વાદવિવાદથી સમજી શકાય નહિ.

જ્યારે સમય પરિપક્વ થાય છે, ત્યારે
ભગવાન પોતે જ ભક્તના સંશયોને દૂર કરે છે.

'વાદવિવાદ કે તર્કનો પાયો સ્થિર હોતો નથી.'
તેથી ચર્ચા મનને ઉત્તેજિત કરે છે અને
ઉત્તેજિત મન સત્યને સમજી શકતું નથી.
વાદવિવાદથી આત્મનિરીક્ષણની શક્તિ ઓછી થાય છે
અને તેનું સ્થાન બુદ્ધિવિલાસ કે શબ્દવિલાસ લે છે.
બુદ્ધિ અપ્રતિષ્ઠિત હોય છે. વાદવિવાદમાં દરેક વ્યક્તિ
પોતાની તર્કશક્તિ પ્રદર્શિત કરવા માટે પ્રયાસ કરે છે.
આવા પંડિતને સ્વપ્નમાં પણ ઈશ્વરદર્શન શક્ય નથી.
ઈશ્વરથી તે દૂરને દૂર જતો જાય છે.
જેઓ હૃદયથી એક હોય અને અહંકારરહિત હોય,
તેવા મનુષ્યો આપસમાં પોતાની શંકાનું નિવારણ કરવા
વિચારોની જે આપ-લે કરે,
તે આધ્યાત્મિક વાર્તાલાપ છે અને ઉપયોગી નીવડે છે.
બુદ્ધિ શુદ્ધ અને સાત્વિક હોય છે.
તે અનંત અને અસીમને સમજી શકે નહિ.
માનવજાતના ગંભીર પ્રશ્નો તર્કથી નહિ પણ સત્યબોધથી
નિવારણ થાય છે. ચર્ચામાં અતિરેક થવાનો સંભવ છે.
ઈશ્વરદર્શન ચર્ચાથી નહિ પણ ભક્તિથી થાય છે. ચર્ચાથી
વેરવૃત્તિ વધે છે, કેમકે તેનું મૂળ અહંકાર હોય છે,
અહંકાર અને સત્યને નિત્ય વિરોધ છે.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन।

ભગવાન વૈકુંઠ કે તર્કશાસ્ત્રમાં વસતા નથી

પણ ભક્તની હૃદયગુફામાં વસે છે.

પવિત્રતા અને ધ્યાનથી જ તે મળે છે.

ભક્ત ભગવાનમાં પ્રેમના દર્શન કરે છે.

કર્મયોગી ભગવાનમાં ધ્યાનના દર્શન કરે છે.

રાજયોગી ભગવાનને સત્યના રૂપમાં જુએ છે.

સત્ય, દયા અને પ્રેમમાં - પ્રેમ એ સર્વશ્રેષ્ઠ છે,

કેમકે તે બધાનું એટલે કે સત્ય અને દયાનું મૂળ છે.

ॐ नमह सव्व जिणाणं। ॐ खमह सव्व जिवाणं।

क्षणमपि सज्जनसंगतिरेका

भवति भवार्णवतरणे नौका। शंकर:

એક ક્ષણનો પણ સંતસમાગમ ભવસાગર તરવાની નૌકા

બની જાય છે. સત્સંગનું આવું અદ્‌ભુત સામર્થ્ય છે.

બાહ્યસત્સંગની જેવી અસર છે,

તેવી જ આંતરસત્સંગની પણ છે જ.

મંત્રપદનો વારંવાર જપ અને તેના અર્થનું ધ્યાન એ

આંતરિક સત્સંગ કરવા બરાબર છે.

ઇષ્ટમંત્રનો વારંવાર જપ કરવાથી અને સાથે જ તેના

અર્થનું મનન કરવાથી હૃદયદેશમાં જ્ઞાનનો પ્રકાશ પ્રકટે છે અને આત્મભાનુ સહસ્ત્રકિરણે પ્રકાશી ઉઠે છે.

જગતમાં સત્સંગથી ચઢિયાતી બીજી વસ્તુ છે નહિ. એકલા સત્સંગથી જ શુભ સંસ્કારો જાગ્રત થઈ આવે, આંતરદૃષ્ટિનો વિકાસ થવા લાગે છે અને યોગમાર્ગમાં જે જે શારીરિક અને માનસિક વિઘ્નો ઉપસ્થિત થાય છે, તે સર્વે દૂર ટળી જાય છે.

જે વિદ્યા આપણને આ ત્રિગુણાત્મક જગતથી મુક્ત કરે, તેના પેલે પાર લઈ જાય તે જ ખરેખરી અને મહત્ત્વની વિદ્યા ગણાય. સા વિદ્યા યા વિમુક્તયે । તે સત્ય છે.

## માટી, ધાતુ અથવા પાષાણની પ્રતિમા શા માટે?

કોઈ સ્મૃતિને ચિરંજીવ બનાવવી હોય અથવા અવ્યક્તને વ્યક્ત કરવું હોય, અમૂર્તને મૂર્તસ્વરૂપ આપવું હોય અથવા કોઈ માનસિક ભાવને સાકાર બનાવવો હોય ત્યારે માટી, ધાતુ અથવા પાષાણની પુરા આકારની પ્રતિમાની જરૂર પડે છે. મુખ્યત્વે અવ્યક્તની મૂર્ત અભિવ્યક્તિ દ્વારા જ માનવજાતનો વિકાસ થતો હોય છે. આધ્યાત્મિક ઉપાસનામાં જે અતીન્દ્રિય, બુદ્ધિગ્રાહ્ય, આત્યંતિક સુખની અનુભૂતિ થાય છે, તેના પાછળ આ નિરાકારનો,

બુદ્ધિગ્રાહ્ય અને અતીન્દ્રિયને આકાર આપી ઇંદ્રિયગ્રાહ્ય બનાવવાની આપણી સંસ્કૃતિનો ફાળો ઘણો મોટો છે. અરૂપને લાવીને મૂર્તિ, ચિત્ર, કવિતા કે સંગીતના રૂપમાં પરિવર્તિત કરવા તે કલામાત્રનું મુખ્ય પ્રયોજન છે.

તે એટલા કેવળ બુદ્ધિની જ નહિ, કિન્તુ
તેનાથી પણ અધિક એવી શ્રદ્ધાની અભિવ્યક્તિ થાય છે.

He who chooses the infinite,
is chosen by the infinite.

અશોકસ્તંભમાં ચાર સિંહ શા માટે?

તે અહિંસાનું પ્રતીક છે.
'અહિંસા' એટલે શક્તિશાળીઓનો સંયમ.
સિંહ શક્તિનું પ્રતીક છે, તે કદી સંયમમાં રહેતા નથી.
કીડી, ઘેટાંદિનો સંયમ હોય છે પણ તે નિર્બળ હોય છે.
શક્તિ અને સાત્વિકતા બંને મળીને અહિંસા બને છે.
'અહિંસા એ કંઈ નિર્બળોનો આશ્રય નથી'
એમ ચાર સિંહનો સંયમ કહે છે.

o

Spirituality is unity & sanctity of life or reverence for all life for all things for all humanity.

ૐ શ્રી મહાવીરાય નમો નમઃ। શ્રી બામણવાડજી તીર્થ

- સં. ૨૦૨૪, મહા વદી ૧૦, શુક્રવાર

જીવનની ક્ષણભંગુરતાનો વિચાર એ ભવનિર્વેદનું લક્ષણ છે.

આત્માની અમરતાનો વિચાર એ

સંવેગગુણનું અને મોક્ષાભિલાષનું લક્ષણ છે.

જીવનની ક્ષણભંગુરતાનો વિચાર નિર્વેદરસને વધારે છે.

આત્માની અમરતાનો વિચાર સંવેગરસને વધારે છે.

પ્રભુતાને સ્વીકારવાથી પાત્રતા પ્રગટ થાય,

એ નિશ્ચયનો સિદ્ધાંત છે તથા

પાત્રતા પ્રકટવાથી જ પ્રભુતા સમજાય છે,

એ વ્યવહારનો સિદ્ધાંત છે.

નિશ્ચયનું મૂળ સ્વતંત્રતા છે,

વ્યવહારનું મૂળ નમ્રતા છે.

કર્મની પરતંત્રતામાંથી છૂટવા માટે

ધર્મની પરતંત્રતા આવશ્યક છે.

તે પરતંત્રતામાંથી નમ્રતા પ્રગટે છે,

તેથી સ્વતંત્રતાના અર્થીને નમ્રતાની પ્રથમ જરૂર છે.

નમ્રતાના પાયા ઉપર જ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકે છે.

તે વિનાની સ્વતંત્રતાની વાતો વાગ્વિલાસ માત્ર છે.

'ધર્મો ધનાર્થિનાં પ્રોક્તઃ।'

તેનો શબ્દાર્થ: ધર્મ એ ધનના અર્થીને ધન આપે છે.
તેનો ભાવાર્થ: ધર્મ એ પુણ્યાનુબંધી પુણ્ય આપે છે.
તેનો મહાભાવાર્થ: ધર્મ એ પરોપકારજન્ય પુણ્ય આપે છે.
તેનો ઐદંપર્યાર્થ: પરોપકારમય પરમાત્માનું આજ્ઞાપાલન છે.

ધર્મનો અર્થ સ્થૂળરૂપે ધન, સ્વરૂપથી પુણ્ય,
હાર્દથી પરોપકાર અને આજ્ઞારૂપે પરમાત્મા છે.
'દયાભૂતેષુ વૈરાગ્યં।' એ શ્લોક મુજબ
પુણ્યાનુબંધી પુણ્યનો હાર્દ પરોપકારવૃત્તિ છે.
સ્વરૂપ સ્વાર્થવૃત્તિનો નાશ છે.
સ્થૂળ પ્રશસ્ત અર્થ છે. અનુબંધ પરમાત્માની આજ્ઞા છે.

ધર્મથી ધન અને સંસારસુખ મળે છે, તે કેવાં હોય છે?
જેના ઉપાર્જનમાં પાપ નહિ, જેને સાચવવામાં ક્લેશ નહિ,
જેના વ્યયમાં ખેદ નહિ, સત્પાત્ર વિનિયોગમાં ઉલ્લાસ છે
અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામવા છતાં તેમાં આસક્તિ થતી નહિ
એવા અર્થ અને કામ જે ધર્મ આપે છે,
તે ધર્મ કેવો હોવો જોઈએ?
જેમાં પરપીડાની નિવૃત્તિ છે, પરાનુગ્રહનું સંપાદન છે,
સ્વચિત્તનું દમન અને પરમાત્માની આજ્ઞાનું આરાધન છે.
સાચો ધર્મ એવો હોવો જોઈએ.

તે ધર્મ હેતુ, સ્વરૂપ, ફળ અને અનુબંધ ચારેથી શુદ્ધ છે.
આજ્ઞાપાલનના અધ્યવસાયથી થતું
ધર્મનું આરાધન એ જ શુદ્ધ ધર્મનું આરાધન છે.
'આજ્ઞા' એટલે ષડ્ જીવનિકાયનું હિત જેમાં છે,
એવી મન - વચન - કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ.

વદી ૧૧

અરિહંતતત્ત્વ દેવ - ગુરુ - ઉભયમય છે.
તેમાં પ્રમાણ અરિહંત પંચ પરમેષ્ઠિમય છે એ ગાથા છે.
સિદ્ધ પરમાત્મા માત્ર દેવતત્ત્વ છે અને
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ એ કેવળ ગુરુતત્ત્વ છે.
'યઃ પરાત્મા પરં જ્યોતિઃ ।' 'નમઃ શાન્તાય તેજસે ।'
એવા સ્વરૂપવાળા પરમાત્માની સાથે એકીભાવ થઈને
'સોઽહં । સોઽહં । ॐ અર્હં ।'
એ મંત્રથી ધ્યાનાવેશપૂર્વક આત્મધ્યાનમાં
ત્યાં સુધી લીન થવું કે જે વડે
પરમાત્માની સાથે એકતાનું અનુસંધાન ટકી રહે.
શ્રદ્ધા - જો શ્રદ્ધા પણ આ રીતે થતું ઐક્યનું અનુસંધાન
અનેક ભવસંચિત દુષ્ટ અષ્ટકર્મોનું છેદન કરવા માટે
તીક્ષ્ણ કુઠારની ધાર સમાન બની જાય છે.

## શાસ્ત્રાજ્ઞાની કસોટી ત્રણ પ્રકારે થાય:

હિંસાદિ આસ્રવ હેય અને અહિંસાદિ સંવર એ સર્વદા, ઉપાદેય છે, એ શાસ્ત્રાજ્ઞારૂપી સુવર્ણની કષશુદ્ધિ છે.

સંવરની ઉત્પાદક અને આસ્રવની ઉચ્છેદક ક્રિયાને જ કર્તવ્ય તરીકે ઉપદેશનાર શાસ્ત્ર સુવર્ણ છેદશુદ્ધ છે.

'શુદ્ધ પ્રવૃત્તિ અને અશુદ્ધ નિવૃત્તિરૂપી ક્રિયાનું મૂળ સ્યાદ્વાદપરમહાત્મા છે અને તે સ્યાદ્વાદપરમહાત્મા જ મોક્ષનું પરમ અને ચરમ કારણ છે' એમ ઉપદેશનાર શાસ્ત્ર સુવર્ણ તાપશુદ્ધ છે.

આ ત્રણે વડે શુદ્ધ થયેલ સુવર્ણને ગમે તેટલું તાડન-તર્જન કરવામાં આવે, તો પણ પોતાના સુવર્ણપણાને ન ત્યજે, ત્યારે તે ચોથી તાડન પરીક્ષામાં પસાર થાય, તેમ સ્યાદ્વાદપરમહાત્મા એટલા બધા શુદ્ધ પરિપક્વ થાય કે વાંસલાથી છોલવામાં આવે અને ચંદનથી લીંપવામાં આવે, ત્યારે તેમ કરનાર બંને પર સમાનદૃષ્ટિ રહે એટલું જ નહિ, વાંસલાથી છોલનારનું પણ અંતરથી હિત ઇચ્છે, ત્યારે તે મુનિ સમતારસનો ભંડાર વાસીચંદન કલ્પની ઉપમાને પામે છે, તેથી પ્રભુનો સામાયિક ધર્મ પણ વાસીચંદનકલ્પની ઉપમાને ધારણ કરે છે.

आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः ।
यत् तदात्मकएवैष शरीरमधितिष्ठति ॥१॥
आत्मानमात्मना वेत्ति मोहत्यागाद्य आत्मनि ।
तदेव तस्य चारित्रं तद्ज्ञानं तच्च दर्शनम् ॥२॥
आत्माऽज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।
तपसाऽप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥३॥
अयमात्मैव चिद्रूपः शरीरी कर्मयोगतः ।
ध्यानाग्निकर्मदग्धा तु सिद्धात्मा स्यान्निरंजनः ॥४॥
अयमात्मैव संसारः कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥५॥

<u>અર્થ</u>: રત્નત્રયાત્મક આત્મા શરીરમાં રહેલો છે.
મિથ્યામોહનો ત્યાગ કરીને આત્મામાં આત્મા વડે આત્માને
જે જાણે તે જ તેનું ચારિત્ર, જ્ઞાન અને દર્શન છે. (૧+૨)
આત્માના અજ્ઞાનથી થયેલું દુઃખ આત્માના જ્ઞાનથી જ જાય.
આત્માનું સાક્ષાત - પ્રત્યક્ષ જ્ઞાન થયા વિના
તપ વડે પણ તે દુઃખ ન જાય. (3)
આ આત્મા ચૈતન્યસ્વરૂપ છે. કર્મના સંબંધથી શરીરધારી
બન્યો છે. આત્મધ્યાનરૂપી અગ્નિથી કર્મને બાળી નાંખવામાં
આવે તો આ આત્મા જ નિરંજન સિદ્ધસ્વરૂપ બને. (૪)

ઇંદ્રિયો અને કષાયોથી જીતાયેલો આ આત્મા જ સંસાર છે તથા ઇંદ્રિયો અને કષાયોને જીતનાર આત્મા જ મોક્ષ છે' એમ જ્ઞાની પુરુષો ફરમાવે છે. (૫)

આ પાંચ શ્લોકોમાં સમગ્ર મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો છે. આત્માને આત્મા વડે જાણવો તે દર્શન અને જ્ઞાન છે તથા આત્મામાં રહેવું તે ચારિત્ર છે.

તેનો સંક્ષેપથી નીચે મુજબ કહી શકાય:

(૧) જિનભક્તિ તથા જીવમૈત્રી તે સમ્યગ્દર્શન છે.

(૨) જિન સમાન નિજને અને નિજ સમાન જીવમાત્રને જાણવા તે સમ્યગ્જ્ઞાન છે.

(૩) વિષય - કષાયથી મુક્ત થવું તે ચારિત્ર છે.

વિષયોને જીતવાનો ઉપાય ભક્તિ છે અને કષાયોને જીતવાનો ઉપાય મૈત્રી છે.

મૈત્રી અને ભક્તિ વડે કષાય અને વિષય જીતાય છે. સર્વવિષયોમાં ઉત્તમ એવો વિષય જિનેશ્વર છે અને 'જીવમાત્રનું સ્વરૂપ તત્ત્વથી જિનતુલ્ય છે' એવું જ્ઞાન અને દર્શન થયા પછી તેને જીવનમાં ઉતારવાથી અન્ય વિષયોની આસક્તિ ચાલી જાય છે તથા સર્વ જીવોને આત્મતુલ્ય અને પોતાના આત્માને પરમાત્મતુલ્ય

બાહ્યાદિ અને જે કલ્પિત સંબંધોનો તત્ત્વથી
પરમાત્મરૂપ માનવાથી કષાયનું મૂળ ઉડી જાય છે.

૦ નમો અરિહંતાણં। ણંતાહંરિઅ મોણ।
ણંતાહંરિઅ મોણ। ણમો અરિહંતાણં।

હું નમું છું, કેમકે હું કાંઈ નથી, મારું કાંઈ નથી.
તમે જ ત્રાતા - શરણ્ય છો, માટે તમને હું નમું છું.
પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી અથવા પશ્ચાનુપૂર્વી અને
પૂર્વાનુપૂર્વીથી થતો પ્રથમપદનો શબ્દાર્થ ઉપર મુજબ છે.

તેનો વાક્યાર્થ આમ છે કે:

'હું કર્મજન્ય છું, તેથી કર્મના સંબંધથી
ઉત્પન્ન થયેલું સ્વરૂપ તે મારું સ્વરૂપ નથી,
કર્મના સંબંધથી મળેલ દેહાદિ મારાં નથી. હું તેનાથી ભિન્ન
આત્મસ્વરૂપ છું' એવું જણાવનાર અરિહંતાદિને નમું છું.

તેનો મહાવાક્યાર્થ આમ છે કે:

'દેહાદિથી ભિન્ન એવા મારાં આત્મસ્વરૂપને નમું છું અને
તે સિવાયના બાકી બધા સ્વરૂપનો હું ત્યાગ કરું છું.'

તેનો ઐદંપર્યાર્થ આમ છે કે:

માત્ર આત્મસ્વરૂપમાં સ્થિર થવું અને
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિનો અનુભવ કરવો,
તે જ સકલ સૂત્રનો સાર છે, રહસ્ય છે, પરમાર્થ છે.

જીવની પરતંત્રતા એ સ્વતંત્ર થવાનો ઉપાય છે.

સ્વતંત્રતા ઉત્તમ, પરતંત્રતા મધ્યમ, અતંત્રતા લજાવણ છે.

પરતંત્ર રહેવા માટે ઉઠાવેલું કષ્ટ

સ્વતંત્રતા ખાતે પડતા કષ્ટને સહવાનું બળ સમર્પે છે. સ્વતંત્રપણે કષ્ટ સહવાની શક્તિ પોતાની જાત ઉપર વિજય અપાવે છે. તે વિજયનું નામ 'જૈનત્વ' છે. પ્રથમ શિષ્ય બનો. પસંદ કરેલા કોઈપણ મહાપુરુષની ઈચ્છા-શક્તિના તાબેદાર બનો. પછી પોતાના માલીક બની શકશો.

જેને વિજયી બનવું છે, તેણે

પ્રથમ કોઈનો પણ અંકુશ સ્વીકારવો જ પડે છે. અંકુશ તળે રહી મુશ્કેલીમાં મુશ્કેલ સંજોગો સહન કરવાની શક્તિ મેળવવાથી, પછી અંકુશને દૂર કરવા જતાં પડતું દુ:ખ વહોરી લેવામાં તેને ભય લાગતો નથી. ભય અને દુ:ખની લાગણીને આ પ્રમાણે અમુક અંશે જીત્યા પછી તે મહાપુરુષ પોતે પોતાનો માલીક બનવાને લાયક થાય છે. હવે તે પારકાની તાબેદારીથી ઉપજતું કષ્ટ ભોગવવાને બદલે સ્વતંત્ર ઈચ્છાશક્તિથી કરાતાં કામમાં જે કષ્ટ આવી પડે, તે કષ્ટ ભોગવે છે પણ તે પોતાનું ઉત્પન્ન કરેલું કષ્ટ હોઈ તેને આનંદ માને છે.

પોતાની ઉપર જેટલા પ્રમાણમાં જય મેળવ્યો હોય, તેટલા જ પ્રમાણમાં મનુષ્ય બીજાઓ ઉપર જય મેળવી શકે છે, વધારે નહિ અને ઓછો પણ નહિ.

આત્મવિજય એ જેનું લક્ષ્યબિંદુ છે તે જૈન.

આત્મવિજય મેળવી ચૂક્યા છે તે જિન.

આરોગ્ય, ચારિત્રગઠન અને પ્રબળ ઇચ્છાશક્તિ એ આત્મવિજય મેળવવાની જરૂરત છે.

આત્મવિજયની ટેવનાં, અભ્યાસનાં બે મૂળ છે અને એજ તત્ત્વો વળી બીજાઓ ઉપર વિજય મેળવવામાં સાધનાભૂત બને છે. એ ટેવને કેળવવાથી પોતા ઉપર અને બીજા ઉપર, એમ બંને ઉપર વિજય મળે છે. મન ઉપર અંકુશ રાખવાની તાલીમ તેમાં મુખ્ય ભાગ ભજવે છે, તેથી જ ભાષાસમિતિ અને વચનગુપ્તિ તથા રસનેન્દ્રિયનો વિજય શાસ્ત્રોમાં પ્રશંસા પામ્યો છે.

'શાન્તિ પાઠઃ ।'

लोकाः समस्ताः सुखिनो भवन्तु ।
लोकाः समस्ता गुणिनो भवन्तु ।
लोकाः समस्ताः कृतिनो भवन्तु ।
लोकाः समस्ता धृतिनो भवन्ति ॥१॥

हंसीव वदनांभोजे या जिनेन्द्रस्य खेलति ।
बुद्धिमांस्तामुपासीत न कः शुद्धां सरस्वतीम् ॥१॥
-शास्त्रवार्त्ता टीका (स्याद्वादकल्पलतानाम्नी) सुकृतिः
હંસીની જેમ પ્રભુના મુખરૂપી કમળને વિશે જે રમે છે,
એવી શુદ્ધ સરસ્વતીની કયો બુદ્ધિમાન ઉપાસના ન કરે?

ज्ञानमप्रतिघं यस्य वैराग्यं च जगत्पतेः ।
धर्मश्चाऽथ माहात्म्यं च सहसिद्धं चतुष्टयं ॥ सुकृतिः
અપ્રતિઘ જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને પ્રભાવ -
આ ચારે પરમાત્માને સહજસિદ્ધ છે.

माहात्म्यज्ञानपूर्वक - सर्वाधिकसुदृढ - स्नेहो भक्तिः ।
'भक्तिः परानुरक्तिरीश्वरे ।' 'परमस्नेहरूपा वा ।'
'आराध्यत्वेन ज्ञानं वा भक्तिः ।' માહાત્મ્યને જાણવાપૂર્વક
સર્વથી અધિક તથા અત્યંત દૃઢ સ્નેહ તે ભક્તિ છે. પ્રભુને
વિશે શ્રેષ્ઠ અનુરાગ તે ભક્તિ છે અથવા તો શ્રેષ્ઠ સ્નેહ-
સ્વરૂપ ભક્તિ છે અથવા આરાધ્ય તરીકે જ્ઞાન તે ભક્તિ છે.

अक्खाण रसणी । कम्माण मोहणी । वयाण बंभवयं ।
गुत्तीण मणोगुत्ती । चउरो दुक्खेण जिप्पंति ।
ઇંદ્રિયોમાં રસના, કર્મોમાં મોહનીય, વ્રતોમાં બ્રહ્મચર્ય
અને ગુપ્તિમાં મનોગુપ્તિ - આ ચારે દુર્જય છે.

તા: ૯ 3/૫૮

શ્રી ઉપાધ્યાયજી મ.નો શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો મંત્ર

ૐ હ્રીં શ્રીં ક્લીં ઐં અર્હં ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય
શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમો નમઃ । - વર્ષ-૩૨

ઘણાં વખત પહેલાં
એક યતિજીની લખેલી ચોપડી વાંચવા મળી હતી.
તેમાં શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીનો
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો મંત્ર આ પ્રમાણે લખેલો હતો.
ખાસ કરીને આમાં ક્લીં ઐં એ બે જાણકારી વધારે છે,
તેથી મંત્રમાં તેનું મહત્વ વધારે જણાય છે.

## વિનય અને નમ્રતા

ધર્મ એ વિચાર નહિ પણ આચાર યાને ઉપચાર છે.
ખરો પ્રશ્ન ઈશ્વર છે કે નહિ તેનો નથી કિન્તુ ઈશ્વરને
જાણવા કે સમજવાની પાત્રતા આપણામાં છે કે નહિ
તેનો છે. પ્રકાશ છે કે નહિ તેને જાણવાની ચિન્તા કરવા
કરતાં પ્રકાશને જોવાની દૃષ્ટિ કે આંખ છે કે નહિ, તેની
ચિન્તા થવી જોઈએ. ધર્મ એ દૃષ્ટિને સુધારવાની અને
પાત્રતા કેળવવાની પ્રક્રિયા છે,
તે વિનય અને નમ્રતા દ્વારા જ મળે છે.

## ચાર અનુયોગ

તા: ૨૨/3/૫૮

ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગ પ્રધાન છે,
સર્વમાં મુખ્ય છે, અધ્યાત્મનું પ્રવેશદ્વાર છે.
ગણિતાનુયોગ વડે તેની સાર્થકતા છે.
ગણિતાનુયોગ વડે વ્યષ્ટિ અને સમષ્ટિના
સંબંધની જાગૃતિ awareness છે.
Awareness of the relationship of
macrocosm and microcosm છે.
ચરણકરણાનુયોગમાં વર્તમાન સાધનની સાધના કરી છે.
It is an application of higher
psychological principles in living.
All discipline must be effortless,
yet actual. It is just like
blossoming of the flower.
જે સાધકમાં દ્રવ્યાનુયોગનું સમ્યગ્દર્શન,
ગણિતાનુયોગનું સમ્યગ્જ્ઞાન,
ચરણકરણાનુયોગનું સમ્યક્ચારિત્ર છે,
તે સાધકના જીવનમાં મોક્ષમાર્ગનો
કથાનુયોગ આપોઆપ પ્રગટે છે.

અરહુંતશરણાનુપ્રેક્ષા is the experiment to expand, deepen, heighten the awareness. This awareness is an inward realization of sight which transmutes the whole nature into the likeness of the Truth.

આ જાગૃતિ કે awareness અભાવાત્મક નહિ પણ ભાવાત્મક છે, અક્રિય કે static નહિ પણ સક્રિય કે dynamic છે. તે વડે મોક્ષમાર્ગની ઉત્ક્રાંતિ અથવા evolutionની કથા રચાતી જાય છે.

ભગવંતે દર્શાવેલાં અનુષ્ઠાનોમાં ચારે અનુયોગને જીવનસૂત્રમાં વણી લેનારી પ્રક્રિયા અને તેનો ક્રમ રહેલો છે, તેને જીવંત બનાવવાની અગત્ય છે. પોતામાં લાગુ પડે તે રીતે તૈયાર કરવાની જરૂર છે.

o

Politeness is the art of choosing among one's real thoughts.

Turning from minus to plus, from negative to positive & from plus to multiplicity is the way to liberation.

## Our 6 Assets

(1) Ability to be loving - દર્શન
(2) Understanding power - જ્ઞાન
(3) Ability to be courageous - ચારિત્ર
(4) Assets of faith - શ્રદ્ધા
(5) Assets of God - શ્રદ્ધેય
(6) Assets of prayer - પ્રાર્થના.

o मणेरिवाभिजातस्य, क्षीणवृत्तेरसंशयम् ।
तात्स्थ्यात् तदंजनत्वाच्च समापत्तिः प्रकीर्तिता ॥१॥

ઉત્તમ મણિની જેમ ક્ષીણ વૃત્તિવાળાને પરમાત્માના ગુણના સંસર્ગારોપથી અને પરમાત્માના અભેદ આરોપથી નિઃસંશય સમાપત્તિ થતી છે. અહીં 'તાત્સ્થ્ય' એટલે અંતરાત્માને વિષે પરમાત્માના ગુણનો સંસર્ગારોપ અને 'તદંજનત્વ' એટલે અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ જાણવો. એ ધ્યાનનું ફળ સમાધિરૂપ અતિ વિશુદ્ધ છે.

o જે શ્રુતજ્ઞાનથી કેવળ આત્માને જાણે, તે અભેદનયની અપેક્ષાએ શ્રુતકેવળી છે અને જે કેવળ સંપૂર્ણ શ્રુતને જાણે, તે ભેદનયથી શ્રુતકેવળી છે.

चारित्रमात्मचरणाद् ज्ञानं वा दर्शनं मुनेः ।
शुद्धज्ञाननये साध्यं क्रियालाभात् क्रियानये ॥३॥

આત્માને વિષે જ ચાલવાથી એટલે કે
પુદ્ગલ થકી નિવૃત્તિ કરવાથી ચારિત્ર,
બોધ સ્વરૂપ હોવાથી જ્ઞાન અને
જિનોક્ત ભાવની શ્રદ્ધારૂપ હોવાથી દર્શન.
એમ શુદ્ધ જ્ઞાનનય વડે
જ્ઞાનાદ્વૈત નયના અભિપ્રાયથી મુનિને સાધ્ય છે.
તે એક વસ્તુને વ્યાવૃત્તિ વડે
ભેદનયની અપેક્ષાએ 'ત્રિરૂપ' કહે છે.
જ્ઞાનના ફળરૂપ ક્રિયાના લાભથી
ક્રિયાનયના અભિપ્રાયે એકતા જાણવી.

0 વિષય પ્રતિભાસ વ્યાપારે જ્ઞાન,
આત્મપરિણામ વ્યાપારે તે જ દર્શન સમ્યક્ત્વ અને
આસ્રવને રોકવાથી તત્ત્વરમણ વ્યાપારે તે જ ચારિત્ર.
એમ વ્યાપારના ભેદથી એક જ જ્ઞાન ત્રિરૂપ જાણવું.

0 વચનાનુષ્ઠાનથી નિર્વિકલ્પ સમાધિરૂપ અસંગક્રિયાની
યોગ્યતા પ્રાપ્ત થાય છે, અસંગભાવરૂપ ક્રિયા શુદ્ધ ઉપયોગ
અને શુદ્ધ વીર્યોલ્લાસની સાથે તાદાત્મ્ય ઘનિષ્ઠા કરે છે.

શુદ્ધોપયોગ એટલે રાગ-દ્વેષરહિત શુદ્ધ આત્મજ્ઞાન.
તે પિતાના સ્થાને છે અને
આત્મરતિરૂપી ધૃતિ તે માતાના સ્થાને છે.
(૧) આત્મજ્ઞાન તે પિતા (૨) આત્મરતિ તે માતા
(૩) શાન્ત, સત્ય, શમ, દમ, સંતોષાદિ ગુણો તે બંધુઓ
(૪) સમતા તે સ્ત્રી (૫) સમાન ક્રિયાવાળા તે જ્ઞાતિજન.
o અંતરાત્માદિ ત્રણ પ્ર.

આત્માના અંતર્ગત સ્વરૂપથી જ તૃપ્તિ થાય છે.
આત્મસ્વરૂપના અવલંબન વિના તૃષ્ણાક્ષય અશક્ય છે.
દ્રવ્યજય તે ઇંદ્રિયોની પ્રવૃત્તિના સંકોચરૂપ છે અને
ભાવજય તે આત્માના સ્વરૂપને અનુકૂળ હોય તેવા
યોગના અને બાહ્ય ગુણોની પ્રવૃત્તિ કરવારૂપ છે.
જે કાંઈ વર્ણાદિનું જ્ઞાન થાય પણ
ઇષ્ટાનિષ્ટપણું ન થાય તે ઇંદ્રિયજય છે.
ઇંદ્રિયોને વર્ણાદિનું જ્ઞાન થાય છે,
તે વિષયરૂપ નહિ પણ જ્ઞાનથી જાણીતા
મનોજ્ઞ તથા અમનોજ્ઞ વિષયોમાં ઇષ્ટાનિષ્ટપણું થવાથી
ઇષ્ટ વિષયોમાં અભિમુખપણું અને અનિષ્ટ વિષયોમાં
વિમુખતારૂપ મોહની પરિણામ કર્મબંધનું કારણ બને છે.

ચારિત્રમોહના ઉદયથી નહિ રમણ કરવા યોગ્ય પરભાવમાં રમણ કરવું તે <u>અસંયમ</u> છે. અનાદિકાળની આ અશુદ્ધ અસંયમની પ્રવૃત્તિને નિવારણ કરવું તે <u>ઇંદ્રિયજય</u> છે.

જ્ઞાન એ આત્માનું લક્ષણ હોવાથી
સ્વપર વસ્તુના બોધ થવારૂપ છે,
તેમાં ઇષ્ટાનિષ્ટપણારૂપ મિલાપ તે પરવસ્તુના સંગથી
થયેલ અનાદિ પરંપરાજન્ય જે અશુદ્ધ પરિણામ છે,
તે સર્વથી ત્યાગ કરવા યોગ્ય છે.

o मणसा गुणपरिणामो वाया गुणभासणं च पंचण्हं ।
काएण संपणामो एस पयत्थो नमुक्कारो ॥१॥

આ શ્લોકમાં ગુણનો અર્થ ઉપકાર છે.

પંચપરમેષ્ઠિના ઉપકારોનું મનથી ચિંતન-ભાવન-પરિણમન, વચનથી તે ઉપકારોનું જ ભાષણ-કથન-પ્રવચન અને કાયાથી યોગમુદ્રાદિ વડે વિધિપૂર્વક પ્રણમન - નમનાદિ નમસ્કાર પદનો અર્થ - ભાવાર્થ - રહસ્યાર્થ છે.

કાયાથી પ્રણમન તે <u>અર્થ</u> છે,
વચનથી કથન તે <u>ભાવાર્થ</u> છે,
મનથી ભાવન તે <u>રહસ્યાર્થ</u> છે તથા
આત્માનું તદ્રૂપ પરિણમન તે <u>ઐદંપર્યાર્થ</u> છે.

o કુશીલજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે,
યોગ સામર્થ્ય ચિત્તભાવ જે, ધરે મુગતિનિદાન રે...(૨)

o good mind, good find.

o 'ન હિ આત્મપરિભૂતસ્ય ભૂતિર્ભવતિ શોભના ।'
જ્યાં આત્મા વિષય-કષાયાદિ પરાભૂત હોય છે,
તે બાહ્ય વિભૂતિ-ભૌતિક સમૃદ્ધિ શોભતી નથી,
સુખનું કારણ બનતી નથી.

o એમ શરીરસ્થ જલ-વાયુ-અગ્નિને
બાહ્ય અગ્નિ-વાયુ-જલની સાથે એક પ્રકારનો સંબંધ છે,
તેમ જીવતત્ત્વને પણ બાહ્ય જીવો સાથે
એક ચૈતન્યનો સંબંધ છે.

o ઈશ્વરને નહિ માનવાથી મોટી હાનિ
પોતાના જ શુદ્ધ સ્વરૂપને ન માનવારૂપ છે.
ઈશ્વરને ન માનવારૂપ નાસ્તિકતા એક પ્રકારનો દંભ છે.
ઈશ્વરને માનવાથી હૃદયમાં તેમનું સાન્નિધ્ય અનુભવાય છે,
તે મોટામાં મોટો લાભ છે.

o મૈત્ર્યાદિ ભાવબીજ થાય, મૈત્ર્યાદિ સ્કંધરૂપે થાય,
કરુણાદિ ગુણઅંકુર થાય, પ્રમોદાદિ પર્ણ થાય અને
માધ્યસ્થ્યાદિ ફળ થાય છે.

(૧) વિરોધ = બાદબાકી (૩) પ્રમોદ = ગુણાકાર
(૨) સત્કાર = સરવાળો (૪) માધ્યસ્થ = વર્ગ - ઘન.

૦ રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ એ મોક્ષનો માર્ગ છે.

જડ પ્રત્યે રાગનો ત્યાગ અને જીવ પ્રત્યે મૈત્રીનો ભાવ એ વૈરાગ્યનું લક્ષણ છે.

મન-ઇંદ્રિયોને જડ તરફથી વાળી જીવની અભિમુખ કરવા તે સંયમનું લક્ષણ છે.

બહિર્ભાવનો ત્યાગ કરી અંતરાત્મભાવમાં સ્થિર થઈ પરમાત્મભાવમાં રહેવું તે અપ્રમાદનું લક્ષણ છે.

ઇચ્છામાત્રનો નિરોધ તે તપનું લક્ષણ છે.

૦ દાન એ ધર્મ છે અને પૂજા એ પરમ છે.
એકમાં વસ્તુનું દાન છે, બીજામાં સન્માનનું દાન છે.
give to the needy and worship the unneedy, these two are the fundamentals of true religion.

વિષયો વાનરની જેમ ચપળ છે.
કષાયો નાગની જેમ ઝેરી છે.
'નમો અરિહંતાણં' મંત્રનું ધ્યાન
વિષયો તથા કષાયો એમ ઉભયને જીતાવે છે.

ઉર્ધ્વતાસામાન્યથી ધર્મ આત્મધ્યાન
વિષયવાસનાનું પ્રતિપક્ષી છે.
તિર્યક્સામાન્યથી ધર્મ તે ધ્યાન કષાયોનું પ્રતિરોધક છે.
મન એક ચોર છે, તેણે આત્મમુક્તિનું અપહરણ કર્યું છે.
તેને દંડવાથી જ પરમપદની પ્રાપ્તિ છે.
સત્, ચિત્, આનંદ, મુક્તિ અને સ્વતંત્રતા -
એ પાંચના અનુભવ અનુક્રમે
દીર્ઘાયુષ્યપણું પ્રાપ્ત થાય તેવી ઇચ્છા,
કોઈ મૂર્ખ કહે તેની અનિષ્ટતા,
દુઃખ પ્રત્યે દ્વેષ, પરાધીનતાનો અણગમો અને
બધા ઉપર પ્રભુત્વની ઇચ્છારૂપે વ્યક્ત થાય છે.
સંપ્રજ્ઞાત સમાધિ સવિકલ્પ છે.
તેમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાનરૂપી ત્રિપુટીની હયાતી છે.
અસંપ્રજ્ઞાત નિર્વિકલ્પ છે.
તેમાં સમાપત્તિ છે, તેથી નિર્બીજ છે.
त्रैलोक्यसुन्दरं यत् मनसाऽऽपादयति तत्तु चरमाङ्गं ।
अखिलगुणाधिक - सद्योग - सार - सद्ब्रह्मयोग परः ॥
નિખિલ ગુણોથી અધિક અને સદ્યોગ પ્રવૃત્તિઓના દૂધરૂપ
અજરામર પરમાત્મસ્વરૂપનું પૂજન કરવામાં

તત્પર બહાર સૃષ્ટિમાં સુંદર અચ્છા વસ્તુઓને
મનાઈ સંપાદન કરે છે, તે ચરમભૂલ છે.

one in all, not one of all.

બધાનું ચૈતન્ય એક નહિ પણ
બધામાં ચૈતન્ય એક છે.

ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન અનુક્રમે
અહિંસા, સંયમ અને તપનાં સાધન છે.
ભક્તિથી જીવને સહવાની શક્તિ આવે છે.
વૈરાગ્યથી સુખને તથા જ્ઞાનથી દુઃખને સહવાનું બળ મળે છે.
સુખને સહવું એટલે તેનો ત્યાગ અને સદુપયોગ.
દુઃખને સહવું એટલે કર્મવિપાકનું જ્ઞાન અને ચિંતન.
સમ્યગ્જ્ઞાનથી કર્મનો નિયમ સમજાય છે.
તેના પ્રભાવે દુઃખ સહન કરવાની શક્તિ કેળવાય છે.
સમ્યગ્દર્શનથી ધર્મનો નિયમ સમજાય છે.
તેના પ્રભાવે જીવો ઉપર નિઃસ્વાર્થ સ્નેહ પ્રગટે છે.
સમ્યક્ચારિત્ર વડે અધ્યાત્મનો નિયમ સમજાય છે.
તેના પ્રભાવે તૃષ્ણાનો અભાવ બને છે.
અહિંસાનું મૂળ સમ્યગ્દર્શન, સંયમનું મૂળ સમ્યગ્જ્ઞાન
અને તપનું મૂળ સમ્યક્ચારિત્ર છે.

દાન આપવાની સર્વશ્રેષ્ઠ વસ્તુ કોઈ હોય તો તે મન છે,
દાન દેવાનું સર્વશ્રેષ્ઠ પાત્ર કોઈ હોય તો તે પરમાત્મા છે.

સર્વશ્રેષ્ઠ વસ્તુનું સર્વશ્રેષ્ઠ પાત્રને
ધરવું સર્વશ્રેષ્ઠ દાન તે
'નમો અરિહંતાણં' પદનો જાપ છે.
'નમો અરિહંતાણં' પદમાં
સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી
મોક્ષમાર્ગની આરાધના રહેલી છે.
શુદ્ધ સ્વરૂપની રુચિ, બોધ અને પરિણતિ
તે સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર છે.

With God, I am sufficient as I am. You are the light of the world. To have faith is not to theorize about God or even to imagine Him but to experience Him. The greatest victory of all is the victory over oneself. For a moment be not anything at all but a part of all that is surely. This is faith.

(1) અનાહૂતસહાયકત્વં ।

He wants to help before you ask.

(2) સ્વયમકારણવત્સલઃ ।

He loves me before I love Him.

(3) અનપેક્ષિતસાહ્યત્વં ।

He is always good
whether we believe Him or not.

(4) અસ્વબાન્ધવબાન્ધવઃ ।

He is Father of all,
whether all believe Him or not.

(5) નિષ્પક્ષરક્ષક ગતાગતાગઃ ।

He is protector of all
although always neutral.

(6) અસંગાશ્રય ગતાશ્રય ।

He is with all of us
though beyond all.

(7) નિર્મમસ્ય કૃપાભાજનઃ ।

He is beloved of all of us
though devoid attachment.

નાકોડા તીર્થ - શાંતિનાથ મંદિર, સં. ૨૦૨૪, ચૈત્ર સુદ-૫

ૐ હ્રીં શ્રીં અર્હં નમિઊણપાસ

વિસહર વસહ જિણ ફુલિંગં હ્રીં શ્રીં નમઃ ।

(૧) બધા મહામંત્રો પરમાત્માની જ ઉપાસનારૂપ છે અને આમાં એ પાંચે પરમાત્માઓને નમસ્કાર છે, તેથી બધા મંત્રો અને વિદ્યાઓનું બીજ આ મંત્ર છે. બધા મહામંત્રો - વિદ્યાઓમાં આ મંત્ર અનુસ્યૂત રહેલો છે.

'પ્રવર મંત્ર વિજ્જાબીજરૂવં ।'

(૨) સર્વ સૂત્રોમાં અક્ષરો પરિમિત છે પણ ગમ અને પર્યવ અનંત છે.

આ પણ સૂત્ર છે અને સર્વ સૂત્રોના પ્રારંભમાં એની સિદ્ધિ માટે પાઠ કરવામાં આવે છે, માટે એને 'અણંતગમ પજ્જવત્થ પસાહગં ।' કહેલ છે.

(૩) પ્રવચન દેવતા ત્રિભુવન સ્વામિનીથી અધિષ્ઠિત છે.

°

Jainism preaches that every soul is potentially divine & is the manifestation of perfect Godhood and it can be realised by the practise of non-violence, selfcontrol & penance.

નાકોડા, ચૈત્ર વ. ૧/૨, સં. ૨૦૨૪

સિદ્ધે રસેન્દ્રે સ્યાદ્વાદે કલ્યાણં સિદ્ધમેવ મે ।
નાતઃ પરમપેક્ષાઽસ્તિ, સ્વામિન્! અપરદર્શને ॥ (પરિશિષ્ટ-૮)

ગુરુ બહુમાનપૂર્વકની ભક્તિ સફલ કલ્યાણકારિણી છે.
એકલી ભક્તિ કે એકલા ભગવાન નહિ -
પણ ગુરુજીના સ્વભાવથી ઉપજતાં
બહુમાનપૂર્વક કરાતી ભક્તિ કલ્યાણકારિણી છે.

૦ મહારાજ પાસે કેટલી ચીજો છે, તે ઉપરથી તે ધનવાન નથી
પણ કેટલી ચીજો વગર તેને ચાલે છે,
તે ઉપરથી તેના સંસ્કાર માપી શકાય છે.

૦ શરૂમાં મહારાજના જીવનમાં લાગણી ઉશ્કેરાય છે, ત્યારે અનુકૂળતા-પ્રતિકૂળતાવાળું ભાન રહે છે. પછી જ્યારે બુદ્ધિ ઉત્પન્ન થાય છે, ત્યારે વિવેકભાન આવે છે. બાળના વખતમાં મોટી ઉંમર સુધી તે આવતું નથી.

૦ દેશ જીતવા માટે અને દેશની રક્ષા માટે
જે શિક્ષણની જરૂર પડે છે, તે કરતાં
કાળ જીતવા માટે નવા જાતના ગુરુની જરૂર પડે છે.
ધર્મ દ્વારા માત્ર પ્રભુને કે આત્માને જ સ્વતંત્રતા મળે છે.
નવા કેળવણીમાં દરેક મહારાજ સ્વતંત્ર બને છે.

એટલે એક ઈશ્વરને બદલે ઘણા ઈશ્વર થાય છે.
એક ગામમાં બે રાજા હોય, તો પણ બે બરાબર બરાબર ચાલતો નથી, તો અનેક રાજાઓથી કેમ ચાલે? કેટલાક કન્યાઓને ઘણાની તાબેદારી ગમતી નથી, તેથી પરણવાની ઈચ્છા થતી નથી પણ તે પોતે ભૂલે છે કે જાતે કમાણી કરવાની ઈચ્છા કરે ત્યારે ઘણા પુરુષોની તાબેદારી ભોગવવી પડે છે. આમ ખરી સ્વતંત્રતા મળતી નથી.
સ્વચ્છંદ = પોતાના ડહાપણ અને સ્વેચ્છાએ ચાલવાપણું.
તે સ્વચ્છંદ પ્રત્યક્ષ સદ્‌ગુરુથી રોકાય છે.
પોતાની ઈચ્છાએ બાળ ઘણા ઉપાય કર્યા છતાં રોકાવાને બદલે ઘણું કરીને તે બમણો થાય છે.
સર્વં સર્વાત્મકમ્। એટલે બધું એકરૂપ થઈ જાય નથી પણ બધામાં રહેલું એક સ્વરૂપ અભિવ્યક્ત થાય છે.
'ન તુ તત્ત્વતઃ।' એનો અર્થ 'અભેદ એ તત્ત્વ નથી'
એમ કહેવું નથી પણ
'તત્ત્વ કથંચિત્ ભેદાભેદ છે' એમ છે.
સર્વથા ભેદ કે સર્વથા અભેદ એ તત્ત્વ નથી,
કિન્તુ વિશેષથી ભેદ અને સામાન્યથી અભેદ એ તત્ત્વ છે.
અહીં જિનમત અરિહંતો એ સન્મતિની ગાથા પ્રમાણ છે.

નાકોડા, ચૈત્ર વ - ૨/૨ રવિવાર

નવકારનું સ્મરણ અધર્મક્ષય માટે છે.
અધર્મક્ષય ધર્મમંગળના લાભ માટે છે.
ધર્મમંગળમાં અધર્મક્ષય કરવાનું સામર્થ્ય છે.
નવકારના સ્મરણથી ઉભય કાર્ય એક સાથે થાય છે.
એક બાજુ અધર્મનો ક્ષય અને
બીજી બાજુ ધર્મનો લાભ થાય છે.
અધર્મનું કારણ પાપ છે, ધર્મનું કારણ પુણ્ય છે.
નવકારના સ્મરણમાં ૧૮ પાપનો નાશ કરવાનું અને ૯ પુણ્યની વૃદ્ધિ કરવાનું સામર્થ્ય છે. નવકાર મંત્રમાં ભાવ પ્રધાન નિર્દેશ હોવાથી શત્રુને નહિ પણ શત્રુભાવને હણનારા અરિહંતોને નમસ્કાર છે. શત્રુભાવ મિત્રભાવથી હણાય છે, તેથી સર્વજંતુઓ પ્રત્યે મિત્રભાવને ધારણ કરનારા અને તે વડે શત્રુભાવને હણનારા અરિહંતોને નમસ્કાર. તે નમસ્કાર દ્વેષભાવરૂપી પાપને હણે છે અને મિત્રભાવરૂપી મંગળને કરે છે.
મિત્રભાવ એ મોક્ષનું અને શત્રુભાવ સંસારનું કારણ છે.

°

unity in diversity and
diversity in unity એનો અર્થ :

સામાન્ય વિનાનું વિશેષ અને વિશેષ વિનાનું સામાન્ય અસંભવિત છે. એ નિયમ મુજબ એકની પૂજામાં સર્વની પૂજા અને એકની નિંદામાં સર્વની નિંદા સમાયેલી છે. નવકારમાં સર્વ શાસ્ત્ર અને સર્વ શાસ્ત્રમાં નવકાર છે.

નવકારના પ્રથમ પદમાં નવપદી છે
અને નવપદીમાં નવકાર રહેલો છે.

નવપદીનો જાપ અને સિદ્ધચક્રનું ધ્યાન પરસ્પર પૂરક છે. ધ્યાન સિદ્ધચક્રનું અને જાપ નવકારનો પરસ્પર પૂરક બને.

મનુષ્ય સુખની પાછળ ભટકે છે,
પરંતુ જીવનમાં સુખ કરતા દુઃખનું સ્થાન મહત્વનું છે.
સુખ જીવનનું ઝેર છે, દુઃખ અમૃત છે.

સુખ માનવ મનની નિર્બળતા અને અસ્થિરતાને ઉત્તેજે, જ્યારે દુઃખ તેના સબળ - અચળ બળોને પ્રકાશિત કરે છે. દુઃખમાં અનંત શક્તિ છે, તેથી તેનું સન્માન થવું જોઈએ. દુઃખ દ્વારા આપણા જાત વિશુદ્ધ થાય છે. દુઃખના કારણે દુર્ધ્યાન કરવું તે આત્માનું - આત્માની શુદ્ધિ કરનાર તત્વનું અપમાન છે. આત્માનું સન્માન સુખના માર્ગે નહિ પણ દુઃખ દ્વારા જ અનુભવી શકાય છે. મારી સર્વ શક્તિથી શ્રમણ મુનિરાજોની મારે વૈયાવચ્ચ કરવી. જે જગતની સેવા કરે છે, તે પ્રભુની જ સેવા કરે છે.

## ચિત્તવૃત્તિનો નિરોધ

મન કે જેનું સ્વરૂપ સંકલ્પ - વિકલ્પ છે,
તે કાં તો ભૂતકાળનું સ્મરણ,
કાં તો ભવિષ્યકાળનું ચિંતન કરવાની ટેવ કરે છે.
બહિશ્ચિત્ત ચિંતવે અનેક, અંતર ચિત્ત ચિંતવન એક,
પરમ ચિત્ત ચિંતવન નહિ કોઈ, ચિંતવન કરત બ્રહ્મમય હોઈ.
વર્તમાનના વિચાર તો પ્રમાણમાં ઘણા જ થોડા,
તેથી મનને એક જ ચિંતવનમાં રોકી દેવું કે જેથી
ભૂત અથવા ભવિષ્યનાં સ્મરણ - ચિંતન થવા ન પામે.
એનું જ નામ ચિત્તવૃત્તિઓનો નિરોધ.
વૃત્તિઓ મનની સખીઓ છે.
મન ચૂપ થતું એટલે વૃત્તિઓનો ખેલ આપોઆપ અટકશે.
આરામના દારૂથી છકીને
દુનિયાનું આધિપત્યપણું પોતા પાસે હોવાનો દાવો કરતી
આખી મનુષ્ય જાતિનું ઘેન - નશો અદૃશ્ય થાય છે.

0 પ્રભુ પાત્ર છો મહિમાના પરમ પૂરા,
વળી મોહ - આમોદથી ન અધૂરા;
દયા ને ઉપેક્ષા તમોને જ દેજો,
નમું નાથ જો હાથ જોડી તમોને. ...(૨)

One single act, word or thought
will remove you one million
miles away from God.

Things are attracted by the
nature of the subconscious mind.

માણસ પર ગુજરે છે, તે તમામ તેણે એકવાર ઇચ્છેલું હતું,
એના જાગતા ભાનને તેની ખબર નહિ.
જે કંઈ બને છે, તે સિવાય બીજું બની શકત જ નહિ.

ઈશ્વર - અ
જ્ઞાન - ઉ } આની સાથે મનને જે જોડે તે યોગ.
જીવ - મ

એ જોડાયેલું ભાન યોગની પ્રક્રિયા વડે ઉપજાવ્યા બાદ
તેને કાયમની અભિવ્યક્તિરૂપ બનાવવા અભ્યાસ જરૂરી છે,
જેથી ભાન અભિવ્યક્તિરૂપ - પ્રકૃતિરૂપ - Instictરૂપ બને છે.

o આત્માનું સ્વરૂપ સત - ચિત - આનંદ છે.
અસ્તિ - સત વિરૂદ્ધ નાશવંત.
ભાતિ - ચિત વિરૂદ્ધ જડ.
પ્રિય - આનંદ વિરૂદ્ધ દુઃખમય.
નામ સ્થૂલ છે, જ્યારે રૂપ સૂક્ષ્મ છે.

કોઈ પદાર્થનું માપ કરવામાં પદાર્થ (પ્રમેય)
અને ઇંદ્રિય (પ્રમાતા) જોઈએ.
પ્રમેય = માપવાનો વિષય, valuation.
પ્રમાતા = માપનાર, જાણનાર, valuator.
આમાં વિધિ અને ઇચ્છાની જરૂર નથી.
વિધિ = આજ્ઞા - પ્રેરણા. ઇચ્છા = વિશ્વાસ - આગ્રહ - રુચિ.
ધ્યાન પ્રેરણા કે આજ્ઞાથી જ થવા પામે અને તેમાં
પુરુષની ઇચ્છા, વિશ્વાસ અને આગ્રહ અવશ્ય જોઈએ.
અંતઃકરણની કામનારૂપ સંયોગ્યતાની વૃત્તિ તે ઇચ્છા.
નિરંતર ધ્યેયાકાર ચિત્તવૃત્તિ તે ધ્યાન.
વૃત્તિમાં વિક્ષેપ થાય તો રુચિથી, આગ્રહથી, બળાત્કારથી
વૃત્તિને પુનઃ સ્થિર કરવી, તો જ ધ્યાન થાય.

°

When we are emptied of overselves, God takes posession of us. To fit God's pattern, all our are to be surrendered. The grace of God is always at work. Even the will
to serve the Lord,
is only the gift of His.

## વિરાટ વિશ્વના ૭ અંગ

મૂર્ધા (સ્વર્ગ), નેત્ર (સૂર્ય), પ્રાણ (વાયુ), ધડ (આકાશ),
મૂત્રસ્થાન (સમુદ્રાદિ), પગ (પૃથ્વી), મુખ (અગ્નિ).

## વિરાટ વિશ્વના ૧૯ મુખ

૫ પ્રાણ, ૫ કર્મેન્દ્રિય, ૫ જ્ઞાનેન્દ્રિય તથા ૪ અંતઃકરણ.
સ્થૂલ શબ્દાદિને બહિર્વૃત્તિથી ભોગવાય છે, તેથી
તેને બહિર્વૃત્તિ યા જાગ્રતાવસ્થા કહે છે.

## વિરાટ વિશ્વના ૧૪ કરણ

૧૦ ઇંદ્રિય અને ૪ અંતઃકરણ.

૧૪ કરણ પોતપોતાના વિષય તેમ જ પોતપોતાના દેવતા (deity spark તન્માત્રા)ની સહાયતા ચાહે છે. દેવતા અને વિષયો એ બેના સહકાર વગર ભોગ અશક્ય, તેથી ૫ પ્રાણ, ૧૪ ત્રિપુટી એ વિશ્વના મુખ કહેવાય છે.

વિશ્વના અંગ - મુખ ઈશ્વરકૃત છે.

તૈજસના ત્રિપુટીઓ અને અંગો મનોમય છે.

તૈજસનો ભોગ સૂક્ષ્મ છે.

શબ્દાદિ વિષયોથી સુખ - દુઃખનું ભાન થવું તે સ્થૂલ અને માનસ તે સૂક્ષ્મ.

વિશ્વ બહિઃપ્રજ્ઞ છે, તૈજસ અંતઃપ્રજ્ઞ છે.

અધ્યાત્મ એટલે ક્રિયાશક્તિ તથા જ્ઞાનશક્તિવાળી ઇંદ્રિયો અને અંતઃકરણ. અધિભૂત એટલે અધ્યાત્મના વિષય. objects for enjoyment. અધિદૈવ એટલે અધ્યાત્મને સહાયક દેવતા.

## ત્રિપુટીઓનો ટૂંક સમજ

| અધ્યાત્મ | અધિભૂત | અધિદૈવ |
|---|---|---|
| કાન | શબ્દ | દિશા |
| ત્વચા | સ્પર્શ | વાયુ |
| આંખ | રૂપ | સૂર્ય |
| જીભ | રસ | વરૂણ |
| નાક | ગંધ | અશ્વિનીકુમાર |
| વાક્ | વચન | અગ્નિ |
| હાથ | ગ્રહણ | ઇંદ્ર |
| પગ | ગમન | વિષ્ણુ |
| ગુદા | મળવિસર્જન | યમ |
| ઉપસ્થ | જનન | પ્રજાપતિ |
| મન | મનન | ચંદ્રમા |
| બુદ્ધિ | બોધવ્ય | બૃહસ્પતિ |
| અહંકાર | અહંકારનો વિષય | રૂદ્ર |
| ચિત્ત | ચિન્તનનો વિષય | ક્ષેત્રજ્ઞ(સાક્ષી) |

લાંબા કાળના અભ્યાસથી જ
એક ઉંચો ભાવ સ્થાયી ભાવરૂપ બનવા પામે છે.
ચેતનના પ્રતિબિંબ સહિત અવિદ્યાની વૃત્તિ તે અધ્યાત્મ.
અજ્ઞાનથી આવૃત્ત જે સ્વરૂપાનંદ તે અધિભૂત
અને ઈશ્વર તે અધિદૈવ.
વિશ્વ બહિઃપ્રજ્ઞ છે : સ્થૂલ - સૂક્ષ્મ - કારણ.
તૈજસ અંતઃપ્રજ્ઞ છે : (ઉપાધિ) - સૂક્ષ્મ - કારણ.
પ્રાજ્ઞ પ્રજ્ઞાનઘન પ્રજ્ઞ છે : (ઉપાધિ) - સૂક્ષ્મ - કારણ.
ત્રણેયમાં અનુગત ચૈતન્ય તે નિરૂપાધિ.
ત્રણેનો અધિષ્ઠાન તુરીય - સાક્ષી - શુદ્ધબ્રહ્મ તે
બહિઃપ્રજ્ઞ, અંતઃપ્રજ્ઞ કે પ્રજ્ઞાનઘન નહિ.
તે કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય કે બુદ્ધિનો વિષય નહિ.
તે શબ્દનો પણ વિષય થઈ શકે નહિ.

ૐકારના બે સ્વરૂપ

અ - ઉ - મ ત્રણ માત્રારૂપ વર્ણ તે અપરમાર્થરૂપ છે.
એ ત્રણ માત્રામાં વ્યાપક રહ્યો જે
અસ્તિ-ભાતિ-પ્રિયરૂપ અધિષ્ઠાન-ચેતન તે પરમાર્થરૂપ છે.
જે શબ્દ, વ્યાખ્યા, સૂત્ર, પુસ્તક કે સભાએ આપણને
ઉપયોગમાં ન આવે, આપણા ભાવને જનનેન્દ્રિયથી અને

ઉદરથી ઉપાડીને હૃદયે કે ગળે કે તાળવે ખેંચી ન જાય,
તેને માથા ઉપર ચઢાવવાને નાહક તેના ભારે ન મરતા.

<u>પિંડ - બ્રહ્માંડનો લય કરી શૂન્યમાં ઠેરી નાંખવાની રીત:</u>

પૃથ્વીમાં પૃથ્વી મળો - ॐ ગુરુ આદેશ.
સુષુમ્ણા પ્રદીપ્ત થાય છે. પૃથ્વી ફાટે છે, કડાકા થાય છે.
સ્થાવર - જંગમ અથડાઈને
એકબીજામાં મળી પિંડરૂપ બની જાય છે.
નદીઓ, પહાડો, વૃક્ષો અને મહેલો સહિતની આ
દુનિયાનું આધિપત્યપણું પોતાની પાસે હોવાનો દાવો કરતી
મનુષ્ય જાતિ અદૃશ્ય થાય છે.
પૃથ્વી ઉપર ચાલતા મનુષ્યોની જાતોને સહન કરતી
પૃથ્વીમાં કેટલું સામર્થ્ય છુપાયેલું છે?
પૃથ્વીનો ગુહ્ય ગંધ - તેણે જળની રેલને આમંત્રણ આપ્યું.
જળમાં જળ મળો - ॐ ગુરુ આદેશ.
ચોતરફ જળ જ જળ ફેલાઈ ગયું.
નક્કર પૃથ્વી પ્રવાહીરસ બની ગઈ.
આકાશ સુધી ઉછળી રહી.
સ્થિર દેખાતી ધરતીમાંથી કેટલા બધા શક્તિ છુટી થઈ!
જળનો ગુહ્ય રસ - તે તેજને બોલાવે છે.

તેજમાં તેજ મળો - ૐ ગુરૂની આદેશ.
સૂક્ષ્મ અગ્નિ ચોતરફ જ્વાળાઓ ફેંકી જળને શોષે છે.
આકાશ આખું જ્વાળાઓથી વ્યાપ્ત થયું, પ્રકાશમય બન્યું.
જળમય પૃથ્વી તેજોમય બની.
અગ્નિમાં ગુહ્યરૂપ પીળાશ પતિ વાયુને આહ્વાન કરે છે.
વાયુમાં વાયુ મળો - ૐ ગુરૂની આદેશ.
મદમાતો વાયુ જોરથી ધસી આવે છે.
તેજોમય પૃથ્વી વાયુરૂપ બની ગઈ.
વાયુ આકાશ સુધી ઉછળે છે.
વાયુનો ગુહ્ય સ્પર્શ - જે આકાશને ભેટવા ઈચ્છે છે.
આકાશમાં આકાશ મળો - ૐ ગુરૂની આદેશ.
વાયુને ભેટતાં જ આકાશ તેને ગળી જાય છે.
સારી સૃષ્ટિ આકાશમય બની ગઈ.
રૂપ, રસ, ગંધ, સ્પર્શ કાંઈ રહ્યું નહિ.
વહ્નિવિભાગ વગરનું આકાશ કે જેનો ગુહ્ય ધ્વનિ છે,
તે નાદ ભરી રહ્યું છે. કેવો ઘેરો નાદ!
આ નાદ હૃદયનો કબજો લે છે. નાદબ્રહ્મમાં લાગતા થઈ.
તેને ચંદ્રમા ગળી ગયો. બ્રહ્મનું સમષ્ટિ મન એ જ ચંદ્રમા.
બાળામાં નાની ક્રિયા પણ વિના પ્રયાસે

પરિપૂર્ણ જાણવા પામે એટલી હદ સુધી
મન કેળવાયા પછી આગળની પ્રક્રિયાનો અધિકાર આવે છે.
'હું સમદ્રષ્ટિ છું' એવો ખ્યાલ એ એક વાત છે અને
સમદ્રષ્ટિભાન consciousnessની સ્થિતિ જુદી વાત છે.
ભાવની નિરંતર રટણ દીર્ઘકાળ સુધી કરાય, તેને પરિણામે
ભાન જાણવા પામે. બુદ્ધિ તો માત્ર ભાવ જાણી શકે.
બુદ્ધિ વડે એ ભાવ conceptનો ચિંતન જાણ્યા પછી
એ ભાવની તાલીમ દ્વારા ભાવને ભાનમાં -
જેમ ખોરાકને લોહીમાં પલટાવાય તો જ શક્તિ પ્રગટે.
અભ્યાસ, તાલીમ, કસરત એક જ વસ્તુ છે.
શાસ્ત્રોમાં બે જાતનાં લખાણો હોય છે:
એક તો વાંચનાર સામે અમુક ઉંચા ભાવનું સાંગોપાંગ
ચિત્ર દોરી આપે, એ ચિત્ર તરફ એને પ્રેમ ઉપજાવે
તથા એમાં એની શ્રદ્ધા ઉપજાવે.
બીજા એવાં લખાણો છે કે જે સમજણરૂપ નહિ પણ
આજ્ઞા - ફરમાનરૂપ છે, કરવા - ન કરવાના હુકમરૂપ છે.
જેને દીર્ઘકાળ સુધી અમલમાં મૂકવાથી,
અભ્યાસ કરવાથી અને પુનરાવર્તન કરવાથી
ચક્રવૃદ્ધિ વ્યાજની માફક અસર ઉપજાવનારું હોય,
કેટલેક કાળે મહાવરાનું ચિત્ત અમુક ભાવના ભાવવાળું બને.

શાસ્ત્ર તે છે કે જેમાં
Science and Art બંનેનો યોગ હોય.

શાસ્ત્રોનો આશય મનુષ્યોને
નીચમાંથી ઉચ્ચ - દિવ્ય - ગૌરવાન્વિત બનાવવાનો છે.
બુદ્ધિપ્રધાન અને લાગણીપ્રધાન બંને જાતના મનુષ્યોને
અપીલ કરે, ત્યારે તે કાર્ય સિદ્ધ થાય. મહાત્મા ગાંધીજી
વાત માને છે, તેમાં કાં તો તેની બુદ્ધિને બંધબેસતી
આવે છે માટે અથવા તેની લાગણીને ભારી અસર
કરનાર થાય છે માટે. દરેક માન્યતાને ક્રિયા વડે
ભાવમાં પલટાવવા અને ભાવને પણ વટાવી ઊંચા ભાવમાં
જવા માટે છે. સ્થૂલ દ્વારા સૂક્ષ્મમાં અને તેની મારફતે
કારણમાં લઈ જવાનું ભાષા એ તો માત્ર સાધન છે.

માત્ર બુદ્ધિમાં અટકી જનારનું ભાન
છીછરું - shallow અને ટૂંકું - narrow છે.
કોઈ આધ્યાત્મિક અર્થને નામે કલ્પનાના રાજ્યમાં ઊડે છે.
આચરણ વિના મહત્તા અને મહત્તા વિના તૃપ્તિ-શાંતિ નથી.
યોગશાસ્ત્ર મનુષ્ય શરીરને શુદ્ધ કરવા અને પછી
વિકસાવવાની રીત શીખવે છે. તે તમામ ક્રિયાની ચાલક,
જે પ્રાણ છે, તેને લગતું Science શીખવે છે.

યોગશાસ્ત્ર પ્રમાણ વડે સત્વશક્તિ ખીલવે છે અને અહંકારને પ્રબળ અને વિસ્તૃત કરે છે, જેને પરિણામે મહાનમાં મહાન ક્રિયા - પ્રતિક્રિયા પણ પ્રતિકૂળ અસર ઉપજાવતાં અટકે અને આનંદની લાગણી ઉપજાવનાર થઈ પડે છે. કોઈ ઘટના આપણા ઉપર જય ન પામે, ત્યારે આપણને જે સંતોષ થાય છે, તે જ આનંદ છે. તત્વજ્ઞાન માટે બુદ્ધિ શુદ્ધ અને તીવ્ર જોઈએ. બુદ્ધિના વિકારો-પૂર્વની માન્યતાઓને ધોઈ નાંખી પછી સ્વતંત્ર રીતે પિંડ-બ્રહ્માંડનો સંબંધ વિચારતાં શીખવે તે તત્વજ્ઞાન.

એ વિચારણા અસરો માત્રને ટાળવાની કળા આપે. અપ્રિય અસરોને અમુક કાળને માટે પ્રિય બનાવી લેવાની કળા એનાથી મળે અથવા કોઈપણ અસરોનો વિશ્વાસ ન કરવા જેવી નિર્લેપતા એ આપે. કોઈપણ કાળ કે સમયના ઉપર આસન જમાવવાની રાજશાહી પ્રેરે.

જ્ઞાની તે છે કે જે કાંઈ જાણતો નથી.

યોગી તે છે કે જે કોઈથી જોડાતો નથી.

યોગની પ્રક્રિયા દ્વારા સઘળી લાગણી અને વિચારને દાબી મનુષ્ય મુક્તિ પામી શકે છે. જ્ઞાની ભાવનાના બળ વડે અને ભક્ત મનને લયલીન વ્યક્તિમાં ચિત્તને સ્થાપી બાહ્યસંગથી મુક્ત થઈ શકે છે.

ક્રિયાશીલતા માટે જે પગ આવશ્યક,
તેમ વ્યવહાર માટે જે પણ જોઈએ જ.

૦ પાંચ આંગળામાં અંગુઠો એ શિવભાવ,
ટચલી આંગળી એ જીવભાવ,
વચલી ત્રણ આંગળીઓ એ ત્રણ ગુણ: સત્ત્વ-રજ-તમ,
તે ત્રણ ગુણોને દાબી જીવ-શિવ ભાવની પકડથી
જડના દરેક છુપા ભેદ પકડી શકાય.
ભાવ = Thought and Feeling.

અષ્ટધા પ્રકૃતિ એટલે...
પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, સત્ત્વ, રજસ્, તમસ્.
આમ ત્રણ ગુણ અને પાંચ ભૂતો મળીને
આઠ પ્રકારની પ્રકૃતિ થાય છે.

સમુદ્રમાં એવા ઊંડા શાંતિનાં સ્થળો આવેલાં હોય છે કે જ્યાંની શાંતિમાં ભારેમાં ભારે તોફાન કે મોજાંઓ પણ ભંગ પાડી શકે નહિ. તેવી જ રીતે મનુષ્યનાં અંતઃકરણમાં એવા ઊંડા શાંતિનાં સ્થળો છે કે જ્યાં પાપનાં તોફાન અને
દુઃખનાં મોજાં પ્રવેશ જ પામી શકતા નથી.
આ શાંત સ્થળે પહોંચવું અને એની અંદર
ભાનપૂર્વક રહેવું એજ શાંતિનો અનુભવ છે.

તે પવિત્ર સ્થાન જ તારી ખરી અને અમર આત્મા છે.
તે જ તારી અંદર રહેલો દિવ્ય અંશ છે.
જ્યારે આ અમર આત્મા સાથે તારું ઐક્ય સાધે, ત્યારે જ તું સમ્યક્ પ્રકારના મનવાળો, સમ્યગ્જ્ઞાની થઈ શકીશ. તે જ પરમશાંતિનું સ્થળ, આનંદનું મંદિર અને અમરત્વનું નિવાસસ્થાન છે. અંતરના આ આશ્રયસ્થાન, આનંદના આ પવિત્ર સિવાય ખરી શાંતિ અથવા દિવ્યાનંદની બિલકુલ સંભવ નથી. જો તમે ત્યાં એક મિનીટ, એક કલાક કે એક દિવસ રહી શકો, તો પછી ત્યાં નિરંતર પણ રહી શકો. જગતમાં કલહ - કંકાસ ચારેબાજુએ ફેલાયેલા જણાય છે પણ આ વિશ્વના મધ્ય ભાગમાં - હૃદયમાં તો સમતાનું જ સામ્રાજ્ય વ્યાપી રહેલું છે.

### ૐ શ્રદ્ધા, પ્રતીતિ અને ભક્તિ ૐ

વાંચીને કે સાંભળીને માત્ર માની લેવું તે faith.
વાંચેલા કે સાંભળેલા પર સ્વતંત્ર રીતે પોતાના અનુભવ અને બુદ્ધિના ઉપયોગપૂર્વક મનન કરતાં આવે, તે પોતાની પ્રામાણિક માન્યતા અથવા conviction.
હૃદય જે ચીજ, મનુષ્ય કે ભાવ તરફ ઢળે, તે ચીજ તરફ ગતિ કરવાની શક્તિ motion power અથવા ભક્તિ.

૦ તપ એટલે કષ્ટ, પુરુષાર્થ, મનન નહીં
બુદ્ધિપૂર્વક થતો અખંડ ઉદ્યમ.
ધરા એટલે ભોગ, ઇષ્ટની પ્રાપ્તિના માર્ગમાં જે ચીજો,
સંબંધો, સગવડો, ટેવો, બંધારણો, અન્યથા ઉપયોગી યા
પ્રિય છતાં અત્યારે આડખીલીરૂપ થતાં જણાય,
તે સર્વનો ત્યાગ કે નાશ કરવામાં તત્પરતા.
દરેક પ્રાપ્તિ બે ચીજ માંગે છે:
તપ અને ધરા, તપ અને ત્યાગ.
આ બન્નેને છૂપું બળ પૂરનાર તત્ત્વ ભક્તિ છે.
ભક્તિ એ કોઈ પ્રશંસાના શબ્દોનું ઉચ્ચારણ નહિ,
પરંતુ ઇષ્ટ તરફ ગતિ કરવાની શક્તિ છે.
જૈન અને જનમાં બે માત્રા અધિક છે.
ભક્તિ આકાશગામી કલ્પનાશક્તિ અને તપ-પુરુષાર્થ.
આ બે પાંખો જ જનને જૈન બનાવે છે.
દૈવ, વિજેતા, ગરુડ, શિષ્ટ બનાવે છે.
જૈન એક એવું બાજ છે કે
જે વડે ત્રિગુણાત્મક માટીમાંથી ગગનવિહારી ગરુડો ઘડાય.
જ્યાં ઘડતર કલા નહિ, જ્યાં ઘડતર શક્તિ નહિ
ત્યાં જૈનત્વ નહિ, ત્યાં જૈનધર્મ નહિ.

પ્રભુના બળનું માપ — Nakoda, 16/4/68

(1) ૧૨ યોદ્ધા બરાબર એક ગોધા (બળદ) જેટલું બળ.
(2) ૧૦ ગોધા (બળદ) બરાબર એક ઘોડા જેટલું બળ.
(3) ૧૨ ઘોડા બરાબર એક પાડા જેટલું બળ હોય છે.
(4) ૧૫ પાડા બરાબર એક હાથી જેટલું બળ હોય છે.
(5) ૫૦૦ હાથી બરાબર એક સિંહ જેટલું બળ હોય છે.
(6) ૨૦૦૦ સિંહ બરાબર એક અષ્ટાપદ જેટલું બળ.
(7) ૧૦ લાખ અષ્ટાપદ બરાબર એક બળદેવ જેટલું બળ.
(8) ૨ બળદેવ બરાબર એક વાસુદેવ જેટલું બળ.
(9) ૨ વાસુદેવ બરાબર એક ચક્રવર્તી જેટલું બળ.
(10) ૧ લાખ ચક્રવર્તી બરાબર એક નાગેન્દ્ર જેટલું બળ.
(11) ૧ ક્રોડ નાગેન્દ્ર બરાબર એક ઇન્દ્ર જેટલું બળ હોય છે.
(12) અનંત ઇન્દ્ર એટલે પ્રભુની ટચલી આંગળીનું બળ.

Soul is worth more than all world. For what shall it profit a man, if he shall gain the whole world, and lose His own soul? Or what shall a man give in exchange for his soul?

o સહન કરી, શુદ્ધ બનો, સંપૂર્ણ પામો.

માત્ર દુઃખને જ નહિ, સુખને પણ સહન કરો.

સુખ અને દુઃખ એટલે

કર્મના ગણિત પ્રમાણે બનતા બનાવો.

તેને સરખા પ્રસન્નતાથી સહવા તે કુદરતની યોજનામાં સહકાર આપવા બરાબર છે. આકાશ જેમ તાપથી શોષાતું નથી, ઠંડીમાં ચીમળાતું નથી, વર્ષાથી ભીંજાતું નથી, નિર્લેપપણે આત્મા રહે છે તેમ બંનેથી આત્મા રહો.

દુઃખનું પણ મહત્ત્વ છે.

શાંતિ અને સમજપૂર્વક તેને સહવાથી શુદ્ધિ થાય છે.

શુદ્ધિ થવાથી પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે.

સહન કરો અને શુદ્ધ બનો,

શુદ્ધ બનો અને પૂર્ણતાને પામો.

શાંતિ, તૃપ્તિ, સંતોષ તો જ મળે કે પોતાનો સંકલ્પ પરમાત્મા વિરુદ્ધ બાબત કદીએ ન ઈચ્છવાનો હોય.

રામ ઝરૂખે બૈઠ કર, સબ કા મુજરા લેત,
જૈસી જિન કી ચાકરી, વૈસા ઉન કો દેત.

આનંદને જાણવા માટે

દાસોઽહં, સોઽહં અને ૐનું ધ્યાન છે.

## જ્ઞાન એટલે...

જ્ઞાન એટલે માત્ર માહિતી જ નહિ, પરંતુ વિવેકબુદ્ધિ.

આખિર ખરું શું અને ખોટું શું ?

નિત્ય શું અને અનિત્ય શું ?

શ્રેયસ્ શું અને અશ્રેયસ્ શું ?

તે જીવનમાં ડગલે - પગલે સમજવાની અને પ્રત્યેક વિષયને સમજવા માટે તેમાં ઊંડા ઉતરવાની વૃત્તિ.

તત્ત્વજ્ઞાન = દર્શન, ધર્મ = આચરણ.

જ્ઞાન માટે આત્મવાદ, શ્રદ્ધા માટે કર્મવાદ અને ચારિત્ર માટે સ્યાદ્વાદ આવશ્યક છે.

## કન્નડ ભાષામાં લખાયેલો લેખ

જેમ રીતે કેરીના હૃદયમાં છુપાયેલા ગોટલામાં એક વિશાળ આમ્રવૃક્ષ છુપાયેલું છે, તેમ રીતે હે માનવ! તારી કાયામાં પરમાત્મા ભગવાન છુપાયેલો છે, એને તું શોધી લે.

જેમ ગોટલામાં ઝાડ છે અને ચકમકમાં આગ છે, તેમ રીતે આપણી કાયામાં જ પરમાત્મા છે.

o

A man of words and not of deeds
is just like a garden of weeds.

o અહિંસા વિચારમાં, સંયમ ઉચ્ચારમાં અને
તપ આચારમાં આવે છે, ત્યારે સમાનતા પ્રગટે છે.

ધ્યાનથી વિચાર, મૌનથી ઉચ્ચાર અને
તપથી આચાર વિશુદ્ધ થાય છે.

o ધર્મની વૃત્તિ એક છે, અભિવ્યક્તિ અનેક છે.

o અહંની લાઈટ બંધ કરવાથી સોહંની ચાંદની
દિલ, મન અને આત્માને ભરી દે છે.

વિચારને સુધારવા માટે અર્હંનું ધ્યાન કરો,
વાચાને સુધારવા માટે સ્યાદ્વાદનો ઉપયોગ કરો.
સ્યાદ્વાદ એ અહિંસક વાણી છે.
આચાર સુધારવા માટે તપ કરો.

સુખ માટે અપરિગ્રહ વ્રત છે, તેથી સંતોષ પ્રગટે છે.
શાંતિદાયક સુખ સંતોષમાં છે- અપરિગ્રહમાં છે,
અસંતોષ કે પરિગ્રહમાં નહિ.

આનંદ આત્મામાં છે માટે આત્માને મિત્ર બનાવો.
સમૃદ્ધિ આત્મામાં છે માટે આત્મિક સ્વતંત્રતાને ચાહો.
ધ્યાન, મૌન અને તપ તેમાં સાધન છે.
ધ્યાનરૂપી જળ, મૌન રૂપી પ્રકાશ અને તપરૂપી પવન
વડે આત્મા નિર્મળ, ઉજ્જ્વળ અને શુદ્ધ બને છે.

## મંત્ર અને મૈત્રી — Dt. 17-4-68

વિશ્વમાં અનેક મંત્રોમાં નમસ્કાર મંત્ર અપૂર્વ મંત્ર છે.
આ મંત્રમાં ગુણવાન આત્માઓને નમન-પૂજન છે.
વ્યક્તિપૂજાના સ્થાને આ મંત્રમાં ગુણપૂજા છે.
એમાં કોઈ દેશ, કાળ, જાત કે સંપ્રદાયનો નિર્દેશ નથી.
સર્વ દેશ, સર્વ કાળ, સર્વ જાતિ અને
સર્વ સંપ્રદાયમાં થએલા ગુણવાન પુરૂષોને
નમન હોવાથી આ મંત્ર સર્વવ્યાપી છે.
આ મંત્ર દ્વારા
સમગ્ર વિશ્વના ગુણવાન આત્માઓને વંદન થાય છે,
તેથી તે અત્યંત ઉપાદેય અર્થાત્ ગેય-ધ્યેય-શ્રદ્ધેય છે.

### ભાવનાવિહોણો ધર્મ એટલે શૂન્ય

ધર્મનું મૂળ ભાવના છે. ભૂખ વિનાના ભોજન અને જળ વિનાના સરોવરની જેમ ભાવનાવિહોણો ધર્મ ફિક્કો છે. સર્વભાવનાઓમાં મૈત્ર્યાદિ ૪ ભાવના પ્રધાનસ્થાન ભોગવે છે. મુક્તિપ્રાસાદમાં આરોહણ કરવા તે સોપાનની શ્રેણિ છે. જિનભક્તિ વડે શુદ્ધાત્મ વૃત્તિનો ઉદય થાય છે. એક મનુષ્ય માટે પોતાના શરીરની રચના, એનાં અંગો, એનાં કાર્યોથી અધિક સંતોષજનક સ્થાન બીજું હોઈ શકતું નથી.

શરીરમાં આંખ, કાન, નાક, જીભ ચામડી - એ ઇન્દ્રિ
ભોગ માગે છે, પરંતુ જો તેમાં પવિત્ર આત્મા વસેલો
હોય, તો તે ત્યાગ માગે છે અને મુક્ત બને છે.

સંપત્તિ ગઈ ? કશું નથી ગયું.

આરોગ્ય ગયો ? ઘણું ગયું છે.

સંયમ ગયો ? સર્વ ગયું છે.

જાત પ્રત્યે કઠોર અને જગત પ્રત્યે કોમળ થવું, તે
સર્વ મહાપુરુષનું લક્ષણ છે.

*There is a Spirit in you that is greater than all world.*

અવિરતો દુશ્ચરિતાત્ । ખરાબ આચરણથી અટકેલો છું.
ખરાબ આચરણ એ બોધ સાધના માટે અયોગ્ય છે.

<u>બોધધ્યાનનો ઉપાય મૌન છે.</u>

બુદ્ધિ શુદ્ધિ તે છે કે જે
ઈશ્વર પ્રેરિત કલ્યાણકારી સંકલ્પોથી યુક્ત હોય છે.
યથાશક્તિ પરોપકારરત રહેવું તે જ દેવત્વ છે.

તસ્યૈવાઽહં = તેનો જ હું છું = ઉદ્ગીથ વિદ્યા = ઉદ્ગાથ.
તવૈવાઽહં = તારો જ હું છું = નાદાનુસંધાન = પ્રણવ.
ત્વમેવાહં = તું જ હું છું = સુરતશબ્દયોગ = તાર.

ૐ મણિપદ્મે હું ।

૦ અનેકાન્ત એટલે એક એવી અભેદદૃષ્ટિ મળે છે
કે જે વડે શત્રુમાં પણ મિત્રતાના દર્શન થઈ શકે છે.

## વૈરાગ્ય એટલે...

જગતના પદાર્થો ઉપરથી પોતાની રૂચિ હટાવી લેવી.
અભ્યાસ એ પરમાત્મામાં વૃત્તિ જોડવાનું નામ છે.
ઈશ્વરસ્મરણમાં આવતાં વિઘ્નોનો નાશ
ઈશ્વરસ્મરણથી જ છે.

૦ પ્રત્યાહાર એ નિરાહાર નહિ પણ
વિપરીત આહારના અર્થમાં છે.
પૂજામાં જલ - ચંદન - પુષ્પ - ધૂપ - દીપાદિ
વાસ્તવિક પ્રત્યાહાર છે.

સમાધિ એ પ્રાણની ઉચ્ચ સ્થિતિ - યૌગિક સુષુપ્તિ છે.

૦ નામસ્મરણરૂપી સાધનથી જેણે દૈવતત્ત્વમાં
આત્મન્યાસ કરી દીધો છે, તે સર્વથી શ્રેષ્ઠ યજ્ઞનો કર્તા છે.

૦ ઉપાસના = નિકટમાં રહેવું.
ઉપાસ્ય-ઉપાસક એક થઈ જાય તે સાચી ઉપાસના છે.
અજપા કે પરાજય યોગીઓને નાભિની પરાવાણી થાય છે.
હૃદયથી અપરા, કંઠથી મધ્યમા અને
જીહ્વા - દાંત - ઓષ્ઠથી વૈખરીવાણી થાય છે.

સંબંધના પાંચ પ્રકાર: શાન્તભાવ, દાસ્યભાવ, સખ્યભાવ, વાત્સલ્યભાવ અને માધુર્યભાવ.

ધ્યાન એ માનસ પૂજા છે. દાસ્યભાવમાં ચરણથી શિર, વાત્સલ્યમાં શિરથી ચરણ, માધુર્ય (શૃંગાર)માં મુખથી કટિ અને સખ્યમાં કટિથી મુખનું ધ્યાન છે.

જેમાં મૂર્છા તથા જેમાં અર્ધસાંગનું ધ્યાન છે.

## પશુભાવ એટલે શું ?

જેમ પશુ ભોજનના ઋણની અનુભૂતિ કે ભોજનના ઉદાર દાતા ઉપકારની કૃતજ્ઞતા પ્રાયઃ વ્યક્ત કરી શકતો નથી, તેવો મનુષ્ય પણ પશુપ્રાયઃ છે.

'તત્સુખે સુખિત્વં ।' એ મધુરભાવ છે.

માનવજીવનનું લક્ષ્ય પીગળો જીવભાવ ટાળીને શિવભાવને પ્રાપ્ત કરવો તે છે.

૦ મહાકાલી એટલે નમો, મહાલક્ષ્મી એટલે અરિહં, મહાસરસ્વતી એટલે તાણાં ઉપર બિન્દુદશાનું પદ.

૦ ક્ષમયા દયયા પ્રેમ્ણા સૂનૃતેનાર્જવેન ચ ।
વશીકુર્યાજ્જગત્ સર્વં વિનયેન ચ સેવયા ॥૧॥

અર્થ: ક્ષમા, દયા, પ્રેમ, સત્ય, સરળતા, વિનય અને સેવા વડે આખું જગત વશ કરી શકાય.

धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी।
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनः संयमः।
शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजन-
मेते यस्य कुटुम्बिनो वद सखे! कस्माद्भयं योगिनः ॥१॥

(પરિશિષ્ટ-૯)

० અનાહત એ અર્હંની સાથે સાથે
સમ્યગ્દર્શનનું અને ચિત્તસમાધિનું તથા અષ્ટવર્ગની
સાથે સમ્યગ્જ્ઞાન અને શ્રુતસમાધિનું સૂચક છે.
૪૮ લબ્ધિપદોની મધ્યમાં ૮ અનાહતોનું આલેખન સમ્યક્
ચારિત્ર અને શીલસમાધિ તથા તપસમાધિનું સૂચક છે.

અર્હં, અષ્ટવર્ગ કે ૪૮ લબ્ધિ એ
અનાહતનું મૂળ પણ છે અને ફળ પણ છે.
નવકારની સાધના અનાહત દ્વારા જ ફળે છે,
તે અનાહત શુદ્ધ ધ્વનિ સ્વરૂપ,
શુદ્ધ સામાયિક સ્વરૂપ કે શુદ્ધ સમાધિ સ્વરૂપ છે.
આત્માની ધ્યાન દ્વારા થતી ઉત્તરોત્તર વિશુદ્ધિ
અક્ષર કે શબ્દ દ્વારા કહી શકાતી નથી,
કિન્તુ અનાહત દ્વારા આલેખી શકાય છે.
અર્થભાવનાપૂર્વક થતો મંત્રજાપ શીઘ્ર ફલીભૂત થાય છે.

○ સાદૃશ્યમૂલક એકતા એકજાતીય છે, એકસત્તાક નહિ. એક દ્રવ્યમાં વિવક્ષિત ધર્મભેદ અને બે દ્રવ્યોમાં રહેવાવાળો પરમાર્થ સત્‌ભેદ, બંનેના પ્રકાર ભિન્ન છે. સાદૃશ્ય બે પદાર્થોમાં પ્રાપ્ત થવાવાળો એક ધર્મ નહિ, કિન્તુ પ્રત્યેકનિષ્ઠ છે.

○ સમગ્ર ગુણરૂપ રત્નોની પેટી તે દ્વાદશાંગી.
તેનો સાર એટલે પ્રાધાન્ય, પ્રધાન રહસ્ય.
તે પરમ સાર શું છે? શુદ્ધ નય પરિજ્ઞાન.
'जे एगं जाणइ से सव्वं जाणइ,
जो सव्वं जाणइ से एगं जाणइ।' अर्थात्:
જે એકને જાણે છે, તે સર્વને જાણે છે.
જે સર્વને જાણે છે, તે એકને જાણે છે.
परमरहस्समिसीणं समत्तगणिपिडगझरियसाराणं।
परिणामियं पमाणं निच्छयमवलंबमाणाणं ॥१॥

○ ઉખર ભૂમિ તે ભૂખ્યાની ઇચ્છાઓ
માત્ર ન પાકે પણ જલસેકાદિક ક્રિયાઓ પાકે.
ભાવ એટલે શુભ અધ્યવસાય.
શુદ્ધનયની ભાવના તો જ સ્થિર થાય કે જો
તે ભાવના વ્યવહારયુક્ત હોય.

શુદ્ધ વ્યવહાર વિના શુદ્ધ નયનું કાર્ય કરી શકે નહિ.

ગચ્છકુલવાસે શુદ્ધવ્યવહાર અને

તે દ્વારા ભવિષ્યમાં નિશ્ચયનયમાં રહેવું.

<u>ત્રણ પદમાં ગર્ભિત સાધના</u>

अप्रतिहतेदं कर्मानुबन्धापनयने। 'दुष्कृतगर्हणम्।'
महदेतत्कुशलाशयनिबन्धनम्। 'सुकृतानुमोदनम्।'
महानयं प्रत्यपायपरिहरणोपायः। 'चतुःशरणगमनम्।'

આમાં આવી તે સાધના ગર્ભિત છે, જે આત્મામાં રહેલી સહજ સમંતભદ્ર યોગ્યતાને વિકસાવે છે. આ ત્રિવેણી વિના કદી પણ સહજ ધર્મ પ્રાપ્ત ન થાય.

પરમેષ્ઠિ ભગવંતોનું મુખ્ય કાર્ય

જીવોના આત્માઓમાંથી પાપના અનુબંધોને તોડવા અને પુણ્યના અનુબંધો ઉત્પન્ન કરવા તે છે.

આથી મહત્વનું કોઈ કાર્ય જગતમાં છે નહિ.

નમસ્કાર મંત્રની ચૂલિકા એ મહત્ કાર્યને ધ્વનિત કરે છે.

અરૂપી સિદ્ધોનું આ જ અરૂપી કાર્ય છે.

ચાર શરણાનું મહત્વ પણ તે જ છે.

o ફલશ્રુતિ રૂચિ વધારવા માટે છે, ફલ-શ્રવણ કરવાથી તેના કારણમાં રૂચિ, ઇચ્છા, લાલસા વગેરે વધે છે.

o પ્રભુ, વાણી અને મન - ત્રણના સંયોગથી શબ્દ બને છે, તેથી મંત્ર તે પ્રભુ, ઇંદ્રિય અને મનોમય છે.

o ધર્મ માત્ર પુસ્તકમાં નહિ, આચરણમાં દીપવો જોઇએ.

o પશ્ચિમના ફ્રોઈડ કહે છે કે વૃત્તિ રોકવાથી રોગ થાય છે, પતંજલિ મહાત્મા કહે છે વૃત્તિ રોકવાથી યોગ થાય છે.
પૂર્વ - પશ્ચિમ વચ્ચે આ મોટો ભેદ છે.

o પાંચ સમવાય પણ જેને આધીન છે,
તે પરમ કારણ એટલે સિદ્ધ પરમાત્મા.
આ જગતના સુન્દર - અસુંદર સર્વ કાર્યોનું પરમકારણ
સિદ્ધોનું અસ્તિત્વ છે.
તેમની આજ્ઞાનું આરાધન અને વિરાધન
શુભાશુભ કાર્યમાત્રનું પરમકારણ છે.

o

o Namo is opening of the heart, mind and soul to Him and closed to all else. The greatest command is to love Him and also your neighbour. Nothing can daunt you when your ears are tuned to the song of navkar.

દુષ્કૃતગર્હા = Law of mercy is working through forgiveness & love.

સુકૃતઅનુમોદન = Law of Grace is working through gratitude & praise.

શરણાગમન = Law of protection is working through surrender & selfabsorption.

કર્મસત્તા = Law of causation.

ધર્મસત્તા = Law of mercy and Grace.

પરમસત્તા = Law of identification and Law of oneness.

: Meditation upon Namaskar :

નમો is for mercy. અરિહં is for Grace.

તાણં is for protection.

નમો એ પાપનું પ્રાયશ્ચિત છે.

અરિહં એ ધર્મનું અનુમોદન છે.

તાણં એ પરમસત્તા સાથે એકતા છે.

Oneness with the divine by the real nature of Soul.

ह्रीं ॐ ऐं अर्हं ऐं ऐं अर्हं ऐं ॐ ह्रीं

૦ આવે ત્યારે જગતનો પ્રેમ સંપાદન કરે અને જાય
ત્યારે જગતના આશીર્વાદ લઈને જાય તેનું જીવન ધન્ય છે.
જે બીજાઓને માટે જીવે તે જીવતાં શીખ્યો,
બીજાઓનું કામ કર્યું એટલે પોતાનું કામ કર્યું,
બીજાઓનું કલ્યાણ સર્જ્યું એટલે સ્વનું કલ્યાણ સર્જ્યું.
જે એ પ્રમાણે જીવે, તેનું જીવન ધન્ય-સફળ-કૃતાર્થ છે,
જીવનની સાર્થકતા સેવામાં છે, સ્વાર્થત્યાગમાં અને
બીજાઓને સુખી બનાવવામાં છે.
આટલી વાત સૌ કોઈ સમજી શકે છે
અને સમજીને પોતાનું જીવન ધન્ય બનાવી શકે છે.
પરોપકાર એટલે સ્વોન્નતિ, પરસેવા એટલે આત્મસાધના.
વધારે ઊંડા ન ઉતરીએ,
નહિ તો પાછા પંડિતોના ઝઘડામાં સપડાઈ જઈશું.
જીવનની ગૂઢતાનું જ્ઞાન કાંઈ જીવનસાધનાની
જવાબદારીમાંથી છટકી જવાનો માર્ગ ચીંધતું નથી,
તે સમજવા આટલું બસ છે.
૦ હે નવજુવાનો! તમારા જીવનમાં રૂદન છે, વ્યથા છે,
તમારા દુઃખનો અંત દેખાતો નથી, તમારી પીડાઓનું પરિમાણ
સમજાતું નથી અને તમે કંપી ઊઠો છો, તો જુઓ!

(a) જગતમાં એવી એક પણ રાત પડી નથી કે જેને
અંતે ઉષા ન ઉગી હોય. રાતનો અંધાર ઘોર હોય છે,
તે જ બતાવે પાછળ ઉષા તૈયાર બેઠેલી હોય છે.

(b) જગતમાં એવું એક પણ દુષ્કાળ નથી ચઢ્યું,
જેને સ્વર્ણધારાઓએ ઓગાળી નથી નાંખ્યું.

(c) એવું એક પણ ઘોર વાદળ નથી આવ્યું,
કે જેના ઉપર રંગ ન ઢોળ્યો હોય.

(d) એક પણ આંસુ નથી વહ્યું,
જે એક દિવસ સુકાયું ન હોય.

(e) એવી એક પણ આંધી નથી ચઢી, કે જેના પછી
તેના બિન્દુનું ઇંદ્રધનુષ્ય આકાશપટ પર ન લહેરાયું હોય.

(f) એક પણ હિમ એવું નથી ઉતર્યું,
કે જે સૂર્ય લાગવાને ઓગાળ્યું ન હોય.

(g) એવા એક પણ શિશિર નથી,
કે જેમાંથી એક ઝળહળતી વસંત ન બની હોય.

(h) જીવનમાં એવું એક પણ સંકટ નથી,
કે જેના બદલા રૂપે કોઈ મનુષ્યને મહાપ્રાપ્તિ ન થતી હોય.

(i) એવો એક પણ પરાજય નથી,
કે જે વિજયરૂપ ન બની જતો હોય.

(j) એવું એક પણ પતન નથી, કે જે
આખિર ઉચ્ચ શિખરોના આરોહણરૂપ ન બનતું હોય.

(k) એવી એક પણ એકલતા નથી,
કે જેમાં એક દિવસ ભજન ગુંજ ન ઉઠતું હોય.

(l) એવો એક પણ વિસંવાદ નથી,
કે જે સંવાદરૂપ ન બનતો હોય.

o શબ્દાર્થ - ધર્મથી ધન મળે - પ્રતિજ્ઞાવાક્ય.

વાક્યાર્થ - ધર્મનો એક અંશ પુણ્ય ઐશ્વર્યનું કારણ છે.
વાક્યાર્થ એટલે હેતુવાક્ય.

મહાવાક્યાર્થ - પુણ્ય પરોપકારથી બંધાય છે - હેતુનો હેતુ.

ઐદંપર્યાર્થ - પરોપકારમાં આજ્ઞાનું પાલન છે - આજ્ઞાપાલન.

આજ્ઞાનું તાત્પર્ય - જીવોને સુખી કરવાનું સાધન બતાવવું.

સુખનું સાધન પુણ્ય. પુણ્યનું સાધન પરોપકાર.

પરોપકાર = પવિત્ર કૃતિ, દાન, દયા, શીલ, તપ.

સ્વાર્થની સિદ્ધિ તો જ થાય,
કે જે ક્રિયામાં પરાર્થની સિદ્ધિ હોય.

o આચાર - વિચાર વિના મનની શુદ્ધિ થતી નથી
અને મનની શુદ્ધિ થાય નહિ,
ત્યાં સુધી ભક્તિ થઈ શકતી નથી.

## નવકારમાં શું શું સમાવિષ્ટ છે?

નવકારમાં ૧૪ નકાર, ૧૨ બિંદુ, ૯ ણકાર, ૮ સકાર,
3 હકાર, ૨ ચકાર, ૯ મકાર, ૭ વકાર, ૨ ઓકાર,
૧ અકાર, ૧ આકાર, ૧ તકાર, ૭ સંયુક્તાક્ષર, ૫ પકાર,
3 ભકાર, ૧ દકાર તથા ૧ ધકાર છે.
નવકારમાં ૧૪ પૂર્વ, ૧૨ અંગ, ૯ નિધિ, ૮ સિદ્ધિ,
3 મંગળ (આદિ, મધ્ય અને અંત)
૨ ચારિત્ર (દેશ તથા સર્વ વિરતિ) સમાવિષ્ટ છે.
ઉપરાંત નવકારમાં પંચ પરમેષ્ઠિ તથા ત્રણ લોક છે.

o જેમ ફળ આવે ત્યારે વૃક્ષો નમે છે તથા જળથી ભરાય ત્યારે વાદળાં નીચા નમીને ભૂમિ ઉપર વૃષ્ટિ કરે છે, તેમ સજ્જન સ્વભાવ સદા જ રહે, જ્યારે સમૃદ્ધિ મળે ત્યારે નમ્ર બને છે અને જનહિતાર્થે સંપત્તિને છૂટથી વાપરે છે.

ઈશ્વરના રાજ્યમાં ઈશ્વરનો ઇન્કાર
એ જ મનુષ્યનો સંસાર છે.

ઈશ્વરનું રાજ્ય મનુષ્યના મન અને હૃદયમાં છે. તેના રાજ્યમાં તેને પ્રવેશ કરવાની મનુષ્ય મનાઈ કરે છે, ત્યાં સુધી જ તે તેના આશીર્વાદથી વંચિત રહે છે.

o અશુભ વિકલ્પ દુશ્મનનું ઘર, શુભ વિકલ્પ મિત્રનું ઘર,
નિર્વિકલ્પ આત્માનું ઘર છે.

નવકારથી અશુભ વિકલ્પ ટળે છે, શુભ વિકલ્પ મળે છે
અને નિર્વિકલ્પમાં લઈ જાય છે.

અશુભ વિકલ્પરૂપી સંસારમાંથી નિર્વિકલ્પ રૂપ મોક્ષમાં
લઈ જવા માટે શુભ વિકલ્પ સેતુ છે, નવકાર અશુભ
વિકલ્પથી છોડાવી શુભવિકલ્પ દ્વારા નિર્વિકલ્પમાં પહોંચાડે છે.

નવકાર કર્મબંધનથી છોડાવે છે,
સમતાભાવમાં સ્થિર કરે છે
અને આત્મારામતાનો અનુભવ કરાવે છે.

o 'સીલં સેયં સુયં સેયં।'

દેશઆરાધક ક્રિયા, સર્વારાધક જ્ઞાન.
ક્રિયાવાન દેશારાધક અને સર્વવિરાધક.
જ્ઞાનવાન સર્વારાધક અને દેશવિરાધક.

ક્રિયાનો પ્રકાશ ખજવાતુલ્ય, જ્ઞાનનો પ્રકાશ સૂર્યતુલ્ય.
અંશનો આરાધક એટલે પોતાના એક જીવનો આરાધક.
સર્વવિરાધક અજ્ઞાનને કારણે અન્ય સર્વ જીવોનો
વિરાધક. જ્ઞાની સર્વ જીવોનો આરાધક છે અને પ્રમાદ-
કષાયના કારણે પોતાના એક જીવનો આંશિક વિરાધક છે.

o વિહિત અનુષ્ઠાનમાં પ્રણિધાન માત્ર સંયમ વડે
જ્યાં વસ્તુ એક સાથે સધાય છે,
સત્માં પ્રવૃત્તિ તે સુકૃતાનુમોદન રૂપ છે,
અસત્થી નિવૃત્તિ તે દુષ્કૃતગર્હારૂપ છે અને
તે વિહિત ઔપચારિક લૌકિક દેવની સાથે
સમાપત્તિરૂપ ફળ છે. સમાપત્તિ શરણાગમનરૂપ છે.
સુકૃતાનુમોદનનું પર્યવસાન સત્માં પ્રવૃત્તિ છે,
દુષ્કૃતગર્હાનું પર્યવસાન અસત્ની નિવૃત્તિમાં છે,
શરણાગમનનું પર્યવસાન આત્મપ્રણિધાનમાં છે,
વિહિત અનુષ્ઠાનનું પ્રણિધાન સત્ પ્રવૃત્તિ અને અસત્
નિવૃત્તિ દ્વારા પરમાત્મસ્વરૂપમાં પર્યવસાન પામે છે અને
પરમાત્મસ્વરૂપ તથા આત્મસ્વરૂપ,
આત્મધ્યાન અને આત્મજ્ઞાનમાં પર્યવસાન પામે છે,
જેનું પરિણામ આત્મજ્ઞાનમાં આવે,
તે ક્રિયાને જ સત્ક્રિયાનું ઉપનામ છે.

o Businessmen = ઈશ્વરના સ્થાને ધન-સંપત્તિને
મૂકનારો. તેને સ્વર્ગમાં સ્થાન નહિ. પાણી ગાળીને પીએ
અને રુધિર અણગાળીને પીએ. - રાહુલ સાંકૃત્યાયન

o પહેલા સાડી અનહદ વાજા, ફેર ઝળહળા કરે પ્રકાશ.
ઝળહળા એટલે આત્મજ્યોતિ. - શ્રી રામ (શિરોટી)

० इह सिद्धिषु वैचित्र्ये बीजं कर्मक्षयादिकं ।
संवेगश्चाऽत्र सदसत्प्रवृत्ति निवृत्तिरूपः ॥ सद्वृत्तिः
અહીં સિદ્ધિમાં રહેલા વૈચિત્ર્ય વૈવિધ્ય પ્રત્યે કર્મનો ક્ષય
ક્ષયોપશમ વગેરે કારણ છે અને ઉપરોક્ત સિદ્ધિઓને
વિશે સંવેગ સત્પ્રવૃત્તિ તથા અસદ્નિવૃત્તિ દ્વારા કારણ છે.
इहेति। इह प्रागुक्तग्रंथसिद्धिषु वैचित्र्ये कर्मक्षयादिकं
बीजं, तथा ज्ञाने तथा ज्ञानावरणक्षयोपशमादे-
वीर्यविशेषे च वीर्यान्तरायक्षयोपशमादेर्हेतुत्वात् ।
संवेगश्चाऽत्रोक्तसिद्धिषु सत्प्रवृत्ति - असन्निवृत्तिभ्यां
तथाविधक्षयोपशमाधानद्वारैव बीजं
न तु तत् तत् विषय ज्ञानप्रणिधानादिरूपः ।
अनन्तविषयकज्ञानस्य प्रतिविषयं संवेगासाध्यत्वात् ।
विहितानुष्ठानप्रणिधानमात्र
संवेगेनैव मोहक्षयात् तदुपपत्तेः ।
चित्तप्रणिधानार्थं त्वालंबनमात्रं क्वाऽपि न वारयामः ।
केवलमात्मप्रणिधानपर्यवसान
एव सर्वः संवेगः फलवानित्यात्मनो
योग्यत्वं विना सर्वं विलूनशीर्णं भवेदित्यादिकं
स्वयमूहनीयं । - द्वा० द्वा० २६ श्लो - २२ (परिशिष्ट-१०)

o જે કોઈ ઉચ્ચ અને દિવ્યવિચારો - ભાવનાઓ સેવે છે, તે પોતાને તેમ જ સમસ્ત વિશ્વને ઉંચું લાવે છે, સમસ્ત જગતનું ઘણું ભલું કરે છે તથા દૂર રહેતા પોતાના મિત્રોમાં પણ આશા તથા શાંતિનો સંચાર કરે છે.

o પ્રત્યેક માનવ લાંબુ જીવવા ઈચ્છે છે,
બધી વસ્તુઓનું જ્ઞાન મેળવવા તલસે છે,
સદા સુખી અને સ્વતંત્ર રહેવા તથા બધા ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપવા પ્રયત્નશીલ રહે છે, એનું કારણ તે તત્ત્વથી સત્, ચિત્, આનંદ, મુક્ત અને ઐશ્વર્યવાન છે.

o રજસ્ તથા તમસ્ કરતાં સત્ત્વ વધુ શક્તિશાળી છે,
ધનાત્મક ઋણાત્મકને પરાજિત કરે છે.
એક લેણદાર સો દેણદાર કરતાં વધુ બળવાન છે.
આત્મા લેણદાર છે, અનાત્મા દેણદાર છે.

o 'ઉપયોગોલક્ષણમ્ ।' એ સૂત્રથી તત્ત્વ ટકે છે.
'ઉપગ્રહો લક્ષણમ્ ।' એ સૂત્રથી તીર્થ ટકે છે.
તીર્થને ટકાવવા જીવોનો પરસ્પર સંબંધ સ્વીકારવો જોઈએ.
તત્ત્વને ટકાવવા જીવમાત્રની સ્વતંત્રતાને સ્વીકારવી જોઈએ.
જ્ઞાનલક્ષણથી સ્વતંત્રતા છે, ગ્રહણલક્ષણથી પરતંત્રતા છે.

ह्रीं ॐ ह्रँ अर्हं ह्रँ ह्रँ अर्हं ह्रँ ॐ ह्रीं

o વિષયતા અને વિષયિતા ઉભય સંબંધથી
સચરાચર સૃષ્ટિ જ્ઞેયસ્વરૂપ છે, જ્ઞાનમય છે, ચિન્મય છે.
લૌકિક પ્રત્યેની ફરજ, લોકોત્તર દેવ-ગુરુ પ્રત્યેની ફરજ
અને આત્મતત્ત્વ પ્રત્યેની ફરજ,
એ ત્રણે પ્રકારની ફરજ અદા કરવાથી ધર્મ પૂર્ણ બને છે.
એક બીજા પ્રત્યે ત્રણેને કાર્ય-કારણભાવનો સંબંધ
રહેલો છે, આત્માનું કાર્ય કરવા માટે દેવ-ગુરુનું અને
તે માટે લૌકિક માતા-પિતાદિનું કાર્ય કરવું આવશ્યક છે.
દેખે તે દેવ, દિખાવે તે ગુરુ અને ચલાવે તે ધર્મ.

દેવથી દર્શન, ગુરુથી જ્ઞાન અને
ધર્મથી ચારિત્રગુણની પ્રાપ્તિ થાય છે.
ધર્મ આચરવા માટે છે,
ગુરુ એ દાન અને જ્ઞાન માટે છે,
દેવ એ દર્શન અને પૂજન માટે છે,
દેવની પૂજા, ગુરુનો સત્કાર અને ધર્મનું પાલન
એ ત્રણે જીવની મુક્તિનું કારણ છે.
દશવિધ યતિધર્મ એ તત્ત્વ છે,
એ તત્ત્વને દેખાડનારા અરિહંત છે, તેનું ફળ સિદ્ધત્વ છે,
તેનો આચાર આચાર્યત્વ છે, તેનું જ્ઞાન ઉપાધ્યાયત્વ
તથા તેની સાધના સાધુત્વ છે.

અરિહંત - સિદ્ધ વડે દર્શનગુણ, આચાર્ય - ઉપાધ્યાય વડે
જ્ઞાનગુણ, સાધુ વડે ચારિત્ર અને તપગુણ મેળવાય છે.

૦ વીરણા = વિશેષણ + ઈર + ણા

વિવિધ ઈરણાઓ, પ્રેરણાઓને હણનારા, તેનું નામ વીરતા.

ચૈતન્યને કાંઈને કાંઈ પ્રેરણા થાય જ છે,
કવિને કાવ્યની, વૈજ્ઞાનિકોની ખોજની,
ઉદર અર્જન તરફ ધ્યાન આપવાથી સંતાનોત્પત્તિ આદિની
સ્થૂલ પ્રેરણાઓ દિવ્યરૂપને ધારણ કરે છે.
બધી પ્રેરણાઓનો અંત ઈશ્વરની પ્રેરણા છે.
તે પ્રેરણા જાગે છે, ત્યારે બાકી બધી પ્રેરણાઓ -
*instincts*નો અંત આવે છે.

૦ પરમહંસને મન કોઈ રાષ્ટ્ર કે દેશની કોઈ સીમા નથી.
તેઓ તો આસમાનમાં અને અનંતની અપાર્થિવ લીલાના
મુક્ત ગગનમાં વિહરનારા હોય છે.

ગણિતના સમીકરણ પ્રમાણે ઈશ્વર એ એકડો છે અને
સંસારની બાકી બધી ચીજો મીંડા સમાન છે.
એકડા વગર મીંડાની કોઈ કિંમત નથી.
એકડાની હયાતિ મીંડા વિના પણ છે પણ
મીંડાની કોઈ હસ્તી જ નથી.

જગકલ્યાણ કે જગહિતના કાર્યોનો મહિમા પણ ઈશ્વરસાક્ષાત્કાર કે આત્મદર્શનનાં સંદર્ભમાં જ છે.

દૈવ = યોગક્ષેમને વહન કરનાર દિવ્ય આત્મશક્તિ.

## મંત્ર તથા યંત્રનું માહાત્મ્ય

મંત્ર: અનાહત પશ્યંતી દ્વારા જ્યારે સૂક્ષ્મને પ્રાપ્ત થાય, ત્યારે તેને દૈવસંજ્ઞા પ્રાપ્ત થાય છે.

એ આત્માની પોતાની જ પશ્યંતી અને પરાવાણી છે. બધા પૂજ્ય પદોમાં તે અનુગત છે, તે જ અનુસંધેય છે.

નવપદો સવિકલ્પ છે, અનાહત નિર્વિકલ્પ છે.

સવિકલ્પમાંથી નિર્વિકલ્પમાં જવાનું છે.

યંત્ર : તે એક જાતનું પ્રતિનાયક છે, તેની ગતિ કેન્દ્રગામી છે, બધાં જ યંત્રો - કેન્દ્રમાં જવા માટે છે.

કેન્દ્ર તે આત્મા અથવા આત્મશક્તિ છે અને તે જ અનાહત છે. તેને શિવ, શક્તિ, જિન, બુદ્ધ, નિરંજન આદિ પદો વડે ઓળખાવવામાં આવે છે. મંત્ર-યંત્રાદિ સાધનો વડે આત્મશક્તિ આંદોલિત કરવામાં આવે છે. તે આંદોલિત થાય, ત્યારે કાર્યો બને છે.

અન્ય યંત્રો સિદ્ધ કરવાના હોય છે, સિદ્ધચક્ર યંત્ર સ્વયંસિદ્ધ છે.

મંત્રમાં દેવ અને દેવીના મંડળો પણ પોતાનું વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. દેવાધિદેવની તે બાહ્ય સ્થૂળશક્તિ છે. તે વડે દેવાધિદેવની દિવ્ય શક્તિનું ભાન થાય છે. પૂજ્યપદોની શક્તિને સમજવાનું તે અનન્ય સાધન છે.

૦ સંગીત કોઈ ભોગ વિષય કે મનોરંજનનું સાધન નથી, કિન્તુ નાદબ્રહ્મની ઉપાસના છે તથા ચિત્તશુદ્ધિની પ્રબળ સાધના છે. સ્વરોના સહવાસથી ચિત્ત કોમળ, સુંદર અને નિર્મળ બની જાય છે, વિશુદ્ધ સ્વરનાદ શરીરની બધી નાડીઓને શુદ્ધ કરે છે, ચિત્તની બધી વૃત્તિઓને પવિત્ર બનાવે છે. નાદ એ પરમાત્માનું જ સગુણ સ્વરૂપ છે.

માનવશરીરમાં સ્વરોદય, સ્વરાભ્યાસ અને
સ્વરસમાધિની સંભાવના રહેલી છે.

સ્વરોમાં બ્રહ્મસંસ્પર્શ થવાથી પ્રસન્નતા અનુભવાય છે,
સ્વર વિષ્ણુ છે, તાલ શિવ છે
તથા તાન અને આલાપ એ શક્તિ છે.

સંપૂર્ણ સંસાર એક મધુર છંદ છે અને
દરેક પદાર્થ પોતપોતાનો એક વિશિષ્ટ લય ધરાવે છે.

'ગાંધર્વવેદ એ સામવેદનો ઉપવેદ છે'
એમ વેદોમાં કહેલું છે.

o અખિલ વિશ્વમાં 'તું' સર્વવ્યાપી તરીકે રહેલો છે.
સર્વમાં 'તું' રહેલો છે. સર્વના આત્મારૂપ એ
'તું'નું દર્શન થતાં અહંકારની ગાંઠ છૂટી જાય છે,
સર્વ સંશયો છેદાઈ જાય છે,
સર્વ કર્મોની વાસના સર્વદા, ક્ષીણ થઈ જાય છે.

o જ્ઞાન આપવાની વસ્તુ નહિ પણ લેવાની વસ્તુ છે.
અસત્ સંગ છોડવો પોતાને સ્વાધીન છે,
સત્સંગ પામવો એ પ્રભુકૃપાને આધીન છે.

o નમો મંત્ર વડે મનનું દાન પ્રભુને થાય છે.
સર્વ દાનમાં મનનું દાન સર્વશ્રેષ્ઠ છે.

o પુણ્યમાં પ્રભુનો સ્પર્શ છે અને
પાપમાં શેતાનનો સ્પર્શ છે.

અંદર રહેલું આત્મતત્વ એ જ ભગવાન છે.
જીવનનાં બધાં કાર્યો ભગવાનની આરાધના જ થતાં રહે
અને 'પ્રત્યેક કાર્યનો સાક્ષી ભગવાન છે' એમ લાગે,
ત્યારે પ્રેમલક્ષણાભક્તિ પ્રગટ થાય છે.

o

Relation between human & divine
is not as a master a servant
but as a father and son!

ભગવાન નિર્બળનો જ બળ આપે છે અને આરાધના
જ નાશ થાય છે. ઈશ્વર નોંધારાનો આધાર છે. આપણાથી
નાનાની રક્ષા કરીશું તો જ આપણે રક્ષાને પાત્ર થઈશું.
આત્મશુદ્ધિ માટે ઈશ્વરસ્મરણ એ જ એક ઉપાય છે.

પરમશાંત બની પચાવે તે જ ધર્મ,
બાકી બધું સગવડ કે વિનોદ.

સાધનાનું ફળ સાધના જ છે.

o જૈન ધર્મ બધા પ્રત્યે સમભાવ રાખવાનું અને
ઇચ્છાઓથી દૂર રહેવાનું શીખવે છે.
તે તૃષ્ણાઓથી વૃત્તિ નષ્ટ થઈ જાય છે.
બાળકની ભૂલો માફ કરવી એ દૈવી સદ્ગુણ છે.
ધર્મ વિના ટીકી ન બની શકે.

માનવનું કર્તવ્ય એ છે કે
તેણે અંતરાત્મામાં પરમાત્મા સાથે એકતા કરવી,
આજ્ઞાથી વાકેફ થવું અને અક્ષરશઃ તેનું પાલન કરવું.

o સંસારમાં આત્મા સિવાય સર્વ પદાર્થ અનિત્ય છે.
આત્મા જ નિત્ય, શાશ્વત, અજર, અમર,
નિરાકાર, નિર્વિકાર અને ગુણાતીત છે.
સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ છે અને
તેનું કાર્ય પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ છે.

વિશ્વાત્મભાવ અને સર્વાત્મભાવને
મનમાં ધારણ કરવાથી ગુણાતીત બની શકાય છે.

મહાલક્ષ્મી (રક્ષક) અને મહાસરસ્વતીની (સર્જક) સાથે મહાકાળીની (સંહારક) પણ ઉપાસના કરવી જરૂરી છે.

૦ દુનિયામાં જે કરૂણ ઘટનાઓ છે, તેમાં સૌથી કરૂણ ઘટના આપણા પોતાના વિષે રહેલું આપણું અજ્ઞાન છે.

વિશ્વ આખું અહીં આપણામાં રહેલું છે
અને શાશ્વત કાળ પણ આપણા વર્તમાનમાં વસ્યો છે.

જ્ઞાનની પ્રાપ્તિ કરવા ઇચ્છે તેણે પ્રથમ પોતાની નિર્બળતા સમજી લેવી જોઇએ, પોતાની ત્રુટિઓ જાણી લઇ, પોતાની મૂર્ખતાને પારખી લઇ અજાણ બનવું જોઇએ. પછી પોતાની ઉત્તમતા અને પ્રભુતાનું ભાન આપોઆપ થશે.

अविदित परमानन्दो वदति जनो विषयमेव रमणीयम् ।
तिलतैलमेव मृष्टं येन न दृष्टं घृतं क्वापि ॥१॥

પરમાનંદને નહિ જાણનાર લોકો વિષયને જ રમણીય કહે છે.
જેણે ઘી ક્યાંય જોયું નથી,
તે તલના તેલથી ચોપડેલું જ ખાય છે.

૦ आपदि मित्रपरीक्षा शूरपरीक्षा रणाङ्गणे भवति ।
विनये वंशपरीक्षा स्त्रियः परीक्षा तु निर्धने पुंसि ॥

(પરિશિષ્ટ-૧૧)

## સંત રાજેશ્વરનો ઉપદેશ

જેઓનો જન્મ સં. ૧૩૩૨ તા- ૨૫/૧૦/૧૨૭૬ના રોજ
થયો, સમાધિ દિન સં. ૧૩૫૩ માગશર વદી- ૧૩ ગુરુવાર,
આમ કુલ વય ફક્ત વર્ષ- ૨૧ એવા રાજેશ્વર કહે છે:

તારું સ્વયંસ્વરૂપ તો નામ અને રૂપ વિનાનું છે,
એનો અનુભવ લઈ તું આનંદરૂપ બની જા.
પ્રાણનિરોધ કરી કુંડલિની જાગ્રત કર અને
સુષુમ્ણાનો માર્ગ ખુલે અને આજ્ઞાચક્રમાંથી
બ્રહ્મરન્ધ્રના સહસ્ત્રદલ સુધી ઉર્ધ્વગમન થાય.
આથી વૈરાગ્ય મળે અને
મોક્ષપ્રાપ્તિમાં કોઈ અંતરાય ન રહે.
ભગવાન ભાવનાથી મળે.
કેવળ તીર્થ, વ્રત કે નિયમો પાળવાથી શું વળે?
હૃદયમાં રહેલા આત્માની જ્યોત ભાવથી
ભગવાનનો સાક્ષાત્કાર થાય છે.
રાજેશ્વર ઈંદ્રિયોથી, બુદ્ધિથી, મનથી છુટા પડીને
આત્માના સિંહાસન ઉપર આરૂઢ થયા.
સ્વપ્ન, જાગ્રત, સુષુપ્તિની અવસ્થા છોડી
તુરીય અવસ્થામાં પહોંચી ગયા.

## નિવૃત્તિસાધના નિયમો

(૧) આખી જીંદગી બ્રહ્મચર્ય પાલન.

(૨) બધો વખત ઈશ્વર ભજન (૩) કીડીથી કુંજર અને બ્રહ્મથી ચાંડાલ - સૌમાં ઈશ્વર જોવાથી શુદ્ધિ થશે.

o ધર્મનો પાયો છે શાસ્ત્ર અને
શાસ્ત્રનો પાયો છે વેદવિહિત ક્રિયાકર્મ.
એ વિધિથી જે ભાવ તરફ વાળે અને
ઈશ્વરાભિમુખ બનાવે તે માર્ગદર્શક બને.

ભગવાનને ઓળખવાનાં ૭ પગથિયાં:

ગતિ, ભર્તા, પ્રભુ, સાક્ષી, નિવાસ, શરણ અને સુહૃદ.
પરમાત્માનું પરાત્પર સ્વરૂપ, વિશ્વવ્યાપક સ્વરૂપ,
આંતરિક સખા અને પ્રેમીનું સ્વરૂપ.

અખિલ બ્રહ્માંડના સ્વામી સાથે ક્ષુદ્ર જણાતો મનુષ્ય સ્નેહનો સંબંધ બાંધી શકે છે, એ મોટું આશ્ચર્ય છે.

o કામને નિઃસંકલ્પતાથી, ભયને તત્ત્વચિંતનથી, યોગ-માર્ગના વિઘ્નોને મૌન તથા ઈંદ્રિયજયથી જીતી શકાય છે.

o કર્મનો નિયમ એક કાયદો લોકાતીત વિસ્મય છે.

તેને બુદ્ધિ નથી કે તે સમજી શકે,
તેને લાગણી નથી કે તે ક્ષમા કરે.
તેને દિલ નથી કે તે પ્રેમ ધરાવે.

12.36 P.M. Dt. 19-6-1968

કર્મના નિયમનો ઉદ્દેશ એ જ છે જેવાં બીજ તેવાં ફળ,
જેવી કરણી તેવી ભરણી - આ ભવ કે આવતાં ભવમાં.
મરવું એટલે ગુજરવું. ગુજરવું એટલે માત્ર પસાર થવું,
એક જન્મ છોડી અન્ય જન્મમાં જવું,
એક શરીર છોડી બીજું શરીર લેવું,
જુના મકાનમાંથી મુદત પૂરી થયે નવામાં જવું.
અગ્નિ લાકડામાં વ્યાપક હોય તો ય લાકડાથી જુદો જ છે,
તેમ દેહમાં વ્યાપીને રહેલો જીવ પણ દેહથી જુદો જ છે.
આત્મા જન્મ-મરણનો માત્ર દૃષ્ટા ને સાક્ષી જ છે.

o દેખાદેખી સાધે યોગ, પડે પિંડને વાધે રોગ.

o ભોગ પ્રારબ્ધાધીન અને રોગ પ્રયત્નાધીન છે.

अन्नं वै प्राणाः प्राणो वै बलम्। જેવું અન્ન તેવું મન.
એ બંનેનો ઘનિષ્ઠ સંબંધ છે.

o જિતની માયા શરીર પે, ઇતની આતમ પર હોય;
ચલા જાય વો મોક્ષ મેં, પલ્લા ન પકડે કોય. ...(૨)

o શરીર માતા-પિતા તરફથી મળે છે, આત્મા નહિ,
આત્મા તો અનાદિનો છે. તેના પર હક્ક કોઈનો નથી.
જેનો છે, તે આત્મા પોતે જ છે.
તેને જાણનારો 'ભગવાન' કહે છે.

## અન્ય સ્વાધ્યાય

(૧) નવપદ : 3૪૬ + ૯ નવપદની ઢાળો

(૨) નવકાર : ૧૦૦ - સિરિવાલ કહાની ગાથાઓ

(3) વીતરાગ સ્તોત્ર પ્રકાશ - ૨૦, શ્લોક ૧૮૯
(૧૯ + ૪૪ + 33)

(૪) જ્ઞાનસાર અષ્ટક : શ્લોક - ૨૭૨

(૫) ઉપમિતિ ભવપ્રપંચા : શ્લોક - ૮૦ + ૨૫

(૬) અધ્યાત્મસાર - યોગશાસ્ત્ર : પ્ર. ૧૨, શ્લોક - ૧૦૦

(૭) બાર ભાવના અને ચાર ભાવના : શ્લોક - ૧૦૦

(૮) ધર્મમંગળનો મહિમા : ૧૪૦ + ૬૦

કુલ સ્વાધ્યાય - ૧૫૦૦ : જાપની સંખ્યા

(૧) વર્ધમાન વિદ્યા - ૧૨

(૨) ઉવસગ્ગહરં, નમુત્થુણં - ચતુઃશરણ - 3

(3) છુટી માળા = 30 = ૪૫

(૪) નવકાર - ૧૮૦ = ૨૨૫

o પૂજા કાયા વડે, સ્તોત્ર વચન વડે, જાપ મન વડે, ધ્યાન બુદ્ધિ વડે અને લય ચિત્ત અને અહંકાર વડે થતો હોવાથી ઉત્તરોત્તર અધિક ફળદાયી હોય છે.

## અનાહત શું છે?

(૧) આ સિદ્ધચક્રનું બીજ 'અર્હં', તેની સાથે 'અનાહત'.
એ 'સમ્યગ્દર્શન' અને 'ચિત્ત' સમાધિનું બીજ છે.

(૨) સપ્તવર્ગની સાથે તે અનાહત
સમ્યગ્જ્ઞાન અને શ્રુતસમાધિનું બીજ છે.

(૩) ૪૮ લબ્ધિપદોના મધ્યમાં આઠ અનાહતોનું આલેખન
સમ્યક્ચારિત્ર, શીલસમાધિ તથા તપસમાધિનું બીજ છે.

(૪) અર્હં, સપ્તવર્ગ કે ૪૮ લબ્ધિઓ એ
અનાહતનું મૂળ પણ છે અને ફૂલ પણ છે.
સંપૂર્ણ સાધના અનાહત દ્વારા જ ફળે છે.

(૫) અનાહત શુદ્ધ ધ્વનિ, સમતા અથવા સમાધિરૂપ છે.

(૬) ધ્યાન દ્વારા થતી ઉત્તરોત્તર વિશુદ્ધિ
અક્ષર કે શબ્દ દ્વારા કહી શકાતી નથી,
કિન્તુ અનાહત દ્વારા આલેખી શકાય છે.

(૭) Anahata is a symbol of pure soul and its meditative state.

(૮) 'અનાહત'નું ઉચ્ચારણ અને આલેખન એ
અનક્ષર શ્રુતનો જ એક પ્રકાર છે.
તેનું સ્મરણ, ચિન્તન અને ધ્યાન
એ આભ્યંતર તપનો જ એક પ્રકાર છે.

## નવકારનો ભાવનમસ્કાર

(૧) भावनमस्कारः तत्त्वत्रिकं-देव-गुरुधर्मविषयं । सम्यक्त्वं वा । અર્થાત્: ભાવનમસ્કાર, તત્ત્વત્રિક એટલે દેવ-ગુરુ-ધર્મવિષયક છે અથવા તો સમ્યક્ત્વ છે.

(૨) ધર્મ પ્રત્યે ભક્તિ જગાવે માટે મૂળભૂત પ્રવૃત્તિ એ વંદના અથવા નમસ્કાર છે. તેના વડે ઉત્પન્ન થતો ભાવોલ્લાસ આત્મભૂમિમાં ધર્મબીજનું વપન કરે છે.

(3) ભાવનમસ્કારનું વિવરણ:

(I) ભવભ્રમણનો ભય. (II) આરાધ્ય પ્રત્યે બહુમાન.

(III) નમસ્કારની ક્રિયામાં સતત ઉપયોગ.

(IV) નમસ્કાર કરવાનો અવસર મળ્યો તેનો હર્ષ.

(V) જાપ કરતી વખતે, ઉચ્ચારણ વખતે અર્થની વિચારણા.

(VI) આ સમગ્ર વિચારણાના ભાવપૂર્વક જે નમસ્કારની ક્રિયા કરાય, તે ભાવનમસ્કાર છે.

(૪) દ્રવ્યસંકોચ એટલે...

હાથ, પગ, મસ્તકાદિ અવયવોનો સંકોચ, નમાવવાની ક્રિયા.

ભાવસંકોચ એટલે મનનું પ્રણિધાન.

(૫) દ્રવ્ય-ભાવ ઉભય સંકોચની આવશ્યકતા:

શિર-મસ્તકાદિ નમાવવાને અને અંતરંગ પરિણામમાં શુદ્ધભાવ ધારણ કરીને જે નમસ્કાર થાય, તે યથાર્થ છે.

(૬) દ્વાદશાંગી અર્થથી શાશ્વત છે, શબ્દથી નહિ,
નમસ્કાર શબ્દ-અર્થ ઉભયથી શાશ્વત છે.

(I) નવકારનું શ્રવણ કરીને મરનાર જીવોને અર્થજ્ઞાન
ન હોવા છતાં જાતિસ્મરણ આદિનું કારણ બને છે,
માટે શબ્દથી નવકાર તેનો તે જ છે.

(II) નમનીય પદો જાતિવાચક છે. જાતિમાં દેશ-કાળ
કે વ્યક્તિવિશેષની મર્યાદા નથી, માટે અર્થથી શાશ્વત છે.

(III) નવકારના આરાધકો અનાદિથી હોય,
માટે પણ નવકાર અનાદિ છે.

(IV) પ્રત્યેક તીર્થંકરના શાસનમાં પાંચે પદો અને
તેમની આરાધના હોય છે, માટે નવકાર શાશ્વત છે.

(V) બાળ ભવમાં નવકારના શબ્દોના શ્રવણથી જાતિ-
સ્મરણ જ્ઞાનના પ્રસંગો બને છે, તે શબ્દથી નિત્યતા જણાવે છે.

(૭) જેણે પુણ્ય-પાપની વિશિષ્ટતા જ્યાં સુધી જાણી નથી,
ત્યાં સુધી તે પંચ મંગળ માટે એકાંતે અયોગ્ય છે. એવા
બાળજીવને સમગ્ર પંચ મંગળ કે તેનો એક પણ આલાપક
આપવો ન જોઈએ. અસંખ્ય જન્મમાં ઉપાર્જન કરેલાં
અશુભ કર્મોનો સમૂહ, તેને બાળનાર આ નવકાર છે.
તેને મેળવીને પણ બાળજીવ સારી રીતે
તેની આરાધના કરતો નથી અને ઉલટી તેની લઘુતા કરે છે.

(૮) બાળજીવને પ્રથમ ધર્મકથા વડે પ્રીતિ ઉપજાવવી,
પછી 'ધર્મમાં પ્રેમ, દૃઢતા, ભક્તિ વગેરેથી યુક્ત થયેલો છે'
એમ જાણીને જેટલું પચ્ચક્ખાણ પાળવાને
શક્તિમાન હોય, તેટલું કરાવવું જોઈએ.

(૯) જેને આપણે વાણી કે વાક્ કહીએ છીએ,
તે એક પ્રકારનું તેજ છે, અગ્નિ છે.

યા ઇદમ્વાક્ સોऽયમ્ अग्निः। પ્રત્યેક શબ્દ સ્ફુલિંગ છે,
તે જ શક્તિનો એક કણ છે. મનનો દેવ સોમ છે,
શબ્દનો દેવ અગ્નિ છે, પ્રાણનો દેવ ભૈરવ છે.

૦ પ્રભુના અસ્તિત્વનો નિર્ણેતા, ગુરુની ગુરુતાનો વિજ્ઞાતા
અને સત્ય-અસત્ય વચ્ચે રહેલા ભેદનો નિશ્ચેતા જે છે,
તે આત્મા અપેક્ષાએ દેવનો પણ દેવ,
ગુરુનો પણ ગુરુ અને સત્યનું પણ સત્ય તત્ત્વ છે.

૦ આત્મદૃષ્ટિએ બધા જીવ સરખા છે. પરમાત્મદૃષ્ટિએ
બધા જીવો મહાન છે. વ્યવહાર દૃષ્ટિએ પોતે સર્વથી
પશ્ચાત છે. કર્મકૃત સર્વ ભાવો ભેદ છે, તેથી અનુક્રમે
ક્રોધ, માન, માયા કે લોભને અંશે પણ અવકાશ રહેતો નથી.

બાહ્ય વસ્તુનો લોભ એ જ સ્વસ્વરૂપને
આવરણ ઊભું કરે છે, એ વિચાર લોભને જીતાવે છે.

## ઈશ્વરનો અનુગ્રહ

(૧) ઈશ્વરઃ - ઈશનશીલઃ - 'અભિધ્યાનમાત્રાત્ |'
અભિ = અભિમત, જેનું ધ્યાન અર્થાત્ સંકલ્પમાત્રથી
ભક્તનું અભિમત અર્થાત્ ઇષ્ટ તે સદા ધ્યાનમાત્રથી,
સંકલ્પમાત્રથી ઈશ્વર અનુગ્રહ કરે છે.
ઈશ્વરના તેવા અભિધ્યાન માત્રથી ભક્તને સમાધિનો
લાભ થાય છે. સમાધિરૂપી ફૂલ સૌથી નિકટ આવે છે
અર્થાત્ શીઘ્રતમ સમાધિલાભ થાય છે.

(2) ઉપાસના વખતે વ્યક્તિ ઉપાસ્યનું છે.
સાધના વખતે વ્યક્તિ સાધકનું છે.
ભક્તિ ઉપાસ્યનિષ્ઠ છે, શ્રદ્ધા આત્મનિષ્ઠ છે.
ઉપાસ્યની મુખ્યતામાં ભક્તિ વિકસે છે.
પરિણામને મુખ્ય બનાવવાથી શ્રદ્ધા વિકસે છે. ઉપાદાન-
નિમિત્તનો સુમેળ એટલે જ શ્રદ્ધા - ભક્તિનો સુમેળ.
શ્રદ્ધા પોતે મૂકવાની છે, ભક્તિ નિમિત્તે જગાડવાની છે.
ફૂલ આપવાની શક્તિ નિમિત્તમાં છે.
ફૂલ ભોગવવાની તાલાવેલી શ્રદ્ધામાં છે.

(3) Faith is Subjective and devotion is always objective.

(૪) આપ્તસ્વરૂપમાં પ્રત્યક્ષરૂપે વિશ્વાસ તે શ્રદ્ધાનું લક્ષણ છે.

'શ્રદ્ધાં વા લભતે જ્ઞાનમ્ ।'

શ્રદ્ધાથી મંત્ર, દેવ, ગુરુ તથા શાસ્ત્ર ફળીભૂત થાય છે.

શ્રદ્ધા ઈશ્વર કૃપાને ખેંચવા માટે ચુંબકનું કામ કરે છે.

શ્રદ્ધામાં વિવાદ, વિચાર કે તર્ક નથી.

શ્રદ્ધા દુર્બળને બળવાન બનાવે છે.

શ્રદ્ધા વિનાનું જીવન શુષ્ક અને નિરાધાર છે.

અશ્રદ્ધા ભવસાગરમાં ડુબાડે છે,

તેથી મૃત્યુસ્વરૂપ છે. શ્રદ્ધા અમૃત છે.

(૫) ઉપાસનામાં ઉપયુક્ત તત્ત્વ 'એકમેવાદ્વિતીયં' છે.

એક, આનંદમય, ચૈતન્ય, બ્રહ્મતત્ત્વ સર્વત્ર વ્યાપ્ત છે.

વિશ્વમાં વિભિન્નરૂપથી એક પરબ્રહ્મ જ અવસ્થિત છે,

સંપૂર્ણ જગતમાં હરરૂપે તે વ્યાપ્ત છે.

'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ ।'

(૬) નિસર્ગના મહાશાસનમાં

'ઝૂકવા' જેવી કોઈ વસ્તુ છે જ નહિ,

માત્ર 'ઝૂઝવા' જેવી વસ્તુ છે.

જે પોતે ઝૂકવા માંગે છે, તેને નિસર્ગ ઢુંઢીને ફેંકી દે છે.

જે ઝૂઝવા માંગે છે, તેને

નિસર્ગનાં તમામ બળો સહાયભૂત થાય છે.

'અહં'નો નાશ તે જ 'અર્હં'ની ઉપાસના છે.
વિનીત 'હું' આજે મસ્તક ઉપર છે,
તેને સૌથી નીચે લાવવાની ક્રિયા નમસ્કાર છે.
સૌથી ઉંચે પહોંચવાની લ્હાયઈ છોડીને, સૌથી
નીચે રહેવાનો આનંદ નમસ્કાર દ્વારા લઈ શકાય છે.
(૭) મંત્રના શબ્દોમાં પ્રભુનો વિનિયોગ થતાં
મન અને બુદ્ધિનું પ્રભુતત્ત્વમાં રૂપાંતર થાય છે.
શ્વાસ - પ્રશ્વાસ મનની જ ક્રિયારૂપ બની જતાં
મનનાં સંકલ્પ - વિકલ્પો શાંત થાય છે તથા
મન, મંત્ર અને પ્રભુ ત્રણેની એકતાનો અનુભવ થાય છે.
આહત પ્રભુ અને આહત ધ્વનિ
અનાહત પ્રભુ અને અનાહત ધ્વનિમાં લીન થતાં
આત્મશક્તિ આવિર્ભૂત થાય છે અને તેમ થતાં
મંત્રદેવતા અને મંત્રસાધક વચ્ચે ભેદનો છેદ થાય છે.
તાત્ત્વિક મંત્રદેવતા આત્મગત પરા - પશ્યંતી છે
અને તે શક્તિ જ સાધકના યોગક્ષેમ કરે છે.
(૮) મરણપડિયારભૂયા એસા એવં ચ ણ મરણનિમિત્તા,
જહ ગંડચ્છેઅકિરિયા ણો આયવિરાહણારૂપા |
અર્થાત્ : સમાધિ મરણની ક્રિયા મરણ માટે નહિ
પણ મરણના પ્રતિકાર માટે છે.

ગુમડાને નસ્તર લગાવવાની ક્રિયા
આત્મવિરાધના માટે નહિ પણ આત્મઆરોગ્ય માટે છે.
(૯) મૈત્રી આદિ ભાવો ધર્મધ્યાન સ્વરૂપ છે.
ધર્મ એટલે સ્વભાવ, તેનું ધ્યાન એટલે વિચાર.
જીવોનો સ્વભાવ જાતિગત એક અને ગુણગત એક છે.
તેથી તેનું ધ્યાન એ ધર્મધ્યાન છે.
જાતિગત એકતાના ભાવનું સંરક્ષણ
મૈત્રી આદિ ભાવોથી થાય છે, તેથી તે ધર્મધ્યાનરૂપ છે.
(૧૦) પ્રત્યેક ધર્મક્રિયાનો કોઈ દેશક અને પ્રેરક હોય છે.
પ્રત્યેક ધર્મક્રિયાનું કોઈ પ્રયોજન હોય છે,
પ્રત્યેક ધર્મક્રિયા કોઈને કોઈ સદ્‌આચારરૂપ હોય છે.
પ્રત્યેક ધર્મક્રિયાની પાછળ
કોઈને કોઈ શ્રુતજ્ઞાનનું બળ - ટેકો હોય છે.
પ્રત્યેક ધર્મક્રિયા ભાવને સહાયરૂપ યા શુદ્ધરૂપ હોય છે.
પ્રેરક અરિહંત, પ્રયોજન અવિનાશિતા,
સદાચાર પંચાચારરૂપ, શ્રુત પાંચ પ્રકારના
સ્વાધ્યાયરૂપ અને સહાય ભાવને શુદ્ધરૂપ.
એ રીતે પ્રત્યેક ધર્મક્રિયાની પાછળ પંચ પરમેષ્ઠિનું તત્ત્વ
પાંચ સમવાયની જેમ જોડાયેલું જ હોય છે.

પ્રત્યેક ધર્મક્રિયામાં આવતાં કર્મને રોકવાની,
જૂનાં કર્મને ખપાવવાની તથા જરૂરી શુભાસ્રવોને કરવાની
જે શક્તિ રહેલી છે, તેમાં મૂળ કારણ પંચપરમેષ્ઠિના
છુપાયેલાં ગુણ - કર્મો ધર્મક્રિયા માત્રમાં રહેલાં છે.

(૧૧) ધર્મનું મૂળ અરિહંત છે, ફળ સિદ્ધ છે,
સ્વરૂપ રત્નત્રય છે: આચાર - વિનય - સહાયપણું છે.
આચાર્યના પાંચ આચાર, ઉપાધ્યાયના પાંચ પ્રકારના
સ્વાધ્યાય અને સાધુના પાંચ પ્રકારના મહાવ્રત
એ ધર્મનું સ્વરૂપ અથવા મોક્ષનો માર્ગ છે.
તેના દર્શક અરિહંત છે, પ્રાપક સિદ્ધ છે તથા
સાધક સાધુ - ઉપાધ્યાય - આચાર્ય છે.

(૧૨) બીજાને પ્રેમ આપવાથી ક્રોધ જીતાય છે,
બીજાને માન આપવાથી માન જીતાય છે,
બીજાને મોટા અને પોતાને નાના માનવાથી માયા જીતાય,
પોતાના આત્માને પૂર્ણ દૃષ્ટિએ જોવાથી લોભ જીતાય છે.

(૧૩) આ વિશ્વ બોધ મેળવવાની સનાતન પાઠશાળા છે,
તે એક જાગતા ગુરુની ગરજ સારે છે.
દુનિયાને ગુરુતુલ્ય માની પોતે શિષ્યરૂપે રહેવાથી
વિનયગુણ તેની પરાકાષ્ઠાએ પહોંચે છે અને
અભિમાનની વૃત્તિનું સમૂળ ઉન્મૂલન થાય છે.

(૯૪) પરમેષ્ઠિ પાંચ જ કેમ?

અરિહંત મૂળ છે, સિદ્ધ ફળ છે, આચાર્ય પુષ્પ છે,
ઉપાધ્યાય પત્ર છે, સાધુ સ્કંધ - શાખા - પ્રશાખા છે.
ધર્મક્રિયામાત્રના મૂળમાં પ્રથમ પ્રેરક તરીકે અરિહંતો છે.
અરિહંતકથિત ધર્મનું વિધિયુક્ત આચરણ સિદ્ધ ફળને દેનારું છે,
વળી ધર્મક્રિયામાત્રનું સ્વરૂપ શુભાસ્રવ,
સંવર અને નિર્જરામય છે અને તે ત્રણે રત્નત્રયાત્મક છે.
આચાર્યોનો આચાર એ સમ્યક્ચારિત્રમય,
ઉપાધ્યાયોનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાનમય અને
સાધુઓની સહાય એ સમ્યગ્દર્શનમય છે.
આમ પંચપરમેષ્ઠિનું તત્ત્વ ધર્મ ક્રિયાઓમાં ગુંથાયેલું છે.
ધ્યેય = અરિહંત - સિદ્ધ,
ધ્યાતા = આચાર્ય - ઉપાધ્યાય - સાધુ,
સ્વરૂપ = દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, ફળ = અરિહંત - સિદ્ધ.

(૯૫) જીવિયં નાભિકંખેજ્જા મરણં નાભિપત્થએ ।
અર્થાત્: ન તો જીવનની અભિલાષા છે અને
ન તો મરણ માટે પ્રાર્થના કરે છે.
અપ્પા ખલુ સંથારો હવઇ વિસુદ્ધ ચારિત્તમ્મિ । અર્થાત્:
ચારિત્રમાં સ્થિત વિશુદ્ધ આત્મા એ જ સંથારો છે.

## ધ્યાન સંપ્રદાય

(૧) બાહ્યવિષયોની આસક્તિથી વિમુક્ત થવું તે ધ્યાન છે અને આંતરિક શાંતિ પ્રાપ્ત કરવી તે સમાધિ છે.

(૨) 'न क्वचित् प્रतिष्ठितं चित्तमुत्पादयितव्यम् ।'

કોઈપણ પદાર્થ ઉપર આસક્તિ ધારણ કરવી નહિ.

(૩) ગરીબીને એક આધ્યાત્મિક ખજાનો માનો.

(૪) અંજનમાં નિરંજન જુઓ.

બંનેના અભેદને દૃષ્ટિની સન્મુખ રાખો.

(૫) નામરૂપ સમાધિનું પરમ આલંબન છે.

'नमः अमितबुद्धाय ।' એ ઝેનનો મંત્ર છે.

(૬) ધ્યાન સંપ્રદાય = બુદ્ધનું ચિત્ત અને તથાગતનું હૃદય.

બૌદ્ધ ધર્મનો સાર

મનની ઓળખાણ કરી બુદ્ધત્વને પામવું તે છે.

(૭) 'प्रत्यात्मवेदनीयो धर्मः ।'

ધર્મનો અનુભવ પ્રત્યેક શરીરમાં થવો જોઈએ.

ધ્યાનીનું હૃદય એ જ બુદ્ધનું હૃદય છે.

ધ્યાનસાધના એ સંપૂર્ણ અંતર્મુખી અને અશબ્દ છે.

(૮) બુદ્ધની બાહ્યકાય નહિ પણ ધર્મકાય પ્રશંસનીય છે.

ધર્મકાય એટલે ધ્યાનકાય.

વિદ્વત્તા કરતાં અનુભવનું મૂલ્ય અધિક છે.
પહેલાં પોતાના મનને ને સ્વભાવને જાણવો જોઈએ,
પછી બધાં શાસ્ત્રોનું રહસ્ય સમજાઈ જશે,
બધાં ગ્રન્થોની સંગતિ લાગી જશે.
(૯) કોઈપણ અવસ્થામાં ચિત્ત એકાગ્ર થવું જોઈએ, કેમકે
સત્યનો સાક્ષાત્કાર ચિત્તને કરવો છે.
એ કારણે કાયવિશુદ્ધિ અને ચિત્તવિશુદ્ધિ ઉપર ભાર છે.
ધ્યાન એ કોઈ ચિન્તન, અન્તર્મુખતા અથવા
આલસ્યનો પર્યાય ન બની જાય તે ખાતર
'પ્રજ્ઞા' શબ્દનો પણ ઉપયોગ કર્યો છે.
ધ્યાન અને પ્રજ્ઞા અન્યોન્યાશ્રિત છે.
દીપક પ્રકાશનો સાર છે અને પ્રકાશ દીપકની ક્રિયા છે,
સમાધિ એ દીપક અને પ્રજ્ઞા એ પ્રકાશ.
સમાધિ અને ધ્યાન એકાર્થક છે.
(૧૦) ઉપદેશ અને શબ્દોને શોધવાને બદલે
બુદ્ધના મન-હૃદયને શોધવું એ ધ્યાન સંપ્રદાયનો ઉદ્દેશ છે.
બુદ્ધના મુખ તરફ જોવાને બદલે
બુદ્ધના હૃદય-ચિત્તની સાથે તાદાત્મ્ય સાધવાનો પ્રયાસ છે,
તેથી તેને અશબ્દ સિદ્ધાંત પણ કહે છે.

જ્ઞાન સંપ્રદાય બુદ્ધના મૌખિક પુત્ર છે,
ધ્યાન સંપ્રદાય ઔરસ પુત્ર છે.
એક ભેદ છે, બીજો અભેદ છે.
ભેદમાર્ગ અંતે અભેદમાં સમાઈ જાય છે.
(૧૧) આત્મચિન્તન અને આત્માનુભૂતિને
પ્રશ્ન અને મહાપ્રશ્ન તરીકે ઓળખાવે છે.
ધ્યાનયોગ દ્વારા કેવળ સત્તાત્મક અદ્વૈત નહિ, કિન્તુ
સ્વભાવાદ્વૈત, માર્ગાદ્વૈતનો સ્વીકાર કરવામાં આવ્યો છે.
'અજાતવાદ' પણ તેનો ફલિતાર્થ છે.
બૌદ્ધોનો શૂન્યતાવાદ સત્ય છે, અભાવાત્મક નહિ.
શૂન્યતાનો અર્થ સત્ - અસત્થી અતીત.
અસત્ ઉચ્છેદવાદ છે, સત્ શાશ્વતવાદ છે.
એક જળમાં ડુબાડે છે, બીજો આગમાં બાળે છે.
ધ્યાની જે અંતિમ ચિત્ત અવસ્થામાં પહોંચે છે,
ત્યાં શૂન્યાશૂન્ય ઉભયનો વિચાર વિલોપ પામે છે.
(૧૨) જગ અને અજાત એકાર્થક છે.
ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું મૂળ અજાત છે.
તે નિષેધાત્મક રૂપથી 'શૂન્યતા' છે અને
સ્વીકારાત્મક રૂપથી 'તથાભૂતતા' છે.

'પ્રજ્ઞા' અને 'પ્રભાત' બંને નિરપેક્ષ સત્ય અને
પરમ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનગમ્ય છે.
એ જ બુદ્ધની ધર્મકાય છે.
'ચલમાં અચલને નિરખો.'

'રામ નિરંજન ન્યારા, અંજન સકલ પસારા'. જલમાં ચંદ્રમા અંદર - બહાર બન્ને સ્થળે છે, તેમ બુદ્ધ સર્વત્ર છે.

(૧૩) તાઓ = Tao = પરમ સત્ય.

સહજ સહજ સબ કોઈ કહે, સહજ ન ચિન્હે કોઈ,
જિન્હે સહજે વિષયા તજી, સહજ કહી જૈ સોઈ. ...(૧)

મોક્ષ-સંસાર, બોધિ-ક્લેશ, બુદ્ધ-અજ્ઞાન, તત્ત્વતઃ સમાન છે.

(૧૪) 'મનનો સાર, મન મનમાં સમાના' એ પરમ સત્ય છે.
વ્યક્તિગત સાપેક્ષ મન જ્યારે સમષ્ટિગત
નિરપેક્ષ મનમાં સમાઈ જાય, ત્યારે પરમ સત્ય પ્રકટે છે.
ધ્યાન સંપ્રદાયમાં 'સ્વસંવેદ્ય જ્ઞાન' ઉપર જ ભાર છે.
તે જ તેનું સર્વસ્વ છે.
'સ્વાનુભૂત સત્ય' એ તેનો પ્રાણ છે.
'આંખો કી દેખી' યા 'પરચા યા પરિચૈ' એનાં જ નામાંતર છે.
પહેલાં પરિચય સ્વાનુભવ કરવો જોઈએ,
પછી ગ્રન્થો સરખાવવા જોઈએ, તો અર્થ મળી જશે.
'સાખી કહૈ કબીર.' સાખી = સાક્ષી અથવા સાક્ષાત્કાર.

(૨૫) તદ્વિજ્ઞાનાર્થં ગુરુમેવાભિગચ્છેત્ ।

શાસ્ત્રયોનિત્વાત્ । અર્થાત્:

તેને જાણવા માટે ગુરુની પાસે જવું, કારણકે
ગુરુ એ શાસ્ત્રયોનિ અર્થાત્ શાસ્ત્રને જાણનાર છે.

'ધ્યાન ઉપરાંત ગ્રંથ નાંહી' અર્થાત્:

આત્મસાધના સારુ ધ્યાનથી ચઢીયાતો કોઈ ગ્રન્થ નથી.
'આપુ વિચારૈ સો જ્ઞાની હોઈ ।' 'આત્મશરણ - આત્મદીપ:'

બૌદ્ધિકતા અને શબ્દપરતા જેટલા અધિક,
તેટલા સત્યથી દૂર લઈ જવાની પ્રક્રિયા વધારે.

(૨૬) પરિચ્છિન્ન અને શાંત મનને
અપરિચ્છિન્ન અને અનંત બનાવવાની પ્રક્રિયા અથવા
મર્યાદિત મનને અમર્યાદિત બનાવવાની પ્રક્રિયા
મન ઊલટાવવાની - ઉન્મની પ્રગટાવવાની પ્રક્રિયા = ધ્યાન.

(૨૭) ધર્મ, સત્ય, શૂન્ય, નિરંજન, પરમાર્થ - એકાર્થ છે.
ધ્યાન સંપ્રદાયને ધર્મ સંપ્રદાય પણ કહે છે.
શૂન્યપુરાણ તથા ધર્મગીતા નામના ગ્રન્થો પણ મળે છે.
'ૐ શૂન્ય બ્રહ્મણે નમઃ।' એ મંત્ર છે.
શૂન્ય, મહાશૂન્ય, બ્રહ્મ - સમાનાર્થવાચી છે.
વસ્તુની અનુભૂતિ એની દાર્શનિક વ્યાખ્યાથી મોટી વસ્તુ છે,

ધ્યાન સંપ્રદાય મનુષ્યને એ જ તત્ત્વ શીખવે છે.
વસ્તુ નિઃસ્વભાવ અને અવ્યપદેશ્ય છે.

(૧૮) બૌદ્ધિક વિશ્લેષણ ઉપર ભાર ન આપતાં
અપરોક્ષાનુભૂતિ ઉપર ભાર આપવો જોઈએ
અને તેને પ્રાપ્ત કરવા જોઈએ.

રજમાત્ર પણ નામસાધના કરોડો દુષ્કર્મને એક પલભરમાં નષ્ટ કરે છે. હરિના શરણમાં આવવાથી કરોડો દુષ્કર્મ એક પલભરમાં નષ્ટ થાય છે. અપરોક્ષાનુભૂતિનું એ મહત્ત્વ છે.

(૧૯)'ગન્ધર્વનગરાકારા મરીચિ સ્વપ્નસમ્ભવાઃ ।' શ્રુતિઃ
ગંધર્વનગરના આકારવાળા તરંગો સ્વપ્નમાંથી જન્મનારા છે.
જો તું પોતાની અંદર વિચારે તો ગુહ્યતા તારી અંદર જ છે.
હું તને જે બતાવી શકું છું, તે ગુહ્ય નથી.
વસ્તુનો અભિનિવેશ છોડી પોતાની
અંદર વિદ્યમાન રહસ્યોનું પણ રહસ્ય જોવાની
પ્રેરણા એ ધ્યાન સંપ્રદાયનું રહસ્ય છે.

(૨૦) સાધનાના માર્ગોમાં અંતર છે પણ બધાનું
આંતરલક્ષ્ય એક જ છે અને તે નિર્વાણપદની પ્રાપ્તિ.
અદ્વૈત એ ભારતીય દર્શનોનું ચરમ નિષ્કર્ષ છે.
વેદાંતમાં બ્રહ્માદ્વૈતરૂપે અને બૌદ્ધોમાં શૂન્યાદ્વૈતરૂપે
તે પ્રકટ થયું છે.

શૂન્યમાં સ્નાન કરીને સર્વ તાપ મિટાવી શકાય છે.
યોગી માટે શૂન્યમાં નિવાસ સર્વોત્કૃષ્ટ નિવાસ છે.

લોક અને વેદની બહાર

ગગનમંડળમાં નિવાસ એ યોગી કે ધ્યાનીનું લક્ષણ છે.
બૌદ્ધોનું શૂન્ય નિરાલંબ અને અપ્રતિષ્ઠ છે,
અલખ અને નિરંજન છે.
કબીરના 'રામ' પણ પાતાળલોક અને
સ્વર્ગલોકના વાસી નહિ પણ શૂન્યમંડળ નિવાસી છે.
બૌદ્ધોએ શૂન્યતાની સાથે કરુણાને એક કરી દીધા છે.
શૂન્યતાની સાથે દાસ્યભાવ, વાત્સલ્યભાવ તથા
સખ્યભાવનું જોડાણ વૈષ્ણવ સાધનાએ પણ કર્યું છે.

(૨૧)ભવ તાપસ્વરૂપ છે, નિર્વાણ શીતળતાસ્વરૂપ છે.
શૂન્યનો સાધક, અજપાનો જપી,
અનાહતનાદને સાંભળવાવાળો યોગી – એ બધાને ભય છે,
પરન્તુ નામસનેહી નિર્ભય છે, એમ કબીરનું કથન છે.
'સુન્ન મરૈ, અજપા મરૈ, અનહદ હૂ મરિ જાઈ,
નામસનેહી ના મરૈ કહત કબીર સમુજાઈ. ...(૧)

(૨૨) જ્ઞાનમાર્ગમાં વિવેક અને વિરતિ મુખ્ય છે,
ભક્તિમાર્ગમાં વિરહ અને મિલન મુખ્ય છે.

ભાવમાર્ગનું સ્વરૂપ લક્ષ્યને છોડીને ભીતરમાં જવું,
શૂન્યમાં સમાધિ લગાવવા અને વેદાંતની
તુરીયાવસ્થાથી પણ આગળ નીકળી જવું તે છે.
વિરતિ એ રતિથી વિરુદ્ધ ભાવ છે.
ધ્યાનીઓ માટે મનનો સાર તે જ ભગવાન છે.
ભક્તિ એ આ દુર્લભ યોગની સહાયક છે. ધ્યાનયોગીને માટે મન એ જ બુદ્ધ-રામ-નિર્ગુણ અને સગુણ છે. તેઓ માટે અજાત, નિરંજન કે શૂન્ય પણ મન જ છે. પોતાના આ નૂતન મનનો, બુદ્ધ સ્વભાવનો સાક્ષાત્કાર કરવો જોઈએ. મનરૂપી દર્પણના મેલને સ્વચ્છ કરવાથી
નૂતન મનનું તેમાં પ્રતિબિંબ પડે છે.

(23) સુરતિ એટલે...

નિરતિ - સ્મરણની તન્મયતા - ઉપયોગની એકાગ્રતા.
ઉપયોગ = આત્મબોધ, એકાગ્રતા = સજાતીય બોધધારા.
તેને જ સુરતિ-નિરતિ શબ્દથી સંબોધવામાં આવે છે.

(24) 'નં મ્યો હો રેન્ગે ક્યો'

એ મંત્રના સ્પંદનો નવકારનાં પ્રથમપદને મળતા આવે છે.

o

Namyo - Horen - Gekyo અથવા
NAM MYOHO RENGE KYO

## ૭ વિચારોનું બોધબિંદુ

(૧) મંદિર નિર્માણ અને મૂર્તિપૂજા વગેરેમાં ઉદ્દેશ-શુદ્ધિ અને ઉપાયશુદ્ધિ રહેવાથી એ કાર્ય પ્રશસ્ત બને છે. સ્વરૂપથી દોષ લાગ્યા છતાં હેતુ નિર્દોષ તથા ફલ શુદ્ધ છે.

(૨) ઇતિહાસ એ સાહિત્યના ઉપર
એક પ્રકારનું પ્રવચન તથા વ્યક્તિગત અને
સામૂહિકરૂપમાં કર્મફલનો નિર્ભય ઉપદેષ્ટા છે.
એ દૃષ્ટિએ ઇતિહાસ પણ સાધનામાં સહાયક બને છે.

(૩) માનવને જીવનમાં રસ જોઈતો,
એને તો જે પોતામાં છે, એવા પરમાત્મામાં જ રસ હતો.
જ્યાં તન્મયતા હોય છે, ત્યાં ઝેર ઝેર રહેતું નથી,
એ અમૃત બની જાય છે.

(૪) આપણા જીવનથી સાધના સંબંધી
સ્નેહલગ્ન, મૈત્રીલગ્ન, સ્વેચ્છાલગ્ન, સત્કારલગ્ન હોય એ અત્યંત આવશ્યક છે. સ્વરૂપતાની ચાવી જીવનથી સાધના આપણા આવા સ્નેહલ સંબંધોમાં રહેલી છે.

(૫) જે મનુષ્ય ઇચ્છા કરીને મેળવવા માટે પ્રવૃત્તિ કરે,
તેનું નામ પુરુષાર્થ.
પ્રારબ્ધ અને પુરુષાર્થ એક જ વસ્તુના બે છેડા.

એક જ વસ્તુના સમયભેદે માત્ર અલગ નામ છે.
આજનો પુરુષાર્થ ભવિષ્યનું પ્રારબ્ધ છે અને
આજનું પ્રારબ્ધ એ ભૂતકાળનો પુરુષાર્થ છે.

(૬) અંતરનો ગરુડ એટલે વિવેક.

વિવેક હોય તો જ નીર અને ક્ષીર જાળવા શકાય.
તનની શીલા નીર, તેમ જીવનની શીલા નીર અને ક્ષીર.

(૭) સુખ - દુઃખ, દિશા - કાળ, બધું સાપેક્ષ છે.
નિરપેક્ષ એક જ બધાનો સાક્ષી - અનુભવિતા આત્મા છે.
મારું સુખ બીજાનું દુઃખ છે, મારું દુઃખ બીજાનું સુખ છે,
મારું વર્તમાન સુખ આગામી દુઃખ છે અને
વર્તમાન દુઃખ આગામી સુખ પણ છે.
મારી દિશા બીજાનો પરદિશા છે,
મારી પરદિશા બીજાનો દિશા છે.
મારી કાળ બીજાનો અકાળ છે,
મારી અકાળ બીજાનો કાળ છે.
દિશા - કાળથી અને સુખ - દુઃખથી પર એવું જે તત્ત્વ છે,
તે જ ઉપાસ્ય છે, આરાધ્ય છે,
ધ્યેય, શ્રેય અને શ્રદ્ધેય છે.
કટોકટી એ સાચી કસોટીઓ રૂપ હોય છે.

## શ્રી નવકાર મંત્રનો છંદ

નવકાર થકી શ્રીપાળ નરેશ્વર, પામ્યો રાજ્ય પ્રસિદ્ધ,
સ્મશાન વિષે શિવનામ કુમરને, સોવન પુરિસો સિદ્ધ;
નવ લાખ જપતાં નરક નિવારે, પામે ભવનો પાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર. (૧)
બાંધી વડશાખા શિંકે બેસી, કીધો કુંડ હુતાશ,
તસ્કરને મંત્ર સમર્પ્યો શ્રાવકે, ઉડ્યો તે આકાશ;
વિધિ રીતે જપતાં અહિ વિષ ટાળે, ઢાળે અમૃતધાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર. (૨)

## પીઉડા જિનવરજીની સેવા

પીઉડા જિન વરજીની સેવા, મારી મોટે લાગી,
પ્યારી મોટે લાગી, સમકીત સરસ કીરણ રવિ ઉદયો,
જીવન ત્યાં નવા જાગે. ...(૧)
મિથ્યા તરુણા દૂર ઉલેચ્યા, ભક્તિ પડી છે ડાગે,
અંતર ટીપણું ખોલ ઉઘાડી, ઘન ઘડીયાળાં વાગે. ...(૨)
સમકીત સોહાગણ સખી ચતુરાને, સમજાવે મન રાગે,
તારી ભક્તિ મુક્તિને આપે, દુઃખ દોહગને કાપે. ...(૩)
રૂપવિજય કવિ અરજી રસાળો, મોહન અનુભવ માગે,
પીઉડા જિનવરજીની સેવા, મારી મોટે લાગી. ...(૪)

## મનાજી તું તો...

એસે જિનચરણે ચિત્ત લ્યાઉં રે મના,
એસે અરિહંત કે ગુન ગાઉં રે મના,
મનાજી તું તો પ્રભુચરણે ચિત્ત લાય,
તેરો અવસર વિત્યો જાય. મનાજી...(૧)

ઉદર ભરન કે કારણે રે ગૌઆ વનમેં જાય,
ચારો ચરે ચિહું દિશે ફિરે રે, વાકું ચિત્તડું વાછરૂઆ માંય.(૨)

ચાર પાંચ સાહેલી મળીને, હીલ મીલ પાણી જાય,
તાલી દીયે ખડખડ હસે રે, વાકું ચિત્તડું ગગરીયા માંય.(૩)

નટવો નાચે ચોકમાં રે, લખ આવે લખ જાય,
વંશ ચઢી નાટક કરે રે, વાકું ચિત્તડું દોરડીયા માંય.(૪)

સોની સોનાના ઘાટ ઘડે રે, વળી ઘડે રૂપાના ઘાટ,
ઘાટ ઘડે મન રીઝવે રે, વાકું ચિત્તડું સોનૈયા માંય.(૫)

જુગટીયા મન જુગટું રે, કામિનીને મન કામ,
આનંદઘન એમ વિનવે રે, એસો પ્રભુ કો ધર ધ્યાન.(૬)

o 'જિનવરને શુદ્ધાત્મમાં કિંચિત્ ભેદ ન જાણ,
એક જ કારણ મોક્ષનું ધ્યાઈ લ્યો નિરવાણ.
જિન જેવો નિજ આતમા નિશ્ચય ભેદ ન રંચ,
એ જ સાર સિદ્ધાંતનો છોડો સહુ પ્રપંચ.'

## સુમતિ સરૂપ પરમ પ્રભુ

મન તેં ક્યું જિનભક્તિ વિસારી ?

સુમતિ સરૂપ પરમ પ્રભુ વાહલા; સુધ સુધ ખોએ ગુમાવત. ...(૧)
ભૂલ્યો ચાર ગતિ મેં ભટકે; ઘર ઘર ભીખ ભિખારી;
ઉપશમ રસરસું કહું ન બુઝાવે; એ છાપી ચિનગારી. ...(૨)
ઇન્દ્ર - ચન્દ્ર - નાગેન્દ્ર - વિદ્યાધર, તાકું સેવા પ્યારી;
રૂપવિજયનો મોહન પલટ્યો; આપગત કી ગત ન્યારી. ...(૩)

મન તેં ક્યું જિનભક્તિ વિસારી ?

## શુભાભિલાષા

सर्वेस्तु बुद्धिसंपन्नाः, सर्वेस्तु गुणशालिनः ।
सर्वेस्तु धर्मनिरताः, सर्वे सन्तु हितोद्यताः ॥१॥
सर्वस्तरतु दुर्गाणि, सर्वो भद्राणि पश्यतु ।
सर्वः सर्वमवाप्नोतु सर्वः सर्वत्र नन्दतु ॥२॥
सर्वोऽपि ज्ञानमाप्नोतु सर्वोऽप्यज्ञानमन्नतु ।
सर्वस्तरतु संसारं सर्वः सर्वत्र नन्दतु ॥३॥
न त्वहं कामये राज्यं, न स्वर्गं नाऽपुनर्भवम् ।
कामये दुःखतप्तानां, प्राणिनामार्तिनाशनम् ॥४॥

ह्रीं ॐ ह्रैं अर्हं ह्रैं ह्रैं अर्हं ह्रैं ॐ ह्रीं

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૧)**
જીવો પ્રત્યે દયા, વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરૂભગવંતનું પૂજન અને વિશુદ્ધ શીલનું આચરણ તે પુણ્યાનુબંધી પુણ્ય છે. - ઉપમિતિ ચોથો પ્રસ્તાવ

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૪૧)**
આ પ્રમાણે બધા નયો જે સ્વપક્ષમાં આગ્રહવાળા છે, તે મિથ્યાદ્રષ્ટિ છે અને જે પરસ્પર સાપેક્ષતા સ્વીકારે છે, તે જ ખરેખર સમ્યક્ત્વ છે. - આવશ્યક નિર્યુક્તિ

જેટલા વચનના માર્ગો છે, તેટલા જ નયો અને શબ્દો છે તથા પરશાસ્ત્રો પણ તેટલા જ છે, તેથી જ તે બધાં ભેગા થઈને 'સમ્યક્ત્વ' કહેવાય છે. - ગાથા ૨૨૬૫

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૯૪)**
બ્રહ્મસ્વરૂપ પ્રસન્ન એવો જે આત્મા શોક કે ઈચ્છા નથી કરતો અને સર્વ જીવોને વિષે સમભાવવાન છે, તે મારી શ્રેષ્ઠ એવી ભક્તિને મેળવે છે. - ગીતા ૧૮, ૫૪

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૦૦)**
મને અનન્ય માનતા જે લોકો મારી પર્યુપાસના કરે છે, નિત્ય ભક્તિમાં જોડાયેલા એવા તેઓનું હું યોગક્ષેમ કરૂં છું.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૦૪)**
'ભક્તિ રાગાત્મક છે, માટે ત્યાજ્ય છે' એમ કોઈ કહેતું હોય તો બરાબર નથી. ઉત્તમ વ્યક્તિનો સંગ જેમ ત્યાજ્ય હોતો નથી, તેમ ભક્તિ પણ ઉત્તમ પ્રત્યે હોવાથી ત્યાજ્ય નથી.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૦૯)**
એકાંતમાં રહેનાર, અલ્પ ભોજન કરનાર અને હંમેશા ધ્યાનયોગમાં તત્પર રહેનાર આત્મા વૈરાગ્યને પ્રાપ્ત કરે છે.

જેમ ચારેબાજુ પાણી હોવા છતાં વ્યક્તિ પોતે પાણીનો ઉપયોગ થોડો જ કરી શકે છે, એમ સર્વ વેદના જ્ઞાતા બ્રાહ્મણને પોતાને ઉપયોગી વેદોનું જ્ઞાન તો મર્યાદિત જ હોય છે (અર્થાત્ જેમ એક સાથે બધું પાણી કામ ન આવે, તેમ એક સાથે બધું જ્ઞાન પણ કામ ન આવે).

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૧૧)**

સચ્ચિદાનંદના અપાર સાગરસ્વરૂપ પરબ્રહ્મમાં જેનું ચિત્ત લીન થઈ ગયું હોય, એવા વ્યક્તિ વડે કુળ પવિત્ર, માતા કૃતાર્થ અને પૃથ્વી પુણ્યશાળી કરાઈ છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૪૨)**

રસેન્દ્ર એવો સ્યાદ્વાદ સિદ્ધ થયે છતે મારૂં કલ્યાણ સિદ્ધ જ છે. હે સ્વામી! આનાથી વધુ અપર કે બીજા દર્શનો જાણવા માટે મને અપેક્ષા નથી.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૬૮)**

હે મિત્ર! તું કહે કે ધૈર્ય જેના પિતા, ક્ષમા જેની માતા, દીર્ઘકાલીન શાન્તિ જેની પત્ની, સત્ય જેનો પુત્ર, દયા જેની બેન, મનનો સંયમ એ જેનો ભાઈ, પૃથ્વીતલ એ જેની શય્યા, દિશાઓ જેના વસ્ત્ર તથા જ્ઞાનરૂપી અમૃત એ જેનું ભોજન છે, આવું જેનું કુટુંબ છે, એવા યોગીઓને કોનાથી ભય હોય?

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૭૯)**

અહીં સિદ્ધિઓમાં રહેલા વૈચિત્ર્ય કે વૈવિધ્ય પ્રત્યે કર્મનો ક્ષય, ક્ષયોપશમ વગેરે કારણ છે અને ઉપરોક્ત સિદ્ધિઓને વિશે સંયમમાં સત્પ્રવૃત્તિ તથા અસદ્માં નિવૃત્તિ દ્વારા કારણ છે.

આ ગ્રંથમાં પાતંજલ વિદ્વાનોએ પૂર્વે (૫ થી ૨૧ શ્લોક સુધી) બતાવેલી સિદ્ધિઓમાં જે વૈવિધ્ય છે, તેના પ્રત્યે કર્મનો ક્ષય-ક્ષયોપશમ વગેરે સાક્ષાત્ કારણ છે.

વિવિધ પ્રકારના જ્ઞાનની સિદ્ધિમાં તથાવિધ જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ વગેરે કારણ છે તથા વિશિષ્ટ શક્તિની સિદ્ધિ પ્રત્યે વીર્યાન્તરાય કર્મનો ક્ષય-ક્ષયોપશમ આદિ કારણ છે.

ઉપરોક્ત સિદ્ધિઓ પ્રત્યે સંયમ તો સત્પ્રવૃત્તિ અને અસદ્‌નિવૃત્તિના કારણે તથાવિધ જ્ઞાનાવરણ-વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમાદિ લાવવા દ્વારા જ કારણ બની શકે છે.

તે તે વિષયોનું જ્ઞાન મેળવવાના પ્રણિધાનરૂપ સંયમ કાંઈ ઉપરોક્ત સિદ્ધિઓનું કારણ બનતુ નથી, કારણકે પાતાંજલ સિદ્ધાંત મુજબ ત્રણ કાળના અનંત વિષયોનું જ્ઞાન ધારણા-ધ્યાન-સમાધિની એકાગ્રતાસ્વરૂપ સંયમથી સાધી શકાતું નથી. આનું પણ કારણ એ છે કે ત્રૈકાલિક-સર્વક્ષેત્રીય દરેકે દરેક વિષયો ઉપર ધારણા-ધ્યાન-સમાધિની એકાગ્રતારૂપ સંયમ અલ્પજીવી માણસ ક્યારેય પણ ન કરી શકે તથા અનંતકાળ સુધી કોઈ માણસ જીવી શકે નહીં.

હા, માત્ર શાસ્ત્રવિહિત અનુષ્ઠાનોને વિષે પ્રણિધાન કરવાસ્વરૂપ સંયમથી જ મોહનીય કર્મનો ક્ષય થવાથી અનન્ત વિષયોનું સ્પષ્ટ જ્ઞાન થઈ શકે છે. બાકી અંતઃકરણની એકાગ્રતા માટે જ જો અલગ-અલગ વિષયોનું આલંબન લેવામાં આવે તો તેમાં અમને કોઈ વાંધો નથી. ફક્ત છેવટે આત્માનું પ્રણિધાન આવે તો જ તમામ સંયમ સફળ બને. આત્માને જ્ઞાનનો વિષય બનાવ્યા વિના તો બધું જ ભાંગી પડે. આ બાબતમાં બહુશ્રુત પુરૂષોએ સ્વયં જ અધિક વિચારણા કરવી. - દ્વા. દ્વા. ૨૬, શ્લોક ૨૨

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૮૭)**

આપત્તિમાં મિત્રની, રણાંગણે શૂરવીરની, વિનય દર્શાવવા વેળાએ વંશની તથા નિર્ધન સ્થિતિમાં નારીની ખરી કસોટી થાય છે.




ઉપર દર્શાવેલ ૬ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૭ - ૧૯૬૮ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# ઈશ્વરના ષડ્ ઐશ્વર્ય




સત્ - સંધિની    સત્ત્વ - સત્ - જ્ઞાન
ચિત્ - સંવિત્    રજ - ચિત્ - ઇચ્છા
આનંદ - હ્લાદિની    તમ - આનંદ - કૃતિ

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in